# આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે થતો અપવ્યય અને સ્થગિતતા


અહેવાલ :
જસવંતસિંહ ના. રાઠોડ

સંકલન :
ડૉ. સિદ્ધરાજભાઈ સુ. સોલંકી



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ - ૩૮૦૦૧૪


334

# અનુક્રમણિકા


| પ્રકરણ નં. | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | પ્રાસ્તાવિક | ૧ થી ૮ |
| ૨ | પસંદ થયેલ પ્રાથમિક શાળા | ૯ થી ૧૪ |
| ૩ | અર્થવ્યવસ્થા | ૧૫ થી ૨૬ |
| ૪ | અપવ્યય અને સ્થગિતતા | ૨૭ થી ૪૪ |
| ૫ | શિક્ષકોના અભિપ્રાયો | ૪૫ થી ૬૦ |
| ૬ | તારણો અને સુઝાવો | ૬૧ થી ૭૨ |

## કોઠા સુચી

| કોઠા નં. | વિગત | [illegible] |
|---|---|---|
| ૧ | જાતિવાર શિક્ષણ દર્શાવતો કોઠો | |
| ૨ | અભ્યાસ માટે પસંદ થયેલ શાળાઓ શિક્ષકો અને કુટુંબપત્રકો દર્શાવતો કોઠો. | |
| ૩ | ચાલુ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતો કોઠો. | |
| ૪ | જાતિવાર બાળકોની સંખ્યા દર્શાવતો કોઠો. | |
| ૫ | મુખ્ય વ્યવસાય દર્શાવતો કોઠો | |
| ૬ | ગૌણ વ્યવસાય દર્શાવતો કોઠો | |
| ૭ | મકાનનો પ્રકાર અને છાજનો પ્રકાર દર્શાવતો કોઠો. | |
| ૮ | જમીન દર્શાવતો કોઠો | |
| ૯ | જમીનનું પ્રમાણ દર્શાવતો કોઠો. | |
| ૧૦ | ખેતીના સાધન દર્શાવતો કોઠો. | |
| ૧૧ | પશુધન દર્શાવતો કોઠો | |
| ૧૨ | વાર્ષિક આવક દર્શાવતો કોઠો | |
| ૧૩ | ઉંમર પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો | |
| ૧૪ | વૈવાહિક દરજ્જો દર્શાવતો કોઠો | |
| ૧૫ | કમાનાર નહીં કમાનાર દર્શાવતો કોઠો | |
| ૧૬ | અભ્યાસ દર્શાવતો કોઠો | |
| ૧૭ | શાળા છોડયાની વિગત દર્શાવતો કોઠો | |
| ૧૮ | શાળાનું અંતર દર્શાવતો કોઠો. | |
| ૧૯ | રસ્તાની વિગત દર્શાવતો કોઠો | |
| ૨૦ | ૧૯૮૭-૮૮ના વર્ષે દાખલ થયેલ વિદ્યાર્થીઓ દર્શાવતો કોઠો. | |

| કોઠા નં. | વિગત | [illegible] |
| --- | --- | --- |
| ૨૧ | કુલ દાખલ થયેલ વિદ્યાર્થીઓમાંથી સળંગ પાસ થનાર વિદ્યાર્થીઓ દર્શાવતો કોઠો | |
| ૨૨ | વર્ષવાર નાપાસ થનાર વિદ્યાર્થીઓની યાદી દર્શાવતો કોઠો. | |
| ૨૩ | સતત ગેરહાજર રહેવાથી નામ કમી કરેલ વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતો કોઠો. | |
| ૨૪ | બહારગામ ભણવા જવાથી નામ કમી દર્શાવતો કોઠો. | |
| ૨૫ | ૧૯૮૭-૮૮માં દાખલ થયેલ વિદ્યાર્થીઓ હાલ ક્યા ધોરણમાં અભ્યાસ કરે છે તે દર્શાવતો કોઠો | |
| ૨૬ | જાતિ પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો | |
| ૨૭ | જાતિવાર બાળકોની સંખ્યા વધારે ઓછી આવે છે તે દર્શાવતો કોઠો. | |

## પ્રકરણ - ૧

## પ્રાસ્તાવિક

ભારતના બંધારણમાં સામાજિક પરિવર્તન માટે શિક્ષણને મહત્વનું ગણવામાં આવ્યું છે. બંધારણ ઘડાયા બાદના દશ વર્ષમાં દરેક બાળક ૧૪ વર્ષનું થાય ત્યાં સુધી ફરજિયાત અને મફત શિક્ષણ આપવા રાજ્ય પ્રયત્ન કરશે તેવાં બંધારણની કલમ ૨૯, ૩૦, ૪૫ અને ૪૬માં અને રાજ્યના માર્ગદર્શન સિદ્ધાંતની કલમ ૪૫માં જણાવાયું છે.

સમાજના નબળા સ્તરના નાગરીકો સુધી શિક્ષણ પહોંચાડવાનો આદર્શ સ્વિકારવામાં આવ્યો છે. આમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સમાજના નબળા વર્ગોની આર્થિક અને શિક્ષણના હિતોને વિકસાવવા રાજ્ય ખાસ ધ્યાન આપશે તેવો ઉલ્લેખ બંધારણની કલમ ૪૬માં છે.

ધે રીવ્યુ ઓફ એજ્યુકેશનના ૧૯૫૮ના અહેવાલમાં પછાત વર્ગોના શિક્ષણને તેમની સામાજિક (રાજકીય અને આર્થિક પરિસ્થિતિથી જુદુ પાડી શકાય નહી અને આ લોકોના સમગ્ર જીવનો જ નવો ઘાટ આપવા અંગેનો ઉલ્લે છે.

ગુજરાત રાજ્યમાં ૧૪ વર્ષ સુધીના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ છે. આ અંગેનો કાનુન પણ છે. આમ છતાં સમાજમાં આ ઉંમરનાં ઘણાં બાળકો શિક્ષણ લીધા વગર અથવા તો ૧૪ વર્ષ પહેલાં શિક્ષણ લેવાનું છોડી દે છે. આમ કરવામાં અનુસૂચિત જનજાતિના લોકો મોખરે છે. ૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાતમાં અનુસૂચિત જનજાતિની ૬૧,૬૧,૭૭૫ લાખની વસતિ છે. જે કુલ વસતિના ૧૪.૯૨ ટકા જેટલી થાય છે. આમાંની મોટા-ભાગની વસતિ ગુજરાતના આઠ જિલ્લાના ડાંગ સહિત ૩૨ તાલુકાઓમાં ગુજરાતની પૂર્વ પટ્ટી પર આવેલી છે.

ગુજરાતમાં બધું મળીને ૨૯ આદિવાસી જાતિઓ વસે છે. જેમાં ૧૦ જાતિઓ સંખ્યાની દ્રષ્ટિએ વિશેષ છે. આ દરેક જાતિના લોકોમાં શિક્ષણનું પ્રમાણ જુદું જુદું જોવા મળે છે.

ભારત સરકાર રાજ્ય સરકાર અને અન્ય સ્વૈચ્છિક આદિવાસી સેવા સંસ્થાઓ ધ્વારા આદિવાસીઓના શૈક્ષણિક વિકાસ માટે પ્રશસ્થ પ્રયાસો

થયા હોવા છતાં અન્ય સમાજોની તુલનામાં આદિવાસીઓ શૈક્ષણિક દ્રષ્ટિએ ઠીક ઠીક પાછળ રહયા છે. જોકે હવે નોંધપાત્ર સંખ્યામાં આદિવાસીઓ શિક્ષણ લેતા થયા છે. તેમનું કેળવણી વિષયક પછાતપણું એ આર્થિક પછાતપણાનું કારણ અને પરિણામ બંને છે અને એ શિક્ષણની દ્રષ્ટિએ જોઈએ તો ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે ભારતમાં શિક્ષણનું પ્રમાણ કુલ વસતિનો ૫૨.૨૧ ટકા હતું. જ્યારે ગુજરાતમાં શિક્ષણનું પ્રમાણ ૫૧.૧૫ ટકા છે. આમ ગુજરાતમાં આદર અગાઉના વર્ષો કરતાં વધે તો ચોક્કસ જોઈ શકાય છે પણ ભારતના દર કરતાં ઘટેલો છે.

ગુજરાતમાં અનુસૂચિત જનજાતિના શિક્ષણનું પ્રમાણ જોઈએ તો ૧૯૮૧માં ૨૧.૧૪ ટકા શિક્ષણ હતું તે વધીને ૧૯૯૧માં ૨૯.૬૭ ટકા જેટલું જોઈ શકાય છે જેમાં પુરૂષોમાં ૩૯.૩૭ ટકા અને સ્ત્રીઓમાં ૧૯.૬૫ ટકા જેટલું શિક્ષણ જોવા મળતુ હતું. આમ પુરૂષો કરતાં સ્ત્રીઓનું શિક્ષણ ૫૦ ટકા જેટલું ઓછું જોઈ શકાય છે.

આજે તો કોઈપણ આદિવાસી બાળક એની લાયકાતના કારણે ઊંચામાં ઊંચુ શિક્ષણ લઈ શકે અને તે લેવામાં તેને ખાસ કોઈ આર્થિક મુશ્કેલી ભોગવવી ન પડે એ પ્રકારની લગભગ વ્યવસ્થા ભારત સરકાર તેમજ રાજ્ય સરકારો દ્વાર થઈ છે. ગુજરાત રાજ્યમાં પણ સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધી આદિવાસી વિદ્યાર્થીઓને અનેક પ્રકારની સવલતો મળે છે. તેમ છતાં અનુસૂચિત જનજાતિમાં શિક્ષણ જેટલા પ્રમાણમાં વધવું જોઈએ તેટલા પ્રમાણમાં વધેલું જોઈ શકાતું નથી. સાથે સાથે અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ પણ વધતુ રહે છે. આ માટે ઘણાંબધાં પરિબળો જવાબદાર હોઈ શકે.

ગુજરાત રાજ્યના અનુસૂચિત જનજાતિના લોકોમાં શિક્ષણ વધારવા સરકારના આયોજિત પ્રયાસો અને સ્વૈચ્છિક સંસ્થાઓના સક્રિય પ્રયાસો છતાં શિક્ષણનો વ્યાપ વધવો જોઈએ તેટલો વધતો નથી. ૧૯૯૨ની વસતી ગણતરી મુજબ આઠ પ્રાયોજના વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ નીચે પ્રમાણે જોઈ શકાય છે.

| ક્રમ | પ્રાયોજનાનું નામ | શિક્ષણના ટકા |
|---|---|---|
| ૧. | ખેડબ્રહ્મા પ્રાયોજના | ૩૪.૮૩ |
| ૨. | દાહોદ પ્રાયોજના | ૨૨.૬૭ |
| ૩. | છોટાઉદેપુર પ્રાયોજના | ૧૮.૮૭ |

| ક્રમ | પ્રાયોજનાનું નામ | શિક્ષણના ટકા |
|---|---|---|
| ૪. | રાજપીપળા પ્રાયોજના | ૩૩.૯૩ |
| ૫. | સોનગઢ પ્રાયોજના | ૩૨.૯૯ |
| ૬. | માંડવી પ્રાયોજના | ૩૩.૯૦ |
| ૭. | વાંસદા પ્રાયોજના | ૩૬.૭૧ |
| ૮. | ડાંગ પ્રાયોજના | ૩૪.૭૨ |
| ૯. | પાલનપુર પ્રાયોજના | અમીરગઢ (પાલનપુર) દાંતા પોકેટમાં ૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે ૧.૮૪ ટકા આદિવાસી વસતિમાં અક્ષરજ્ઞાન દર્શાવાયું છે. |

પ્રાયોજના વિસ્તારમાં સમાવેશ થતા ૩૨ તાલુકાઓનો સામાન્ય દર ૩૮.૮૩ ટકા થાય છે. આમ શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું કહી શકાય.

ગુજરાતની અનુસૂચિત જનજાતિઓમાં શિક્ષણનો અસમાન વિકાસ પ્રાયોજના વિસ્તારમાંના આંકડા ઉપરથી જોઈ શકાય છે. તેમાં એકજ જિલ્લાના અમુક તાલુકાઓમાં વસતા અમુક જાતિના લોકોમાં જ શિક્ષણ વધ્યું છે. દા.ત. વલસાડમાં ધોડિયા, સુરતમાં ચૌધરીઓમાં શિક્ષણ વધ્યું છે. પણ અન્ય અનુસૂચિત જનજાતિઓમાં શિક્ષણનું પ્રમાણ હજુ પણ ઓછું જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસ આદિવાસી બાળકોમાં પ્રાથમિક કક્ષાએ થતાં અપવ્યય અને સ્થગિતતા તપાસવાનો છે. જેમનું શિક્ષણ જ ઓછું હોય ત્યાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ પણ વધારે હોવાનુ તે નિર્વિવાદ વાત છે. દુનિયામાં દર ચાર બાળમજુરો પૈકી એક બાળક ભારતીય છે. ભારતમાં ૦ થી ૧૪ વર્ષની વયના બાળકોની સંખ્યા ૧૯૮૬ના વર્ષ પ્રમાણે ૨૬ કરોડ હતી. તેમાં ૬ થી ૧૪ વર્ષના ૧૮ કરોડ બાળકો હતા. યુનેસ્કોના તાજેતરના અહેવાલ પ્રમાણે દેશમાં ૪.૪ કરોડ બાળમજૂરો કામ કરે છે. તે જોતાં ૨૧મી સદીના આગમને દેશમાં ૧૫ વર્ષથી નીચેના ૧૦ થી ૧૪ કરોડ બાળકો મજૂરી કામ કરતા હશે તેવો અંદાજ છે.

આ બાળમજૂરોમાંથી મોટાભાગના બાળકોએ ૧ થી ૪ ધોરણ સુધીનું શિક્ષણ પણ મેળવ્યું નથી. ૨,૫૦૦ માંથી ૧,૨૦૦ બાળમજૂરોએ શાળા પણ જોઈ

નથી. પછાત વિસ્તારમાં આવેલ શાળાઓમાં ભણતા બાળકો બાળમજૂરી તરફ વધારે જોવા મળે છે. તેનું મુખ્ય કારણ શિક્ષણ હોવાનું તારણ મળે છે. જેમાં બાળકોને શિક્ષકો તરફથી હૂંફનો અભાવ, શિક્ષકોની અનિયમિતતા તેમજ શિક્ષણ પ્રત્યેની બેદરકારી જવાબદાર છે. તેમ યુનિસેફનો અહેવાલ જણાવે છે. આ સમગ્ર પરિબળ અનુસૂચિત જનજાતિના બાળકોને લાગુ પડતું હોઈ આ અહેવાલમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

<u>ગુજરાત સરકારના પ્રાથમિક વિભાગે બહાર પાડેલા</u>
<u>સત્તાવાર આંકડા નીચે પ્રમાણે છે.</u>

| ધોરણ | વર્ષ | શાળા છોડી જતા બાળકો | | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| | | છોકરા | છોકરી | | |
| ૧લું | ૧૯૮૭–૮૮ | ૮,૨૨,૯૪૦ | ૬,૭૪,૨૨ | ૧૪,૯૭,૨૧૨ | ૧૦૦.૦૦ પાયાનું |
| ૨જું | ૧૯૮૮–૮૯ | ૬,૪૭,૫૬૯ | ૫,૧૨,૪૦૧ | ૧૧,૫૯,૯૭૦ | ૭૭.૫ |
| ૩જું | ૧૯૮૯–૯૦ | ૬,૨૨,૭૧૬ | ૪,૭૭,૫૪૯ | ૧૧,૦૦,૨૬૫ | ૭૩.૫ |
| ૪થું | ૧૯૯૦–૯૧ | ૫,૬૩,૩૩૧ | ૩,૯૨,૮૦૬ | ૯,૫૬,૧૩૭ | ૬૩.૯ |
| ૫મું | ૧૯૯૧–૯૨ | ૫,~~૬૩,૩૩૧~~ ૦૫,૬૬૨ | ૩,~~૯૨,૮૦૬~~ ૦૩,૭૯૭ | ~~૯,૫૬,૧૩૭~~ ૮,૭૫,૦૬૨ | ૫૬.૪ |
| ૬ઠું | ૧૯૯૨–૯૩ | ૪,૦૭,૦૦૦ | ૨,૬૮,૨૨૨ | ૬,૭૫,૨૨૨ | ૪૫.૧ |
| ૭મું | ૧૯૯૩–૯૪ | ૩,૪૬,૩૫૪ | ૨,૧૬,૮૩૨ | ૫,૬૩,૧૮૬ | ૩૭.૬ |

સમગ્ર ગુજરાતની આ પરિસ્થિતિ જોઈ શકાય છે. જોકે શાળા છોડી જતાં બાળકોની ટકાવારીમાં નોંધપાત્ર ઘટાડો જોઈ શકાય છે. તેમ છતાં આ આંકડો નાનો તો નથી જ. પ્રાથમિક શિક્ષણ હેઠળની આ વર્ષની જોગવાઈ ૯,૨૨,૩૬,૫૪,૦૦૦ રૂપિયાની કરવામાં આવી છે. જેમાંથી ૯૭.૯૫ ટકા રકમતો શિક્ષકો અને અન્ય સેવાઓ પાછળ અને ૦.૬૪ ટકા શિક્ષકોની તાલીમ પાછળ ખર્ચવાની જોગવાઈ છે. આમ મોટાભાગની જોગવાઈ શિક્ષકોની સેવાઓ પાછળ ખર્ચાશે.

૧૯૯૧ની વસતીગણતરી પ્રમાણે રાજ્યમાં કુલ ૬૩૫ ગામડાઓ શિક્ષણની સુવિધાથી વંચિત છે. આ પૈકી ૩૧.૨૬ ટકા ગામડાંઓ પૂર્વપટ્ટી વિસ્તારમાં આવેલા છે. હાલમાં રાજ્યમાં આશરે ૪,૫૦૦ ઓરડાઓની ઘટ છે. એની સામે

૨૧૫ વર્ગખંડોનો બાંધકામ માટે ૨.કરોડ ૬૭ લાખ ૬૧ હજાર રૂ.ની જોગવાઈ આ વર્ષે અંદાજવામાં આવેલ છે. ૧૯૯૨-૯૩માં પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી અનુસાર રાજ્યમાં કુલ ૭૨,૪૮,૩૬૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હતા. વિકાસ કાર્યક્રમ ૧૯૯૫-૯૬ મુજબ ૬ થી ૧૪ વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યા ૮૧,૫૮,૦૦૦ થઈ છે. આમ, પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે. પણ વર્ગખંડમાં વધારો થયો નથી. આમ શિક્ષણના વ્યાપની સાથે ભૌતિક તેમજ શૈક્ષણિક સાધનોનો અભાવ પેદા થાય તો શિક્ષણ કથળવાની શક્યતા નકારી શકાય નહી.

આદિવાસી જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ જોવાથી ખ્યાલ આવશે કે તેમનું શિક્ષણ કેટલું નિચું છે.

## કોઠા નં.૧

## જાતિવાર શિક્ષણ દર્શાવતો કોઠો

ટકામાં(૧૯૮૧)

| ક્રમ | વિગત | પુરુષ | સ્ત્રી | કુલ ટકા |
|---|---|---|---|---|
| ૧. | બરડા | ૪૮.૫૯ | ૨૯.૯૧ | ૪૦.૪૨ |
| ૨. | બાવચા | ૪૫.૪૪ | ૨૬.૭૩ | ૩૬.૫૧ |
| ૩. | ભરવાડ (જુનાગઢ નેશ) | ૧૪.૮૧ | ૪.૮૨ | ૧૦.૦૨ |
| ૪. | ભીલ | ૨૭.૮૫ | ૮.૨૪ | ૧૮.૧૮ |
| ૫. | ચારણ (નેશ) | ૯.૦૩ | ૩.૭૫ | ૫.૫૪ |
| ૬. | ચૌધરી | ૪૧.૮૮ | ૨૨.૫૦ | ૩૨.૨૪ |
| ૭. | ચૌધરા | ૪૨.૨૯ | ૨૧.૯૧ | ૩૨.૧૯ |
| ૮. | ધાનકા, તડવી | ૩૮.૮૧ | ૧૨.૮૫ | ૨૬.૨૦ |
| ૯. | ધોડિયા | ૫૬.૩૪ | ૩૩.૬૭ | ૪૪.૯૬ |
| ૧૦. | દુબળા, હળપતિ | ૨૫.૭૭ | ૯.૭૩ | ૧૭.૯૨ |
| ૧૧. | ગામીત | ૩૨.૯૪ | ૧૫.૭૩ | ૨૪.૩૯ |
| ૧૨. | ગોંડ, રાજગોંડ | ૫૯.૪૯ | ૩૬.૭૮ | ૪૮.૬૭ |
| ૧૩. | કાથોડી | ૧૪.૮૯ | ૭.૩૬ | ૧૧.૧૨ |
| ૧૪. | કોંકણા | ૨૯.૦૫ | ૧૦.૬૨ | ૧૯.૯૪ |
| ૧૫. | કોળી (કચ્છ) | ૩.૮૯ | ૧.૧૧ | ૫.૭૧ |

| ક્રમ | વિગત | પુરુષ | સ્ત્રી | કુલ ટકા |
|---|---|---|---|---|
| ૧૬. | કોળી ઢોર | ૨૭.૫૫ | ૭.૮૩ | ૧૭.૪૧ |
| ૧૭. | કુનબી | ૪૧.૫૫ | ૨૧.૩૫ | ૩૧.૪૭ |
| ૧૮. | નાયકા નાયકડા | ૨૦.૬૬ | ૬.૮૨ | ૧૩.૮૫ |
| ૧૯. | પઢાર | ૧૧.૩૮ | ૧.૫૧ | ૬.૫૭ |
| ૨૦. | પારધી (કચ્છ) | ૧૨.૪૦ | ૨.૪૩ | ૭.૪૭ |
| ૨૧. | પારધી | ૩૨.૦૦ | ૯.૫૧ | ૨૧.૨૫ |
| ૨૨. | પટેલીયા | ૪૨.૪૭ | ૯.૫૧ | ૨૬.૩૬ |
| ૨૩. | પોમલા | ૨૩.૬૬ | ૮.૮૮ | ૧૬.૫૨ |
| ૨૪. | રબારી (ગીર) | ૯.૨૬ | ૨.૬૮ | ૬.૦૪ |
| ૨૫. | રાઠવા | ૨૦.૭૭ | ૩.૩૬ | ૧૨.૧૯ |
| ૨૬. | સીદી | ૩૫.૦૬ | ૧૦.૮૧ | ૨૩.૦૪ |
| ૨૭. | વાઘરી (કચ્છ) | ૬.૩૩ | ૦.૭૩ | ૩.૫૭ |
| ૨૮. | વારલી | ૧૫.૩૧ | ૪.૩૦ | ૯.૮૧ |
| ૨૯. | કોટવાળીયા | ૨૧.૨૮ | ૧૨.૯૪ | ૧૭.૧૯ |
| | બીનવર્ગીકૃત | ૩૪.૪૬ | ૧૪.૩૬ | ૨૫.૧૫ |
| | ટોટલ | ૩૦.૪૧ | ૧૧.૬૪ | ૨૧.૧૪ |

પ્રાપ્તી સ્થાન : ટ્રાયબલ સબપ્લાન સાતમી પંચવર્ષિય યોજના.
૧૯૮૫-૯૦ સેન્સસ ઓફ ઈન્ડીયા.

<u>તપાસના હેતુઓ</u> :

આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધારવાના અનેક વિધ માર્ગોમાંથી એક માર્ગ આદિવાસીઓને શિક્ષણ લેવામાં આડે આવતી મુશ્કેલીઓને અવરોધોને શક્ય હોય એટલી ઝડપથી દૂર કરવાનો અને શિક્ષણ લેવાનો તેમનો માર્ગ પ્રમાણમાં સવિશેષ સરળ બનાવવાનો છે. આ કરવા માટે તેમની મુશ્કેલીઓને મૂળભૂત રીતે પાયામાંથી સમજવાની રહે. એ સમજવામાં વ્યવસ્થિત રીતે વૈજ્ઞાનિક પધ્ધતિથી થયેલી તપાસ ઘણેઅંશે ઉપયોગી થઈ શકે.

ગુજરાતની પૂર્વ પટ્ટી એટલે સઘન આદિવાસી વસતિ ધરાવતો વિસ્તાર દાંતાથી ઉમરગામ સુધીના પૂર્વ પટ્ટામાં જંગલ અને પહાડો વચ્ચે વિવિધ આદિવાસી

જાતિઓના વિસ્તાર છે. આ વિસ્તારના વિકાસ માટે સરકાર ધ્વારા વિવિધ યોજનાઓ અમલમાં છે. આમાં શિક્ષણ પાયામાં હોવા છતાં પરંપરાગત જીવન જીવતા આદિવાસીઓમાં શિક્ષણ તો વધ્યું છે પણ હજુ જોઈએ તેટલા પ્રમાણમાં શિક્ષણનો વ્યાપ જોઈ શકાતો નથી. પરંપરાગત ખેતી , જંગલ, અને મજૂરી સાથે સંકળાયેલ કુટુંબોના બાળકો હજુ પણ પ્રાથમિક શિક્ષણ મેળવતાં પહેલાંજ કુટુંબની અર્થ વ્યવસ્થા સાથે જોડાઈ જતાં હોય છે. આ છે તેમની અદશા કે જે ઈચ્છે છતાં આગળ અભ્યાસ કરી શકતા નથી અને વચ્ચેથી જ શિક્ષણ છોડવાની ફરજ પડતી હોય છે તેના મૂળમાં તેમની આર્થિક, સામાજીક અને કૌટુંબીક વ્યવસ્થા કારણભૂત હોવી જોઈએ. આ સમસ્યાઓમાંથી બહાર આવવાનો કોઈ માર્ગ મળે તેમજ શિક્ષણ વ્યવસ્થા વધુ સુદૃઢ ગોઠવાય તે હેતુસર આ-દિવાસી વિસ્તારમાં ભણતા બાળકો અધવચ્ચેથી શિક્ષણ કેમ છોડી દે છે તે જાણવા માટે આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

<u>અભ્યાસના મુખ્ય હેતુઓ</u> :

(૧) પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે અપવ્યય અને સ્થગિતતા તપાસવી.

(૨) અપવ્યય અને સ્થગિતતાનાં કારણો તપાસવા.

(૩) કુટુંબની આર્થિક તેમજ સામાજિક વ્યવસ્થા તપાસવી.

(૪) વિસ્તારને લગતા કારણો તપાસવા.

(૫) બાળકોના અંગત પ્રશ્નો તપાસવા.

(૬) શાળાની સ્થિતિ અંગેના પ્રશ્નો તપાસવા.

(૭) શિક્ષણ વ્યવસ્થામાં કોઈ મુશ્કેલી હોય તો તે તપાસવી.

(૮) શિક્ષકો તેમજ અન્ય સ્ટાફના અભિપ્રાયો મેળવવા.

આ ઉપરાંત સ્થળ ઉપરના અન્ય પ્રશ્નો તેમજ જરૂરી માહિતી મેળવવી એ આ અભ્યાસના મુખ્ય હેતુઓ હતા.

<u>અભ્યાસક્ષેત્ર</u> :

અભ્યાસક્ષેત્ર આદિવાસી વિસ્તાર ધરાવતા તાલુકાઓ પસંદ કરવામાં આવ્યા તેમાં ગુજરાતના પ્રાયોજના વિસ્તારમાં સમાવિષ્ટ ઓછું શિક્ષણ ધરાવતા

તાલુકાઓને પ્રાથમિકતા આપવામાં આવ્યું છે. ૧ થી ૭ ધોરણની પ્રાથમિક શાળાઓ પસંદ કરવામાં આવી હતી. શાળાના રજિસ્ટર પરથી ૧૯૭૭–૮૮ના વર્ષને પાયાનું વર્ષ ગણી અભ્યાસ કરવામાં આવ્યો હતો. તેજ બાળકો દાખલ થયા પછી તે બાળકો ધોરણ ૭ સુધી પહોંચ્યા કે નહી તે બાળકો હાલ ક્યા ધોરણમાં અભ્યાસ કરે છે. કેટલીવાર નાપાસ થયા અને કેટલા બાળકોએ અભ્યાસ અધવચ્ચે છોડી દીધો વગેરેની માહિતી મેળવી ઉઠી જનાર કે નાપાસ થઈ ભણનાર બાળકોના કુટુંબોનો સંપર્ક કરી કુટુંબની માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ અહેવાલ તૈયાર કરવામાં આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રમાં ચાલતા વર્ગ–રના અધિકારીઓ પાસે દાંતા તેમજ ખેડબ્રહમા તાલુકાના ચાર ગામો પસંદ કરી તે ગામોના બાળકોમાં અપવ્યય અને સ્થગિતતા જાણી તેનાં કારણો તપાસ્યા હતા. તે ગામોનો પણ આ અહેવાલમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આમ નીચેના તાલુકાઓ અને ગામોની પ્રાથમિક શાળાઓ આ અભ્યાસ માટે પસંદ કરવામાં આવી હતી.

કોઠા નં.૨

અભ્યાસમાં પસંદ કરેલ શાળાઓ

| ક્રમ | જિલ્લો/તાલુકો | શાળાનું નામ | શાળા પત્રક | શિક્ષક પત્રકો | કુટુંબ પત્રકો |
|---|---|---|---|---|---|
| ૧. | વલસાડ/ધરમપુર | બેસ્વી [illegible] પ્રા.શાળા | ૧ | ૮ | ૬ |
| ૨. | ભરૂચ, સાગબારા | પ્રા.શાળા પાંચપીપરી | ૧ | ૬ | ૭ |
| ૩. | ભરૂચ–સાગબારા | આદર્શ પ્રા.શાળાપાર | ૧ | ૪ | – |
| ૪. | સુરત/માંડવી | પ્રા.શા.કાકરાપાર | ૧ | ૬ | ૫ |
| ૫. | બનાસકાંઠા,દાંતા | દલપુર પ્રા.શાળા | ૧ | ૨ | ૧૪ |
| ૬. | બનાસકાંઠા દાંતા | કુકડી પ્રા.શાળા | ૧ | ૫ | ૧૩ |
| ૭. | સાબરકાંઠા, ખેડબ્રહમા | દંત્રાલ પ્રા.શાળા | ૧ | ૫ | ૬ |
| ૮. | સાબરકાંઠા, ખેડબ્રહમા | કાજાવાસ પ્રા.શાળા | ૧ | ૪ | ૧૪ |
| ૯. | સુરત, ઉચ્છલ | પ્રા.શાળા ટોકરવા | ૧ | ૪ | ૭ |
| | કુલ | | ૯ | ૪૪ | ૭૨ |

## પ્રકરણ – ૨

## પસંદ થયેલ પ્રાથમિક શાળા

પસંદ કરેલ પ્રાથમિક શાળાઓ ૧ થી ૭ ધોરણની મિશ્ર શાળાઓ હતી જેના નામ નીચે પ્રમાણે છે.

| ક્રમ | વિગત | ગામનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|---|
| ૧. | આદર્શ પ્રાથમિક શાળા | પાટ | સાગબારા |
| ૨. | પ્રાથમિક શાળા | પાંચ પીપરી | સાગબારા |
| ૩. | ભેસ્વી ફળિયા, બેંસદરા પ્રા.શાળા | બેંસદરા | ધરમપુર |
| ૪. | પ્રાથમિક શાળા ટોકરવા | ટોકરવા | ઉચ્છલ |
| ૫. | પ્રાથમિક શાળા વાંકલા | કાકરાપાર | માંડવી |
| ૬. | કાજાવાસ પ્રા.શાળા | કાજાવાસ | ખેડબ્રહ્મા |
| ૭. | દંત્રાલ પ્રા.શાળા | દંત્રાલ | ખેડબ્રહ્મા |
| ૮. | કુકડી પ્રા.શાળા | કુકડી | દાંતા |
| ૯. | દલપુર પ્રા.શાળા | દલપુર | દાંતા |

ઉપરોક્ત નવ ગામોની પ્રાથમિક શાળાઓ જીલ્લા પંચાયત સંચાલિત હતી અને દરેક શાળા મિશ્ર શાળા હતી. સાથે સાથે તેમાંની કેટલીક ઠીક ઠીક ઊંડાણના વિસ્તારની પણ હતી. સાત ધોરણના અભ્યાસ પછી બાળકોને વધુ અભ્યાસ માટેની શાળા કેટલા અંતરે છે તે જાણવાનો પ્રયત્ન કર્યો હતો. જેમાં ૧-૧/૨ કિ.મી.થી ૧૨ કિ.મી.ના અંતર સુધીમાં માધ્યમિક શાળા કે હાયર સેકન્ડરી સ્કૂલની સગવડ હતી એટલે કે પ્રાથમિક શાળાનો અભ્યાસ કરી વધુ અભ્યાસ માટે તેમને ઘણાખરા કિસ્સાઓમાં બીજી શાળામાં બીજા ગામે જવું પડતું હતું. આગળ અભ્યાસ માટે તે ગામથી જવા માટેની વ્યવસ્થા અંગે પણ જોવાનો પ્રયત્ન કાર્યો હતો. જેમાં ચાર શાળાના બાળકો બસ ધ્વારા કે ખાનગી જીપમાં ભણવા જતા હતા, જ્યારે પાંચ શાળાના બાળકો હાઈસ્કૂલ સુધી ચાલતા પણ જતા હતા. આમ બાળકો ચાલતા જતા હોય તેવી સ્કૂલોની સંખ્યા વધારે હતી. રસ્તાની સગવડ અંગે પણ સવાલના

જવાબમાં ૮ સ્કૂલના બાળકો માટે પાકા રસ્તાની સગવડ હતી. જ્યારે એક સ્કૂલના બાળકો મેટલ રસ્તે જતા હતા. વચ્ચે નદીનાળા આવતા હોય તેવી ૩ સ્કૂલ હતો, જ્યારે ૬ સ્કૂલના બાળકોને વચ્ચે નદી નાળા આવતા તરવા. આમ નદીનાળાવાળા રસ્તાઓને કારણે ચોમાસામાં શાળાએ જવામાં કેટલાક ગામોમાં મુશ્કેલી પડતી હતી તેમ જણાવેલ પગપાળા બારેમાસ જઈ શકાય તેવા ૭ સ્કૂલના બાળકો હતા, જ્યારે બે સ્કૂલના બાળકો બારેમાસ પગપાળા જઈ શકે તેવી સ્થિતિ હતી. આમ ઉપરોક્ત માહિતી ૧ થી ૭ ધોરણ પુરૂ કરી આગળ અભ્યાસ માટે ક્યાં જઈ શકાય, કેવી રીતે જઈ શકાય તે અંગેની હતી. આમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે પ્રાથમિક અભ્યાસ પુરો કર્યા પછી તેમને બીજા ગામે જવું પડતું હતું અને વત્તાઓછા પ્રમાણમાં મુશ્કેલીઓ પણ જોઈ શકાય છે.

ત્યારબાદ અભ્યાસની જે શાળા છે તે અંગેની માહિતી પણ એકત્ર કરવામાં આવી હતી જે નીચે પ્રમાણે જોઈ શકાઈ હતી. તપાસમાં લીધેલ ૯ પ્રાથમિક શાળાઓના મકાન પાકા હતા. સળંગ એક મકાન હોય તેવી ચાર શાળાઓ હતી. બે મકાન હોય તેવી ૩ શાળાઓ હતી અને પાછળથી રૂમો વધારી મકાન બાંધ્યાં હોય તેવી બે શાળાઓ હતી. વર્ગખંડની વ્યવસ્થા અંગે પાંચ વર્ગખંડ વાળી ૩ શાળાઓ હતી. ૬ વર્ગખંડવાળી ૧ શાળા, ૭ વર્ગખંડવાળી ૨ શાળા, ૮ વર્ગખંડવાળી બે શાળા અને ૯ વર્ગખંડવાળી ૧ શાળા હતી. આમ ૪ શાળાઓ એવી હતી જ્યાં ૧ થી ૭ ધોરણ હોવા છતાં વર્ગખંડની સંખ્યા ઓછી હતી, જ્યારે પાંચ સ્કૂલોમાં વર્ગખંડની સંખ્યા પૂરતા પ્રમાણમાં હતી.

પાકા મકાનવાળી શાળાઓ છાજ અંગે જોઈએ તો સિમેન્ટસટરવાળા ૪ પ્રાથમિક શાળાઓ હતી. ધાબાવાળી ૩ શાળાઓ હતી. વિલાયતી નળિયા હોય તેવી ૪ શાળાઓ હતી. આમ જેમ જેમ નવા રૂમો બંધાતા ગયા તેમ છાજ બદલાતા ગયા તેના કારણે અમુક રૂમોમાં ધાબા હોય તો જુની રૂમોમાં વિલાયતી નળિયા કે સિમેન્ટની સીટના પતરા પણ હોય તેવી શાળાઓ જોવા મળી હતી.

શાળાના બારી બારણાં સલામત છે તેવા પ્રશ્નના જવાબમાં ૬ પ્રાથમિક શાળાના 'હા' માં જવાબ હતા. જ્યારે ૩ પ્રાથમિક શાળાના 'ના'માં જવાબ હતા. જેમાં રજુઆત છતાં રીપૅર થતા નથી. તેવી એક શાળાનો જવાબ હતો. તુટી ગયા છે તેવા બે શાળાના જવાબો હતા, જ્યારે ધાબુ ચૂવતું હોય તેવી એક શાળાની રજુઆત હતી. આમ સીમેન્ટ સીટ કે ધાબુ ચૂવતુ (ગરતું) હોય ત્યાં

બાળકો બેસી શકે નહી તેવી પરિસ્થિતિ હતી. એના કારણે એક વર્ગખંડમાં બે બે ધોરણ સાથે બેસતા હોય તેવી છ શાળાઓ હતી, જ્યાં એક વર્ગખંડમાં બે બે ધોરણના બાળકો બેસતા હોય જ્યાં વર્ગખંડોની સંખ્યા ઓછી છે. તેવી ચાર પ્રાથમિક શાળાઓના બાળકોને એક વર્ગખંડમાં બે ધોરણ બેસવાની ફરજ પડતી હતી, જ્યારે છાજ તૂટેલા હોય કે ધાબુ ચૂવતું હોય તેવી શાળાઓમાં પણ ચોમાસા પૂરતા બે બે ધોરણો સાથે બેસાડવા પડતા હોય.

કાળા પાટીયાની સંખ્યા પૂરતા પ્રમાણમાં જોવા મળી હતી. જેમાં ભીંતમાં બનાવેલ કાળા પાટીયાઓની સંખ્યા ૭૫ હતી, જ્યારે લાકડાના ફોલ્ડીંગ પાટીયા ૨૨ હતા, આમ કુલ ૯૭ કાળા પાટીયાની વ્યવસ્થા હતી. આમ દરેક ધોરણદીઠ એક એક પાટીયાની વ્યવસ્થા જોઈ શકાય છે. વિદ્યાર્થી-ઓની બેસવાની વ્યવસ્થામાં નવે નવ પ્રાથમિક શાળાના બાળકો જમીન પર જ બેસતા હતા, એટલે કે આસન પટ્ટા કે લાકડાની બેન્ચની વ્યવસ્થા નહતી.

શૈક્ષણિક સાધનોમાં વૈજ્ઞાનિક પ્રયોગો માટેના સાધનો પાંચ પ્રાથમિક શાળાનો 'હા'માં જવાબ હતો, જ્યારે ૪ પ્રાથમિક શાળાઓનો 'ના'માં જવાબ હતો. જેમાં પૂરતા પ્રમાણમાં સાધન ન હોય તેવા ૩ શાળાના જવાબ હતા, જ્યારે કોઈપણ સાધન નહોય તેવી એક શાળા હતી. આમ અપૂરતા સાધનોને કારણે શિક્ષણમાં અસર થાય તે સ્વાભાવિક બાબત છે. ચિત્રો દર્શાવતા ચાર્ટ પણ ૪ શાળાઓમાં નહતા. જ્યારે બે શાળાઓમાં ફાટેલી હાલતમાં હતા. આમ બાળકોને રસ પડે કે જેના ધ્વારા શિક્ષણમાં વધારે સારુ પરિણામ લાવી શકાય તે સાધનોનો અભાવ જોઈ શકાય છે. તેજ રીતે નકશાઓ ધ્વારા ભૌગોલિક સ્થિતિ જાણી શકાય તે માટે દેશ દુનિયાંનું જ્ઞાન આપી શકાય તેવા નકશાઓ ન હોય તેવી પણ પાંચ પ્રાથમિક શાળાઓ હતી. જ્યારે ૪ શાળાના જવાબ 'હા' માં હતા. તેમાં પણ બે પ્રાથમિક શાળામાં અપૂરતા છે, જ્યારે બે શાળાના જવાબ ફાટેલી હાલતમાં છે તેમ જાણવા મળેલ હતા. આમ દરેક પ્રાથમિક શાળામાં શૈક્ષણિક સાધનો અપૂરતા કે ફાટેલી હાલતમાં હોવાના કારણે બાળકોનું શિક્ષણ કથળેલું જોઈ શકાય છે.

શાળામાં કામ કરતા શિક્ષકો માટે ટેબલ ખુરશીની વ્યવસ્થા પણ અપૂરતા પ્રમાણમાં જોવામાં આવી હતી. તપાસમાં લીધેલ નવ પ્રાથમિક શાળા-ઓમાંથી ફક્ત ત્રણ પ્રાથમિક શાળાઓમાં પૂરતા પ્રમાણમાં હતા, જ્યારે ૬ પ્રાથમિક શાળાઓમાં અપૂરતા જોવા મળ્યા હતા. આમ સમગ્ર નવ સ્કૂલોના ૧૭ શિક્ષકો માટે ટેબલ ખુરશીની વ્યવસ્થા નહતી.

શાળામાં વિદ્યાર્થીઓને અન્ય કોઈ સવલતો આપવામાં આવે છે તેમાં મધ્યાહન ભોજન તપાસેલ નવે નવ પ્રાથમિક શાળાઓમાં અપાતુ હતું. જ્યારે ગણવેશ ૭ પ્રાથમિક શાળાઓમાં અપાતો હતો. નાના બાળકોને એટલે કે ૧ થી ૨ ધોરણમાં બાળકોને સ્લેટ, પેન; પણ આપવામાં આવે છે. જોકે બધા બાળકોને આપવામાં આવતા નથી, જ્યારે શિષ્યવૃત્તિનો લાભ પણ તેમને મળે છે તેમ જણાવેલ હતું. શાળાના માહિતી પત્રકમાં શાળા અંગેના સવાલોનો સમાવેશ કરવામાં આવ્યા હતા. અન્ય સવલતો કઈ કઈ ઉપલબ્ધ કરાવવી જોઈએ તેના જવાબો નીચે પ્રમાણે હતા.

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧. | શિક્ષક નિવાસની સવલતો હોવી જોઈએ. | ૧ |
| ૨. | શાળાના મેદાનને વાડ | ૩ |
| ૩. | બેસવાની પાટલીઓ | ૨ |
| ૪. | ખેલકુદના સાધનો | ૫ |
| ૫. | વધુ ઓરડાની વ્યવસ્થા | ૨ |
| ૬. | સંડાસ / મુતરડી | ૪ |
| ૭. | પીવાના પાણીની વ્યવસ્થા ટાંકી | ૫ |
| ૮. | ફર્નિચર પૂરતા પ્રમાણમાં | ૪ |
| ૯. | લાઈટની સગવડ | ૧ |
| ૧૦. | પ્રયોગનાં સાધનો | ૩ |
| ૧૧. | ચાર્ટ, ચિત્રો | ૩ |
| ૧૨. | દૂધનો પાવડર | ૨ |
| ૧૩. | છાત્રાલય | ૧ |
| ૧૪. | સ્થાનિક શિક્ષકો | ૧ |
| ૧૫. | ગણવેશ | ૧ |

<u>કોઠા નં. ૩</u>

<u>તપાસના દરમ્યાન ચાલુ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ.</u>

| ધોરણ-૧ | | ધોરણ-૨ | | ધોરણ-૩ | | ધોરણ-૪ | | ધોરણ-૫ | | ધોરણ-૬ | | ધોરણ-૭ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| ૨૨૯ | ૧૮૦ | ૧૬૬ | ૧૨૩ | ૧૯૦ | ૧૨૧ | ૧૬૧ | ૧૦૯ | ૧૯૩ | ૧૩૩ | ૧૬૮ | ૧૧૪ | ૧૬૯ | ૬૫ | ૧,૨૭૬ | ૭૭૫ |

તપાસેલ નવ પ્રાથમિક શાળામાં ચાલુ અભ્યાસ કરતા બાળકોની સંખ્યા ૧૨૭૬ કુમાર અને ૭૭૫ કન્યાઓ જોવા મળી હતી જે ૨૦૫૧ કુલ થાય છે જે સરેરાશ વર્ગદીઠ ૩૪ બાળકોની થાય છે અને શાળાદીઠ ૨૩૪ બાળકોની થાય છે. કુમાર કરતાં કન્યાની સંખ્યા ઓછી છે. દરેક ધોરણમાં કુમાર કરતાં કન્યાની સંખ્યા ઘણી ઓછી જોવા મળે છે. તેમાંય પહેલા ધોરણમાં ૧૮૦ કન્યાઓ જોઈ શકાય છે. જ્યારે સાતમા ધોરણમાં નવ સ્કૂલની ફક્ત ૬૫ કન્યાઓ અભ્યાસ કરતી જોઈ શકાય છે. એટલે કે કન્યા કેળવણી હજુ પણ ઘણી ઓછી જોઈ શકાય છે. એટલે કે કન્યાઓનું ડ્રોપ આઉટ પ્રમાણ ઊંચું છે. નવે નવ શાળાઓ આદિવાસી વિસ્તારની હોવાથી અન્ય જાતિના બાળકોની સંખ્યા નહીંવત જોવા મળી હતી. અનુસૂચિત જાતિના ૬ બાળકો, બક્ષીપંચના ૫ બાળકો હતા, જ્યારે અન્ય ૬ બાળકો હતા.

**કોઠા નં.૪**

**જાતિવાર બાળકોની સંખ્યા દર્શાવતો કોઠો**

| અનુસૂચિત જાતિ | | બક્ષી | | અન્ય | | અનુસૂચિત જનજાતિ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| ૧ | ૫ | ૩૯ | ૩૬ | ૫ | ૧ | ૧૨૩૧ | ૮૩૩ | ૧૨૭૬ | ૮૭૫ |

આદર્શશાળા પાટની પ્રાથમિક શાળામાં મુસ્લીમના બાળકોની સંખ્યા વધુ હતી, કારણેકે આમાં મુસ્લીમ કુટુંબોનો વસવાટ સારા પ્રમાણમાં છે. જે બક્ષીપંચમાં ગણી લીધા હતા. તેથી તેની સંખ્યા વધુ જોવા મળી હતી. અનુસૂચિત જાતિ અને અન્ય બાળકોમાં શિક્ષકો જેઓ સ્થાનિક રહેતા હતા. તેમના બાળકો અભ્યાસ કરતા જોવા મળ્યા હતા.

## પ્રકરણ - ૩

## અર્થ વ્યવસ્થા

આગ પ્રાસ્તાવિકમાં દર્શાવ્યા પ્રમાણે જે બાળકો સ્કૂલમાંથી ઊઠી ગયા છે તેમના કુટુંબનો સંપર્ક કરી તેમની પણ માહિતી મેળવવામાં આવી હતી કે ક્યા કારણસર તેમના બાળકે ભણવાનું છોડી દીધું. આમ સમગ્ર તપાસની નવ શાળામાંથી આઠ શાળાના બાળકો કે જેઓએ ભણવાનું બંધ કર્યું છે. તેમના કુટુંબોનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જેમાંથી ૭૨ કુટુંબોનો સંપર્ક કરી શકાયો હતો. આ કુટુંબોની આર્થિક તેમજ કૌટુંબીક માહિતી મેળવી હતી જે અહી મૂકી છે.

### કોઠા નં.૫

### મુખ્ય વ્યવસાય દર્શાવતો કોઠો

| કુલ કુટુંબો | ખેતી | નોકરી | ખેતમજૂરી |
|---|---|---|---|
| ૭૨ | ૬૪ | ૧ | ૭ |

### કોઠા નં. ૬

### ગૌણ વ્યવસાય દર્શાવતો કોઠો

| મજૂરી | સુથારીકામ | જંગલમ મજૂરી | પશુપાલન | શિવણકામ |
|---|---|---|---|---|
| ૪૧ | ૧ | ૧ | ૨૪ | ૨ |

ઉપરોક્ત વ્યવસાય દર્શાવતા કોઠામાં જોઈ શકાય છે કે મોટાભાગના કુટુંબો ખેતી કરતા જોઈ શકાય છે. નોકરી કરતું ફક્ત એક કુટુંબ છે. જ્યારે ૭ કુટુંબો ખેતમજૂરી કરતા જોઈ શકાય છે. ખેતી એ એમનો મુખ્ય વ્યવસાય છે. ખેતી સિવાયના સમયમાં બીજા આવકનાં સાધન તરીકે મજુરી અને પશુપાલન મુખ્ય છે. એટલે કે ખેતીની આવક અપૂરતી હોઈ તેમને મજૂરી ઉપર આધાર રાખવો

પડે છે. ખેતમજૂરી કે અન્ય મજૂરી કરતા ૪૧ કુટુંબો જોઈ શકાય છે. એટલે કે ખેતી, મજૂરી અને પશુપાલન ઉપર આધારિત કુટુંબોના બાળકો જ અપવ્યય અને સ્થગિતતામાં સપડાયેલા છે.

કોઠા નં. ૭

મકાનનો પ્રકાર અને છાજનો પ્રકાર દર્શાવતો કોઠો

| કુલ કુટુંબો | મકાનનો પ્રકાર | | છાજનો પ્રકાર | | |
|---|---|---|---|---|---|
| | કાચું | પાકું | દેશીનળિયા | વિલાયતી નળિયા | ઘાસ |
| ૭૨ | ૭૦ | ૨ | ૫૭ | ૧૫ | ૨ |

લગભગ બધાજ કુટુંબો કાચા ઘરોમાં રહેતા જોઈ શકાય છે. તેમના ઘરો ઉપરે દેશીનળિયા મુખ્ય હતા. વિલાયતી નળિયાવાળા ફકત ૧૫ કુટુંબો હતા, જ્યારે બે કુટુંબોના ઘરો ઘાસ, પાંદડાના છાજવાળા હતા. એટલે કે વિસ્તારને અનુરૂપ પરંપરાગત બનાવેલ ઘરોમાં મોટાભાગના કુટુંબો વસવાટ કરતા હતા.

કોઠા નં. ૮

જમીન દર્શાવતો કોઠો

| કુલ કુટુંબો | જમીનવાળા | જમીનવગરના |
|---|---|---|
| ૭૨ | ૬૫ | ૭ |

વ્યવસાય દર્શાવતા કોઠામાં જોયુ તેમ ખેતી કરતા કુટુંબોની સંખ્યા વધારે હતી, એટલે કે ૬૫ કુટુંબો પાસે વત્તાઓછા પ્રમાણમાં જમીન હતી, જ્યારે સાત કુટુંબો પાસે બીલકુલ જમીન નહતી, ગૌણ વ્યવસાયમાં દર્શાવ્યા પ્રમાણે જમીન હોવા છતાં તેજ કુટુંબોને મજૂરી કે અન્ય વ્યવસાય કરવો પડતો હતો.

## કોઠા નં. ૯

### જમીનનું પ્રમાણ દર્શાવતો કોઠો

| જમીનવાળા | એકર - ગુંઠા | પિયત એકર ગુંઠા |
|---|---|---|
| ૬૫ | ૧૫૦ - ૨૪ | ૪૨ - ૦૦ |

૬૫ કુટુંબો પાસે ૧૫૦ એકટર ૨૪ ગુંઠા જમીન જોઈ શકાય છે. જે કુટુંબદીઠ સરેરાશ ૨.૩૦ એકર જેટલી થાય છે, જ્યારે કુલ કુટુંબદીઠ ૨.૦૮ એકર જેટલી થાય છે. એટલે કે બધા સીમાન્ત ખેડૂતો જ હતા. કોઈ નાનો કે મોટો ખેડૂત જોઈ શકાતો નથી. જ્યારે પિયત જમીન ફક્ત ૪૨ એકર જ જોઈ શકાય છે. જે કુલ જમીનના લગભગ ૨૮ ટકા જેટલી થાય છે. આમ ખેતી આકાશી અને બિનપિયત છે તેમ જોઈ શકાય છે. પિયત નહી હોવાના કારણે બારેમાસ ખેતી કામ મળી રહેતું ન હોવાથી અન્ય મજૂરી પર આધાર રાખવો પડે છે. પિયત જમીનમાં ઓઈલ એન્જીન, અને કાકરાપાર વિસ્તારમાં કેનાલના પાણીની પણ સગવડ ઉપલબ્ધ હતી. જ્યારે અન્ય વિસ્તારમાં પ્રાઈવેટ કૂવાઓ ધ્વારા પિયત થઈ શકતુ હતું. અમુક વિસ્તારમાં તો પિયત થતું નહતું.

## કોઠા નં. ૧૦

### ખેતીના સાધનો દર્શાવતો કોઠો

| જમીનવાળા | ખેતીના સાધનો |
|---|---|
| ૬૫ | ૨૦૨ |

જમીનવાળા કુલ ૬૫ કુટુંબો પાસે ૨૦૨ ખેતીના સાધનો જોવા મળ્યા હતા. જે કુટુંબદીઠ ૩ જેટલા થાય છે એટલે કે દરેક પાસે હળ, કરબ, જેવા પાયાની જરૂરિયાતવાળા પરંપરાગત સાધનો હતા. જો કે કોદારી, પાવડો, દાતરડા વગેરેનો પણ સમાવેશ કર્યો હોવાથી ખેતીના સાધનોનું પ્રમાણ ઘણું ઓછું જોઈ શકાય છે. કુટુંબદીઠ જમીનનું પ્રમાણ આગાઉ જોયુ તેમ ૨.૩૦ એકર હતી. જે ઘણી જ ઓછી જમીન હોવાથી ખેત ઉત્પાદન પણ ઘણું ઓછું મેળવી શકવાના

કારણે બહાર મજૂરી ઉપર આધાર રાખવો પડતો જોઈ શકાય છે. આમ ઓછા સાધન અપૂરતી સગવડ વગેરે કારણોસર ખેત ઉત્પાદન પણ વધારે લઈ શકતા નથી.

કોઠા નં.૧૧

પશુધન દર્શાવતો કોઠો

| કુલ કુટુંબો | ગાય | ભેંસ | બળદ | બકરી | વાછરડા વાછરડી | મરઘા | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૭૨ | ૪૩ | ૨૫ | ૭૨ | ૧૬૦ | ૧૩ | ૩૬ | ૩૪૯ |
| ટકા | ૧૨.૩૨ | ૭.૧૬ | ૨૦.૬૩ | ૪૫.૮૫ | ૩.૭૩ | ૧૦.૩૧ | ૧૦૦ |

ઉપરોક્ત પશુધન દર્શાવતા કોઠામાં જોઈ શકાય છે કે તપાસેલ ૭૨ કુટુંબો પાસે ૩૪૯ પશુધન હતું. આમાં બકરાઓની સંખ્યા વિશેષ હતી જે કુલ પશુધનના ૪૫.૮૫ ટકા થાય છે. આમ ઓછી જમીન, ખેતીમજુરી કરતા કુટુંબો બકરા પાલવી શકતા હોય તેવી સંખ્યા વધુ જોઈ શકાય છે. જમીનવાળા ૬૫ કુટુંબો પાસે ૭૨ બળદ હતા, એટલે કે ખેતી માટે દરેક ખેડુતને બે બળદની જરૂર પડે તે પણ પૂરતા પ્રમાણમાં જોઈ શકાતા નથી, એટલે કે એક બળદથી કામ ચલાવતા કુટુંબોની સંખ્યા સવિશેષ જોઈ શકાય છે. શ્વેતક્રાંતિની હજુ આ વિસ્તાર કે કુટુંબોમાં પ્રમાણ ઓછું જોવા મળે છે. કારણ કે ઘણા ઓછા કુટુંબો પાસે ગાય, ભેંસ જોઈ શકાય છે. જે કુલ પશુધનમાં ૧૨.૩૨ અને ૭.૧૬ ટકા જેટલું હતું. આમ તપાસેલ કુટુંબો પાસે પશુધનની સંખ્યા ઘણી ઓછી જોઈ શકાઈ હતી. એજ રીતે જમીનવાળા ૬૫ કુટુંબોની જમીનમાં વૃક્ષો કેટલા પ્રમાણમાં છે તે પ્રમાણ જોઈએ તે ૨૭૬ વૃક્ષો હોવાનું જાણવા મળેલ જેમાં આંબા, ખેર, ખાખરા, સાગ, આંબલી, બોરડી, વિગેરે જેવા ઝાડોનો સમાવેશ થતો હતો. આમ ચાર, પાંચ વૃક્ષો દરેકના માલિકીની જમીનમાં હતા. જો કે આ પ્રમાણ ઘણું ઓછુ તો કહી જ શકાય.

તપાસેલ ૭૨ કુટુંબોની ઘરવખરીના સાધનોની માહિતી મેળવી હતી જેમાં ૬૭૨ જેટલા સાધનો હોવાનું માલુમ પડયુ હતું. એટલે કે ફક્ત નવ દસ સાધનો જોવા મળ્યા હતા. આમ ઘણા સીમીત સાધનો જોવા મળ્યા હતા.

...ે કે પોતાની જરૂરિયાત કરતાં પણ ઓછા સાધનો હોય તેવા પણ ...ો જોવા મળ્યા હતા. ભાગ્યે જ કોઈની પાસે મોજશોખના સાધનો જોવા મળતા હતા. સાધનોમાં ઘરઉપયોગી સાધનો સાથે મોજશોખના સાધનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. કેટલાક કુટુંબો પાસે ઘડિયાળ, રેડીયો કે સાયકલ જેવા સાધન સિવાય કંઈ જોવા મળ્યુ હતું.

કોઠા નં. ૧૨

વાર્ષિક આવક દર્શાવતો કોઠો

| કુલ કુટુંબો | ખેતી | પશુપાલન | જંગલમજૂરી | મજૂરી ખેતમજૂરી | નોકરી | ગૃહઉદ્યોગ સ્વરોજગારી | વેપાર | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૨ | ૨૪૪૭૪૦ | ૭૦૨૦૦ | ૩૩૯૫૦ | ૮૧૫૦૦ | ૨૪૬૦૦ | ૧૨૫૦૦ | ૨૪૦૦ | ૧૬૮૦૦ | ૪૮૬૬૯૦ |
| ટકા | ૫૦.૨૮ | ૧૪.૪૨ | ૬.૯૮ | ૧૬.૭૬ | ૫.૦૫ | ૨.૫૭ | ૦.૪૯ | ૩.૪૫ | ૧૦૦ |

ઉપરોક્ત આવક દર્શાવતા કોઠામાં જોઈ શકાય છે કે તપાસેલ ૭૨ કુટુંબોની વાર્ષિક આવક ૪૮૬૬૯૦ની હતી. જેમાં ૫૦.૨૮ ટકા ખેતીની આવક હતી. એટલે કે ખેતી ઉપર આધારીત કુટુંબો હતા. પશુપાલનની આવક ૧૪.૪૨ ટકા આવક હતી. જે ખેતી સાથેનો પુરક વ્યવસાય ગણવામાં આવે છે. જ્યારે બીજા નંબરે મજૂરી અને ખેતમજૂરીની આવક જોઈ શકાય છે. જે કુલ આવકના ૧૬.૭૬ ટકા જેટલી હતી, જ્યારે જંગલ મજૂરીની આવક ૬.૯૮ ટકા હતી. આમ બીજા નંબરની આવક મજૂરીની હતી જે બતાવે છે. ખેતી ઉપરાંત મજૂરી અનિવાર્ય હતી. બાકીની આવકમાં નોકરી, ગૃહઉદ્યોગ, સ્વરોજગારી, વેપાર વગેરેની આવક ઘણી જ ઓછી જોઈ શકાય છે. નોકરીમાં પંચાયતના પટાવાળા, સ્વરોજગારીમાં સુથારીકામ, લુહારીકામનો સમાવેશ છે. જ્યારે વેપાર ઘર વપરાશી વસ્તુની પોતાના ઘરમાં જ નાની હાટડીનો સમાવેશ થાય છે.

અન્ય આવકમાં માછલા પકડવા, જંગલગૌણ પેદાશ એકત્ર કરવી, તેમજ છુટક ઘરગથ્થુ કામનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઉપરોક્ત આવકમાં કુટુંબદીઠ આવક જોઈએ તો ૬૭૫૯ રૂા. જેટલી વાર્ષિક થાય છે. જે ગરીબી રેખા નીચેના કુટુંબો કહી શકાય. તેમની માથાદીઠ આવક ૧૦૩૭ જેટલી થાય છે. જે માસિક ૧૦૦ રૂા. જેટલી પણ થતી નથી. ઉપરોક્ત આવકમાં ઉત્પાદન ખર્ચ બાદ કરવામાં આવ્યો નથી. ઉત્પાદન ખર્ચ ૪૬૫૫૦ રુપિયા દર્શાવવામાં આવ્યો છે. જો તે ખર્ચ બાદ કરવામાં આવે તો ૪,૪૦,૬૪૦ રુપિયા ચોખ્ખી આવક થાય છે. જે કુટુંબદીઠ વાર્ષિક ૬૧૧૩ રુપિયા અને માથાદીઠ ૯૩૮ રુપિયા જેટલી થાય છે. આ જોતાં એમ લાગે છે કે આર્થિક ભીંસ સખત અનુભવતા જોવા મળે છે. અને એના કારણે જ પોતાના બાળકોને કામધંધે રોકે છે અને નિશાળ જતા બંધ કરે છે. નાના બાળકોને રાખવા, ઢોર ચરાવતા, ખેતી કામમાં મદદ કરવી વગેરે નાના કામો બાળકો પાસે તેના ભણવાના ભોગે કરાવવામાં આવતુ હોય તેમ લાગે છે.

**દેવું :**

તપાસેલ ૭૨ કુટુંબોમાં ૨૨ કુટુંબો દેવાદાર હતા. જે કુલ કુટુંબના ૩૦.૫૫ ટકા થાય છે, જ્યારે તેમનું દેવું ૬૫,૭૦૦ રુા. દેવુ હતું જે દેવાદાર કુટુંબદીઠ ૨૯૮૬ રૂપિયા જેટલું થાય છે. આમ ઓછી આવકને કારણે તેમને દેવું કરવું પડતું હોય તેમ જોઈ શકાય છે. દેવું કોની પાસેથી મેળવ્યું તેના જવાબમાં શાહુકાર, વેપારી પાસેથી ૧૧, સગાસંબંધી પાસે ૫ અને બેંકમાંથી લીધુ હોય તેવા ૫ કુટુંબો હતા. શાહુકાર અને સગાસંબંધી મેળવનારની સંખ્યા વધારે જોવા મળી હતી. આ દેવું શા માટે લેવામાં આવ્યું તેના જવાબમાં ઘરખર્ચ માટે ૬, લગ્ન પ્રસંગ માટે ૭, મરણ પ્રસંગ માટે ૨, ઓઈલ એન્જીન માટે ૩, પશુ ખરીદવા ૧, માંદગી માટે ૨ કુટુંબોએ મેળવેલ હતું. ઘરખર્ચ માટે મેળવનારની સંખ્યા ૬ હતી. જ્યારે સામાજીક પ્રસંગ માટે દેવું લેનારની સંખ્યા ૯ હતી જે સૌથી વધુ હતી, જ્યારે ઉત્પાદન ખર્ચ માટે દેવું કરનાર કુટુંબની સંખ્યા ૪ હતી. જેમને દેવું બેંક પાસેથી મેળવ્યુ હતું. આમ ગરીબીરેખા નીચે જીવતા હોવાથી આકસ્મિક ખર્ચ આવી પડે ત્યારે દેવું કરવું જ પડે તેવી સ્થિતિ જોઈ શકાય છે.

### કોઠા નં. ૧૩

### ઉંમર પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો

| કુલ કુટુંબો | ૧ થી ૫ | | ૬ થી ૧૦ | | ૧૧ થી ૧૫ | | ૧૬ થી ૨૫ | | ૨૬ થી ૩૫ | | ૩૬ થી ૪૫ | | ૪૬ થી ૬૦ | | ૬૦ થી ઉપર | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | |
| ૭૨ | ૨૯ | ૨૪ | ૩૪ | ૩૯ | ૪૫ | ૩૯ | ૪૭ | ૪૯ | ૩૧ | ૩૦ | ૨૭ | ૩૧ | ૨૧ | ૧૭ | ૨ | ૪ | ૨૩૬ | ૨૩૩ | ૪૬૯ |
| | | | | | | | | | | | | | | | | ટકા | ૫૦.૩૧ | ૪૯.૬૯ | ૧૦૦ |

ઉપરોક્ત વય દર્શાવતા કોઠામાં ૪૬૯ કુલ રાજ્ય સંખ્યામાં ૨૩૬ પુરુષો અને ૨૩૩ સ્ત્રીઓ હતી જે અનુક્રમે ૫૦.૩૧ ટકા અને ૪૯.૬૯ ટકા એટલે કે પુરુષોની સંખ્યા થોડી વધારે જોઈ શકાઈ હતી. ૧ થી ૧૫ વર્ષના બાળકોનો વિચાર કરીએ તો પુરુષ બાળકો ૧૦૮ અને સ્ત્રી બાળકો ૧૦૨ની સંખ્યા થાય છે. જે કુલ પુરુષોમાં ૪૫.૦૭ ટકા અને સ્ત્રીઓમાં ૪૩.૭૮ ટકા થાય છે. કુલ સભ્ય સંખ્યામાં ૪૪.૭૮ ટકા તો બાળકો એવા હતા જેમની ઉંમર ભણવા જવાની હતી, જ્યારે પુખ્તવયના એટલે કે જે કમાણી કરી શકે તેવા ૧૬ થી ૪૫ વર્ષના પુરુષોની સંખ્યા ૧૦૫ હતી, જ્યારે સ્ત્રીઓની સંખ્યા ૧૧૦ની હતી જે કુલ પુરુષોમાં ૪૪.૪૯ અને સ્ત્રીઓમાં ૪૭.૨૧ ટકા જેટલી જોઈ શકાય છે. ૧ થી ૧૫ વર્ષના બાળકો અને પુખ્તવયના સ્ત્રી પુરુષોની સભ્ય સંખ્યા લગભગ સરખી છે. આનો અર્થ એ થયો કે કમાનાર અને નહી કમાનારની સંખ્યા સરખી હોય તો કમાનાર વ્યક્તિઓ ઉપર તેમનો બોજો વધી પડે અને નહી કમાનારે તેમને મદદ કરવી પડે આના કારણે પણ નિશાળે જવાનું છોડી રોજગારી પાછળ ધ્યાન વધારે આપે તેમ પણ કરી શકાય.

## કોઠા નં. ૧૪

## વૈવાહિક દરજ્જો દર્શાવતો કોઠો

| કુલ કુટુંબો | પરણિત | | અપરણિત | | છુટાછેડા | | વિધુર | વિધવા | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | | | પુરુષ | સ્ત્રી |
| ૭૨ | ૮૯ | ૯૧ | ૧૪૬ | ૧૩૨ | – | ૧ | ૧ | ૧ | ૨૩૬ | ૨૩૩ |
| ટકા | ૩૭.૭૨ | ૩૯.૦૫ | ૬૧.૭૭ | ૫૬.૬૬ | | | | | | |

ઉપરોક્ત વૈવાહિક દરજ્જો દર્શાવતા કોઠામાં જોઈ શકાય છે કે કુલ સભ્ય સંખ્યામાં ૩૮.૩૦ ટકા સ્ત્રી, પુરુષો પરણિત હતા, જ્યારે જ્યારે અપરણિત ૫૯.૨૭ ટકાના બાકીના વિધુર, વિધવા જોઈ શકાય છે. એટલે કે સરેરાશ કુટુંબ સભ્ય સંખ્યા ૭ ઉપર જોઈ શકાય છે. એટલે કે કુટુંબકદ મોટું હોવાના કારણે આર્થિક ઉત્પાદનની પણ જવાબદારી વધવાની. આના કારણે બાળકોને નિશાળે જતા અટકાવી રોજગારી મળે તેવા અથવા રોજગારીમાં મદદ કરી શકે તે માટે રોકી લેવામાં આવતા કહી શકાય. અથવા આર્થિક ભીંસના કારણે બાળકો ઉપર પૂરતા પ્રમાણમાં ધ્યાન પણ ન આપી શકાય.

## કોઠા નં.૧૫

### કમાનાર નહીં કમાનાર દર્શાવતો કોઠો

| કમાનાર | | નહીં કમાનાર | | કુલ | |
|---|---|---|---|---|---|
| પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧૬૩ | ૧૪૯ | ૭૩ | ૮૪ | ૨૩૬ | ૨૩૩ |
| ૬૯.૦૬ | ૬૩.૯૫ | ૩૦.૯૪ | ૩૬.૦૫ | | |

ઉપરોક્ત કોઠા ઉપરથી જોઈ શકાય છે કે કામકરનારની સંખ્યા કુલ સભ્ય સંખ્યામાં ૬૬.૫૨ ટકા જેટલી થાય છે એટલે કે કુટુંબના ગણાબધા સભ્યોને કામ કરવું પડતું હોય છે. વયજૂથ દર્શાવતા કોઠામાં જોયુ તેમ ૧ થી ૧૫ વર્ષના બાળકો કે જેની ઉંમર ભણવાની છે. તેવા ૨૧૦ બાળકો છે જે કુલ સભ્ય સંખ્યાના ૪૪.૭૮ ટકા જેટલી જોવા મળે છે. આનો અર્થ એ થાય કે મોટા ભાગના બાળકોને કંઈને કંઈ કામ કરવું જ પડતું હોય છે. એટલા માટેજ તેમને તેઓ શાળા કરતાં કામને વધારે મહત્વ આપી તેમની પાસે અર્થોપાર્જન કરાવતા હોય છે. પ્રાથમિક અભ્યાસ મફત હોવા છતાં તેઓ લાભ બધા કુટુંબોના બાળકો લઈ શકતા નથી.

કોઠા નં. ૧૬

અભ્યાસ દર્શાવતો કોઠો

| કુલ કુટુંબો | અભણ | | ૧ થી ૪ ધોરણ | | ૫ થી ૭ ધોરણ | | ૮ થી ૧૦ ધોરણ | | ૧૧ થી ૧૨ ધોરણ | | ઉચ્ચ અભ્યાસ | | ભણેલા કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | |
| ૭૨ | ૯૬ | ૧૫૦ | ૬૬ | ૩૨ | ૨૮ | ૧૯ | ૨૧ | ૪ | ૬ | – | ૨ | – | ૧૨૩ | ૫૫ | ૧૭૮ |
| ટકા | ૪૦.૬૭ | ૬૪.૩૭ | ૨૭.૯૬ | ૧૩.૭૩ | ૧૧.૮૬ | ૮.૧૫ | ૮.૮૯ | ૧.૭૧ | ૨.૫૪ | | ૦.૮૪ | | ૫.૨૧૧ | ૨૩.૬૧ | ૩૭.૯૫ |

તપાસેલ ૭૨ કુટુંબોના સભ્યોની અભ્યાસ શ્રેણીની માહિતી જોઈએ તો કુલ સમગ્ર સંખ્યામાં ૧૭૮ સભ્ય સંખ્યા શિક્ષિત માલુમ પડી હતી જે કુલ સભ્ય સંખ્યામાં શિક્ષણનું પ્રમાણે ૩૭.૯૫ ટકા જેટલું જોઈ શકાય છે. કુલ પુરુષ સભ્ય સંખ્યામાં ૫૨.૧૧ ટકા અને સ્ત્રી સભ્ય સંખ્યામાં ૨૩.૬૧ ટકા શિક્ષણ જોવા મળ્યું હતું. આમ સ્ત્રી સભ્ય સંખ્યામાં શિક્ષણ ઓછું જોઈ શકાય છે. કુલ સભ્ય સંખ્યામાં ૫૨.૪૫ ટકા સભ્ય સંખ્યા અભણ હતી. જેમાં ૪૦.૬૭ ટકા પુરુષો અને ૬૪.૩૭ ટકા સ્ત્રીઓ અભણ હતી. ૧ થી ૪ ધોરણ ભણેલા પુરુષો ૨૭.૯૬ ટકા અને સ્ત્રીઓ ૧૩.૭૩ ટકા હતી. ૫ થી ૭ ધોરણ સુધી ભણેલા પુરુષોની ૧૧.૮૬ ટકા અને સ્ત્રીઓ ૮.૧૫ ટકા હતી. તેજ રીતે ૮ થી ૧૦ ધોરણ સુધી ભણેલા પુરુષો ૮.૮૯ ટકા અને સ્ત્રીઓ ૧.૭૧ ટકા હતી. ૧૧ થી ૧૨ ધોરણ સુધી ભણેલામાં ફક્ત પુરુષ સભ્ય સંખ્યા હતી જે કુલ પુરુષ સભ્ય સંખ્યાના ૨.૫૪ ટકા થાય છે. તેજ રીતે ઉચ્ચ અભ્યાસ સુધી પુરુષ સભ્ય સંખ્યા ૦.૮૪ ટકા જેટલી જોઈ શકાય છે.

[illegible]વાર અભ્યાસમાં જોઈ શકાય છે કે ૧ થી ૪ ધોરણ સુધીની [illegible]વધારે છે. જેમ જેમ ઉપરના ધોરણ આવતા જાય છે. તેમ તેમ [illegible]પ્રમાણ વધેલું જોઈ શકાય છે. આમાં પણ ૧૦ ધોરણ સુધી ફક્ત [illegible] અભ્યાસ કરેલો છે. એથી આગળ એક પણ કન્યા જોઈ શકાઈ [illegible] એમ પણ કહી શકાય કે ભણવા માટે દાખલ તો થાય છે. પણ ઉચ્ચ અભ્યાસ સુધી પહોંચી શકતા નથી. ઉપરોક્ત અભ્યાસના આંકડા ભણેલા અને ચાલુ અભ્યાસવાળા બન્નેના સાથે લેવામાં આવ્યા હોઈ એમ પણ કહી શકાય કે ધીમે ધીમે શિક્ષણનો વ્યાપ વધ્યો છે. ભણવાના લાભાલાભની જાણકારી વધી હોય અને બાળકોને નિશાળે મોકલતા થયા હોય પણ સ્થગિતતાના પ્રમાણમાં કોઈ ફેર દેખાતો નથી તે સતત વધેલું જોઈ શકાય છે.

<u>કોઠા નં. ૧૭</u>

<u>શાળા છોડયાની વિગત દર્શાવતો કોઠો</u>

| કુલ કુટુંબો | ૧ થી ૪ ધોરણ | | ૫ થી ૭ ધોરણ | | ૮ થી ૧૦ | | ૧૧ થી ૧૨ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૭૨ | ૪૫ | ૩૦ | ૨૨ | ૨૧ | ૧૪ | ૩ | ૬ | – | ૮૭ | ૫૪ |
| ટકા | ૫૧.૭૩ | ૫૫.૫૬ | ૨૫.૨૮ | ૩૮.૮૯ | ૧૬.૦૯ | ૫.૫૫ | ૬.૯૦ | | ૭૦.૭૪ | ૯૮.૧૮ |

ઉપરોક્ત શાળા છોડવાની વિગતનો કોઠો જોઈએ તો કુલ ભણેલા ૧૭૮ માંથી ૧૪૧ બાળકોએ અભ્યાસ છોડયો છે. એટલે કે કુલ ભણેલાનાં ૭૯.૨૧ ટકા એ તો અધવચ્ચેથી જ અભ્યાસ છોડેલો જોઈ શકાય છે. આનો અર્થ એ થાય કે માત્ર ૨૦.૭૯ ટકા જ બાળકોનો અભ્યાસ ચાલુ છે. કુલ ભણેલા પુરુષોમાંથી ૭૦.૭૪ ટકા અને સ્ત્રીઓમાં ૯૮.૧૮ ટકાએ અભ્યાસ અધવચ્ચેથી જ છોડયો છે. એટલે કે કન્યાઓ તો ધોરણ ૧૦ પછી આગળ વધી પણ નથી, જ્યારે ફક્ત ૬ કુમારોએ ધોરણ ૧૧ થી ૧૨ સુધી અભ્યાસ કરીને અભ્યાસ છોડયો છે. આમ તપાસેલ ૭૨ કુટુંબના એકપણ સભ્યોએ ધોરણ ૧૧, ૧૨ પછી આગળ અભ્યાસમાં ચાલુ હોય તેમ જોઈ શકાતુ નથી. જો કે શરૂના ધોરણથી જ આ પ્રમાણ વધેલું જોઈ શકાય છે. તે ધીમે ધીમે ધોરણ આગળ વધતાં શૂન્ય જોઈ શકાય છે.

## પ્રકરણ – ૪

## અપવ્યય અને સ્થગિતતા

૭૨ કુટુંબો એવા હતા કે જેમના કુટુંબમાંથી બાળકોએ શાળા છોડી ... વર્ષ ૧૯૮૭–૮૮થી દાખલ થયેલ બાળકોમાંથી ૧૯૯૪–૯૫ના વર્ષ ... ધોરણમાંથી શાળા છોડી છે તેવા બાળકોના વાલીઓનો સંપર્ક ... મના બાળકોએ ક્યા કારણસર શાળા છોડી તે કારણે ભણવાનો પ્રયત્ન ... માં આવ્યો હતો. જેમાં શાળા છોડવાના વિવિધ કારણો નીચે પ્રમાણે ... વામાં આવ્યા છે.

| ક્રમ | કારણ | જવાબ આપનારની સંખ્યા |
|---|---|---|
| ૧. | પિતાનું મૃત્યુ થવાથી | ૪ |
| ૨. | નાના બાળકોને સાચવવા | ૨ |
| ૩. | આર્થિક સ્થિતિ નબળી | ૨૦ |
| ૪. | ઢોર ચરાવવા | ૯ |
| ૫. | કારપેટમાં જવાથી | ૫ |
| ૬. | ખેતી તથા ઘરકામ | ૧૨ |
| ૭. | બીમાર થવાથી, ગુમડા થવાથી | ૭ |
| ૮. | લગ્ન થવાથી | ૧ |
| ૯. | હાઈસ્કૂલ બંધ થવાથી | ૧ |
| ૧૦. | હીરા ઘસવા જવાથી | ૧ |
| ૧૧. | શાળાએ અનિયમિત જવાથી | ૧ |
| ૧૨. | બહારગામ મજૂરી જવાથી | ૧ |
| ૧૩. | નાપાસ થવાથી | ૮ |
| ૧૪. | કપડા સારા નહી હોવાથી | ૨ |
| ૧૫. | મા, બાપની બીમારી | ૫ |
| ૧૬. | ભણવામાં રસ ન હોવાથી | ૧ |
| ૧૭. | જાણકારી ન હોવાથી | ૧ |
| ૧૮. | વાલીની બીનકાળજી | ૧ |
| ૧૯. | ઘરની જવાબદારી | ૧ |
| ૨૦. | જાતે જ છોડ્યો છે | ૨ |
| ૨૧. | સાથે ભણતા છોકરા ઊઠી ગયા હોવાથી | ૨ |
| ૨૨. | અભ્યાસમાં નબળો હોવાથી | ૨ |
| | કુલ. | ૯૦ |

ઉપરોક્ત જુદા જુદા ૨૨ કારણો જાણવા મળ્યા હતા. જેમાં દરેક બાળકોએ એક કરતાં વધારે કારણો અભ્યાસ છોડવાના બતાવ્યા હતા. આ ઉપરાંત પણ કેટલા કારણ જાણવા મળ્યા હતા. જેમાં ધંધાની શોધમાં, ખોટી સોબત, રસ નથી, રમતીયાળ છે, નોકરી મળતી નથી વગેરે કારણો પણ જાણવા મળ્યા હતા. ઉપરોક્ત બધા કારણો તપાસીએ તો ભણવાની કોઈ મુશ્કેલી હોય અને અભ્યાસ છોડયો હોય તેમ લાગતું નથી. પણ તેમના અંગત કારણો જ જવાબદાર ગણાવી શકાય. અભ્યાસ નબળો હોવાના કારણે અભ્યાસ છોડયા હોય તેવા બે કારણો જાણવા મળેલા. જ્યારે નાપાસ થવાથી (મન લાગવાથી) અભ્યાસ છોડયો હોય તેવા ૮ જવાબો હતા, જ્યારે મુખ્ય કારણ આર્થિક બતાવ્યું છે જે કુલ કારણોના ૨૨.૨૨ ટકા કારણો હતા જે સૌથી વધારે હતા. બીજા બધાબધા કારણો એવા જોવા મળે છે જે મોટાભાગે આર્થિક સાથે સંકળાયેલા જોઈ શકાય છે. પુરક કારણોમાં પણ આર્થિક સ્થિતિનું કારણ જોઈ શકાય છે. તેમના કુટુંબમાં કોઈ આકસ્મિક આપત્તિ કે બીમારી આવી જાય તેની અસર પણ બાળકના ભણવા ઉપર જોઈ શકાય છે. દા.ત. પિતાના મૃત્યુ થવાથી અભ્યાસ છોડયો હોય તેવા પણ કારણો બતાવવામાં આવ્યા છે. સાથે સાથે બિમારીના પણ કારણો બતાવવામાં આવ્યા છે. બાળક બીમાર પડે કે ચાંદા, ગુમડા થાય તો પણ તે સ્કૂલ જવાનું છોડી દે છે. સાથે સાથે ગેરહાજર રહે અને ઘણા દિવસ સુધી શાળાએ ન જાય તો પણ ફરીવાર શાળાએ જતા નથી. સાથીદાર ભણવાનું છોડી દે તો પણ બીજા છોકરા શાળા છોડી દે. આ બધા કારણોમાં વાલીની બીનકાળજી જવાબદાર કહી શકાય. આર્થિક સ્થિતિ તો નબળી હોય અને એમાં વળી બાળકો ને ભણાવવા માટેના કપડાં, પૈસા વગેરે નહી હોવાથી પણ ભણવાનું છોડી દે. સાથે સાથે બાળકોને લગતું કોઈ કામ આવી પડે તો પણ બાળકો કામે લાગી જાય છે. દા.ત. કારપેટ ઉદ્યોગ દક્ષિણ ગુજરાતમાં કેટલાક ગામોમાં કારપેટના સેન્ટર ચાલે છે. જે નાના બાળકો સારુ કામ કરી શકતા હોઈ બાળકો નિશાળે જવાના બદલે કારપેટમાં મજૂરી કરવા જાય છે. ઉત્તર ગુજરાત દાંતા, પોશીના પટ્ટામાં વેર પ્રથા પ્રચલિત હોય કોઈ ગામ કે વ્યક્તિ વચ્ચે વેરભાવ જાગે તો તે ગામે કે ફળિયામાં બાળકોને પણ જવા દેવામાં આવતા નથી. આમ હજુ સુધી ભણવા માટેની જે જાગૃતિ આવવી જોઈએ તે જોઈ શકાતી નથી. આના મૂળમાં તેમની આર્થિક સ્થિતિ અને બિનકાળજી જવાબદાર કહી શકાય.

બાળકોના અભ્યાસ છોડવાનાં કારણો જોયા તેજ વાલીઓને બાળકોને [illegible] સુધી ભણાવવા જોઈએ તેવો સવાલ પણ પુછવામાં આવ્યો હતો. એમાં [illegible]ો રસ પડયો હોય તેમ જણાતું નથી. તેમ છતાં બાળકોને ભણાવવા [illegible]તેમનો માનતા થયા છે. ભણે ત્યાં સુધી ભણાવવા જોઈએ તેવા ૧૨ [illegible]બો હતા, જ્યારે કોલેજ સુધી ભણાવવા જોઈએ તેવા ૨૫ જવાબો હતા [illegible] સૌથી વધુ હતા. ધોરણ ૧૨ સુધી ભણાવવા જોઈએ તેવા ૮ જવાબો હતા. જ્યારે દસ ધોરણ સુધી ભણાવવા જોઈએ તેવા ૧૭ જવાબો હતા. એકથી ચાર અને ચારથી સાત સુધીના ફક્ત અનુક્રમે ૩ અને ૪ જવાબ હોવા છતાં એકપણ કુટુંબનું બાળક કોલેજ સુધી ગયેલ જોઈ શકાતું નથી. આનો અર્થ એ થાય કે કાં તો તે ભણવા ઈચ્છે છતાં ભણાવી શકતા નથી અથવા ક્યાં સુધી ભણાવવા જોઈએ તેની જાણકારી પોતાને નથી એટલે કે વધુ ભણાવવા જોઈએ તેમ માને છે. પણ આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે તે આગળ ભણાવી શકતા નથી. આમ છતાં આ જવાબના આધારે એક વાત પણ થાય છે કે અનુસૂચિતમાં દર્શાવ્યા પ્રમાણે ક્યાં સુધી ભણાવવા જોઈએ તેના ગ્રૂપ આપ્યા હોવાથી પ્રશ્નકર્તા તે ગ્રૂપ બોલે તેના જવાબો ઉત્તરદાતાએ હા માંજ આપ્યા હોય તેમ સ્પષ્ટ જોઈ શકાય છે. જેઓ ઉચ્ચ અભ્યાસ સુધી બાળકને ભણાવવા માગતા હોય તો તેમના બાળકોને નિશાળેથી ઉઠાડી લે નહી એમ કહી શકાય કે સંશોધકના પૂછેલા પ્રશ્નો- તેમને 'હા' માં 'હા' મીલાવી જવાબ આપ્યા છે.

તમારા બાળકો ભણવા જાય તેના કારણે તેમને કોઈ મુશ્કેલી પડે છે. તેવા પ્રશ્નના જવાબમાં ૪૧ ઉત્તરદાતાઓએ 'હા' માં જવાબ આપ્યા છે. જ્યારે ૧૮ ઉત્તરદાતાઓએ ના માં જવાબ આપ્યા છે. જ્યારે બાકીના ઉત્તરદાતાઓએ 'હા' માં કે 'ના' માં જવાબ આપ્યા નથી. જોકે મોટા-ભાગના ઉત્તરદાતાઓએ 'હા' માં જવાબ આપ્યા છે. બાળકોએ ભણાવવામાં મુશ્કેલી પડે છે. જે કુલ જવાબના ૬૯.૪૯ ટકા જેટલા થાય છે. જ્યારે ફક્ત ૩૦.૫૧ ટકા જવાબો 'ના' માં હતા. કે કોઈ મુશ્કેલી પડતી નથી. આમ મોટાભાગના કુટુંબોને મુશ્કેલી પડતી હતી તે જોઈ શકાય છે.

તેમને કેવા પ્રકારની મુશ્કેલી પડે છે તેના જવાબમાં આગળ જે કારણો જોયા તેજ કારણોનું પુનરાવર્તન જોવા મળે છે. આર્થિક કારણ મુખ્ય છે. ખેતી-કામમાં મદદ, જમીન ઓછી હોવાથી બહારગામ મજૂરી જવું પડે છે. ઘરકામ, ઢોરચરાવવા, વગેરે કારણો મુખ્ય દર્શાવવામાં આવ્યા હતા. એટલે કે ઘરના

કામમાં મદદ કરી શકે તેટલી ઉંમરનું બાળક થાય એટલે તે
તેમાં બાળકો સાચવવાનું, ઢોર ચરાવવાનું, ઘરકામ વગેરે મુખ્ય

ભણવા પાછળનો ખર્ચ હોંશે પોષાય તેમ ન હોય તો તમે બાળકને ...વવું બંધ કરશો તેવા પ્રશ્નના જવાબમાં 'હા' માં ૩૬ જવાબ હતા. જ્યારે ...માં ૩૧ જવાબ હતા. જ્યારે બાકીના પાંચ ઉત્તરદાતાઓએ કોઈ ... આપ્યા નહતા. ખર્ચ ન પોષાય તો ભણવાનું બંધ કરાવે તેવા જવાબ ...નાર ઉત્તરદાતાના જવાબો કુલ જવાબના ૫૩.૭૩ ટકા હતા. જે થોડા ...વારે હતા, કારણકે જે બાળકો ભણવા જતા હતા અને ઉઠી ગયા હતા જેમાં મુખ્ય કારણ તેમની આર્થિક પરિસ્થિતિ જવાબદાર જોઈ શકાય છે. જ્યારે ભણવાનું મહત્વ જાણકાર ઉત્તરદાતાઓ ફક્ત ખર્ચના જ કારણે બાળકને ભણાવવાનું બંધ કરવામાં માનતા નહતા. બાળક ભણે તો તેઓ તેના માટે ખર્ચ કરવા તૈયા હતા. આમ બીજા પણ કારણોથી નિશાળ છોડતા હોવાના કારણોમાં જોઈ શકાય છે કે એકલા ખર્ચનો સવાલ નહતો.

સાથે સાથે એવો પણ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે ભણવાનું બંધ કરાવો તો કોને અને શા માટે તેવા પ્રશ્નના જવાબમાં છોકરા, છોકરી બન્ને ને બંધ કરાવે તેવા ફક્ત ત્રણ જવાબ હતા, જ્યારે છોકરીને બંધ કરાવે તેવા નવ જવાબ હતા. આનો અર્થ એ થાય કે છોકરીને હજુ પણ ભણાવવામાં ઓછુ માને છે. બંધ કરવાનો સવાલ ઊભો થાય તો છોકરીની પસંદગી પ્રથમ કરવામાં આવે છે. એના કારણે જોઈએ તો સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું જોઈ શકાય છે. અપવ્યય અને સ્થગિતતામાં પણ છોકરીઓનું પ્રમાણ વધારે જોવા મળે છે.

જે લોકો ખર્ચ કરીને ભણાવવા માગે છે તેવા ઉત્તરદાતાઓ જણાવે છે કે બાળકો ભણે તો તેમનું જીવન સુધરે. મા-બાપ માટે તેઓ ખર્ચ કરે તેમને નોકરી મળે. ઘરનો તેમજ અન્ય હીસાબ કીતાબ રાખીશ્રે શકે તે માટે તેમને ભણાવવા જોઈએ. એક ઉત્તરદાતાએ તો એવો પણ જવાબ આપેલો છે કે અભણ રહે તે હવે ગમતું નથી. તેથી ઓછામાં ઓછું ૧૦ ધોરણ સુધી તો બાળકોને ભણાવવા જ જોઈએ. આ તેમની ભણાવવાની ઈચ્છા વ્યક્ત થાય છે. એટલે કે ભણાવવા તો માગે છે પણ ભણેલા બેકાર કે કામધંધા વગરના સમાજમાં ફરતા હોય ત્યારે ...નો ઉત્સાહ ભણાવવા તરફ રહેતો નથી.

શાળામાં ભણતા છોકરા/છોકરીને સરકાર તરફથી શિષ્યવૃત્તિ મળે છે તેની જાણ છે તેવા પ્રશ્નના જવાબમાં ૬૮ ઉત્તરદાતાઓના 'હા' માં જવાબ હતા, જ્યારે ફક્ત ચાર ઉત્તરદાતાઓના 'ના' માં જવાબ હતા. એટલે કે મોટાભાગના વાલીઓને શિષ્યવૃત્તિ અંગેની જાણકારી હતી. જ્યારે ખબર નથી તેવા ફક્ત બે જ ઉત્તરદાતા હતા, જ્યારે નાપાસ થવાથી નથી મળતી તેવા બે ઉત્તરદાતાઓ હતા. આમ સરકાર તરફથી મળતી સહાયની તેમને જાણકારી હતી. જેમનું બાળક શાળામે જાય છે અથવા તેમને શાળા છોડી દીધી છે તેવા ઉત્તરદાતાઓ પાસેથી શાળાના અંતર અંગે પણ જાણકારી મેળવી હતી. જેનાથી એ જાણી શકાય કે શાળા દુર હોવાના કારણે પણ બાળકો ભણવા ન જતા હોય.

કોઠા નં. ૧૮

અંતર દર્શાવતો કોઠો

| ક્રમ | અંતર | જવાબ | ટકા |
|---|---|---|---|
| ૧. | નજીક | ૧૯ | ૨૬.૩૯ |
| ૨. | ૦।। કિ.મી. | ૨૨ | ૩૦.૫૬ |
| ૩. | ૧ કિ.મી. | ૧૮ | ૨૫.૦૦ |
| ૪. | ૨ કિ.મી. | ૧૨ | ૧૬.૬૭ |
| ૫. | ૨ કિ.મી.થી વધુ | ૧ | ૧.૩૮ |
| | કુલ | ૭૨ | ૧૦૦.૦૦ |

આદિવાસી સઘન વસ્તી ધરાવતા વિસ્તારો દાંતાથી ઉંમરગામ સુધીની પૂર્વપટ્ટી ડુંગરાળ, નદીનાળા તેમજ જંગલ આચ્છાદીત હોવાના કારણે વળી વસ્તી પણ છુટીછવાઇ દૂર દૂરના ફળિયાઓમાં રહેતી હોવાથી કોઇપણ યોજનાના અમલમાં મુશ્કેલી આવે અને તેનો લાભ લેનાર વ્યક્તિઓને પણ મુશ્કેલી પડે તે સમજી શકાય તેવી બાબત છે. તેમ છતાં પ્રાથમિક શિક્ષણની સુવિધા નજીકમાં નજીકના સ્થળે ગોઠવાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેમ છતાં ૧ થી ૨ કિ.મી.નું અંતર તો તેમને કાપવું જ પડે તેવી સ્થિતિ જોઇ શકાય છે. કેટલાક ગામોના તો સીમાડા પણ પાંચ કિ.મી.ના અંતર સુધીના હોય છે. આવી સ્થિતિમાં બાળકોને નિશાળે મોકલવાના હોય ત્યારે તેમને થોડુંક

તો કાપવું જ પડે અને તે પણ કોઈ સાધનની સહાય વિના, કારણકે રસ્તા પણ પૂરતા પ્રમાણમાં સારા બનાવી શક્યા નથી. ઉપરોક્ત અંતર દર્શાવતા કોઠામાં જોઈ શકાય છે કે ૦।। કિ.મી. અને ૧ કિ.મી. સ્કૂલ દૂર હોય તેવા બાળકોની સંખ્યા સૌથી વધુ હતી. જે ફળિયામાં સ્કૂલ હોય તે ફળિયાના બાળકો માટે સ્કૂલ નજીક હતી. બાકીના માટે સ્કૂલ ૨ કિ.મી. અને તેથી વધુના અંતરના બાળકો પણ કોઠામાં જોઈ શકાય છે. એ સ્વાભાવિક વાત છે કે ૧ થી ૨ કિ.મી.ના અંતર કાપવા માટે બાળકો એકલ દોકલ જઈ શકે નહી, એટલે જ શાળા છોડવાના કારણમાં પણ જોઈ શકાય છે કે આથી છોકરા ઊઠી જવાથી બીજાએ પણ અભ્યાસ છોડયો હોય, વળી આદિવાસી વિસ્તાર પ્રમાણે નાના બાળકો એકલા જવા આવવામાં ક્યારેક જંગલી પ્રાણીઓનો ભોગ પણ બનવુ પડે તેમ છતાં બે કિ.મી. સુધીમાં સ્કૂલ ની સગવડ મળી રહે તેવા પ્રયત્ન કરવામાં આવ્યા છે તે ઘણી સારી બાબત તો છેજ. વળી ઘણા ફળિયામાં વર્ગશાળાની પણ વ્યવસ્થા જોવામાં આવે છે. જેમાં બાળક ૧ થી ૪ ધોરણનો અભ્યાસ કરી ૫ થી ૭ ધોરણ માટે કેન્દ્ર શાળામાં આગળ અભ્યાસ કરી શકે.

ઉપરોક્ત શાળાના અંતરની વિગત જોતાં ૧ થી ૨ કિ.મી. સુધીનું અંતર કાપવું પડે છે આ રસ્તો કેવો છે તેનો પણ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો.

**કોઠા નં. ૧૯**

**રસ્તાની વિગત દર્શાવતો કોઠો**

| કુલ કુટુંબો | કાચો | પાકો | કેડી | નદીનાળા વચ્ચે આવે છે. |
|---|---|---|---|---|
| ૭૨ | ૩૧ | ૨૦ | ૧૭ | ૧૧ |

તપાસેલ ૭૨ કુટુંબોના બાળકોને શાળાએ જવા માટેનો જે રસ્તો છે તેમાં કાચો રસ્તો હોય તેવા ૩૧ જવાબો હતા જે સૌથી વધારે જોઈ શકાય છે. જ્યારે સારો રસ્તો પણ નહોય. કેડીના રસ્તે જવું પડતું હોય તેવા પણ ૧૭ જવાબો છે. આગળ જોયું તેમ ભૌગોલિક પરિસ્થિતિને કારણે દરેક વિસ્તારમાં સારા રસ્તાની સુવિધા કરી શકાય નથી. આના કારણે આજે પણ બાળકોને નદી, નાળા ઓળંગીને શાળાએ આવવું પડતું હોય છે. તેવા પણ ૧૧ જવાબો હતા કે જેમને નદીનાળા ઓળંગવાના હોય, ચોમાસાના દિવસો હોય ત્યારે

...ળામાં પાણી વધારે આવે ત્યારે આ ૧ થી ૭ ધોરણમાં ભણતા બાળકો ... રીતે આવી શકે તે સમજવાની જરૂર છે. વળી તેમની પાસે વરસાદ કે ઠંડીથી ...ાના ટાંચા સાધનો પણ તેમને નિશાળ છોડવા માટે મજબુર કરે તે સમજી ...ાય તેવી વાત છે. ફકત ૨૦ જવાબો જ એવા હતા કે જેમને પાકા રસ્તાની ...ગવડ ઉપલબ્ધ હોય આનો અર્થ એ થાય કે ગામમાંથી પસાર થતો પાકો રસ્તો હોય અને રસ્તાની આજુબાજુ જે કુટુંબો વસવાટ કરતા હોય તેવા કુટુંબના બાળકો-ને જ આનો લાભ મળે અંતરિયાળ વિસ્તારમાં હજુ પણ રસ્તાની સુવિધા વગરના કહી શકાય.

આજે શહેરી વિસ્તારમાં શિક્ષણ માટે વાલીઓ જે સગવડ બાળકને ઉપલબ્ધ કરાવે છે. તેની સરખામણીમાં આદિવાસી પછાત વિસ્તારમાં લગભગ શૂન્ય કહી શકાય તેવી સગવડ ધરાવતા બાળકો શહેરના શિક્ષણ કરતાં પાછળ રહે તે સમજી શકાય તેવી બાબત છે. તપાસેલ ૭૨ કુટુંબોમાં ફકત ૧૬ કુટુંબોના ઘરમાં લાઈટની સગવડ હતી. તેમાં પણ ત્રણ કુટુંબો પાસે તો ગેરકાયદેસર દોરડા નાખી લાઈટ મેળવતા જોવા મળ્યા હતા. વળી આ લાઈટ પણ કેવી કે મોટા-ભાગનો સમય બંધ રહેતી હોય. ફકત બે જ કુટુંબો આર્થિક રીતે સારા હોવાના કારણે ટેબલખુરશી ધરાવતા હતા. જ્યારે એક ઓરડા અને વાંસળીમાં વસવાટ કરતા આદિવાસી કુટુંબો પાસે અભ્યાસનો અલગ ખંડ ક્યાંથી હોય. આમ બાળકોને અભ્યાસ માટે વિશેષ કોઈ સગવડ ઉપલબ્ધ થતી હોય તેવું જોવા મળ્યું નથી. નિશાળે જાય ત્યાં જેટલો સમય અભ્યાસ કરે તેટલો જ સમય તે અભ્યાસનો કહી શકાય. ઘરે આવ્યા પછી તે કંઈ કરી શકે નહી. આના કારણે શિક્ષકોની મુશ્કેલીના પ્રશ્નોમાં પણ તેમના બાળકોને ભણવાની મુશ્કેલી દર્શાવવામાં આવી છે. આજ બતાવી આપે છે કે શિક્ષિત વાલીઓ જેઓ નોકરી કરે છે તે પણ ત્યાં તેના બાળકને ભણાવવા માગતા નથી. આનો અર્થ એજ થાય કે હજુ બધા બાળકો ભણી શકે તેવું વાતાવરણ ઊભુ કરી શક્યા નથી કે કેટલીક પ્રાથમિક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય તેમ જોઈ શકાય છે. આના કારણે પણ બાળકો અભ્યાસ કરી શકતા નહોય. તેમના વાલીઓને પુછવામાં આવેલ સવાલોમાં શાળામાંથી મફત પાઠ્યપુસ્તકો મળતા હતા. તેના જવાબમાં ૬૮ વાલીઓના 'હા' માં જવાબ હતા, જ્યારે ૪ વાલીઓના 'નાં' માં જવાબ હતા. શાળામાંથી મફત ભોજનની સગવડ હતી તેમાં ૬૯ વાલીના 'હા' માં જવાબ હતા, જ્યારે ત્રણ વાલીના 'ના' માં જવાબ હતા. આમાં એમ બનવા સંભવ છે કે તપાસ દરમ્યાન

[illegible] કોઈ કારણવશ બંધ હોય, જ્યારે મફત ગણવેશની [illegible] ઓના જવાબો 'હા' માં હતા. જ્યારે ૩૧ વાલીઓના જવાબો [illegible] હતા. આમાં કેટલીક શાળાઓમાં બહારની સંસ્થા કે દાતા દ્વારા [illegible] આપવામાં આવતા હોવાના કારણે તેમને 'હા' માં જવાબો આપ્યા હતા. આમ શાળામાંથી કેટલીક મફત મળતી સગવડો વિશે વાલીઓ જાણતા હતા. અભ્યાસ દરમ્યાન બધીજ સગવડો મળી હોતતો તમારા બાળકનું શિક્ષણકાર્ય ચાલુ હોત તેવા સવાલના જવાબમાં ૪૩ વાલીઓના 'હા' માં જવાબો હતા. જે સૌથી વધુ હતા, જ્યારે ૧૩ વાલીઓના 'ના' માં જવાબ હતા. આનો અર્થ એ થાય કે અનિવાર્ય કારણોને કારણે તેમને શાળા છોડવી પડી હોય. જ્યારે બાકીના ૧૬ વાલીઓ કોઈ જવાબ આપી શક્યા નહતા. આનો અર્થ એ થાય કે તેમને ભણવા ભણાવવામાં ખાસ કંઈ રસ નથી કે વિશ્વાસ નથી. મોટાભાગના કુટુંબોના દર્શાવ્યા પ્રમાણે કોઈને કોઈ મુશ્કેલીને કારણે જ અભ્યાસ છોડવો પડયો છે. જો તેમને તે સગવડ ઉપલબ્ધ હોત તો તેમના બાળકનો તે અવશ્ય અભ્યાસ ચાલુ રાખી શક્યા હોત.

એવા ક્યા અનિવાર્ય કારણો હતા કે જેમાંથી તમારા બાળકને અભ્યાસ-માંથી ઉઠાડી લીધા. આવા સવાલની સામે આગળ દર્શાવેલ અભ્યાસ છોડવાના કારણોમાં જ ઘણા બધા કારણો આવી જતા હતા. જેમાં આર્થિક બાબત મુખ્ય હતી, જ્યારે બાળકના પિતાનું મૃત્યુ માંદગી જેવા કારણો અનિવાર્ય બતાવવામાં આવ્યા હતા.

<u>કોઠા નં.૨૦</u>

<u>૧૯૮૭-૮૮ના પ્રથમ વર્ષમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓ દર્શાવતો કોઠો</u>

| ક્રમ | ગામ/શાળાનું નામ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧. | પાંચપીપળી | ૭ | ૧૨ | ૧૯ |
| ૨. | પાટ | ૧૨ | ૮ | ૨૦ |
| ૩. | કાકરાપાર | ૧૭ | ૧૩ | ૩૦ |
| ૪. | દલપુર | ૨૬ | ૧૬ | ૪૨ |
| ૫. | કુકડી | ૨૭ | ૧૩ | ૪૦ |
| ૬. | દેવાલ | ૧૯ | ૩ | ૨૨ |
| ૭. | કાજાવાસ | ૨૪ | ૧૦ | ૩૪ |
| ૮. | બેસદરા | ૧૬ | ૧૮ | ૩૪ |
| ૯. | ટોકરવા | ૧૭ | ૨૦ | ૩૭ |
| | કુલ | ૧૬૫ | ૧૧૩ | ૨૭૮ |
| | ટકા | ૫૯.૩૫ | ૪૦.૬૫ | ૧૦૦ |

અપવ્યય અને સ્થગિતતાના અભ્યાસ માટે પસંદ કરેલ નવ પ્રાથમિક શાળાઓ ૧ થી ૭ ધોરણની હતી. ૧૯૭૭–૭૮ના વર્ષને પાયાનું વર્ષ ગણવામાં આવ્યું હતું. આ વર્ષે પ્રથમ ધોરણમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓની યાદી મેળવવામાં આવી હતી જે કોઠા દ્વારા જોઈ શકાય છે. દાખલ થનાર વિદ્યાર્થીઓમાં કુલ ૨૭૮ વિદ્યાર્થીઓ હતા, જેમાં ૧૬૫ કુમાર અને ૧૧૩ કન્યાઓના નામો દાખલ કરવામાં આવ્યા હતા. જે કુલ વિદ્યાર્થી સંખ્યામાં ૫૯.૩૫ ટકા કુમારો હતા, જ્યારે ૪૦.૬૫ ટકા કન્યાઓ જોઈ શકાય છે. આમ કુમાર કરતાં કન્યાઓની દાખલ સંખ્યા ઓછી જોઈ શકાય હતી. જોકે કેટલાક ગામોની શાળામાં દાખલ થવામાં કુમાર કરતાં કન્યાઓની સંખ્યા વિશેષ જોઈ શકાય છે. જેમાં ટોકરવા, ભૈંસદરા, પાંચપીપળી ગામો હતા. બાકીના ગામની શાળાઓમાં દાખલ સંખ્યામાં કન્યાઓનું પ્રમાણ ઓછું જોવામાં આવ્યું હતું. આમ પ્રથમથી જ કન્યાઓને શાળાએ દાખલ કરવામાં આવતી ન હોવાને કારણે તેમનું શિક્ષણ કાયમ માટે ઓછું જોવામાં આવ્યું છે.

કોઠા નં. [illegible]

**કુલ દાખલ થયેલ વિદ્યાર્થીઓમાંથી સળંગ પાસ થનારા વિદ્યાર્થીઓ**

**દર્શાવતો કોઠો**

| ક્રમ | શાળાનું નામ ગામ | કુલ દાખલ સંખ્યા | ૧૯૮૭-૮૮ | ૧૯૮૮-૮૯ | ૧૯૮૯-૯૦ | ૧૯૯૦-૯૧ | ૧૯૯૧-૯૨ | ૧૯૯૨-૯૩ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | પચિ પીપળી | ૧૯ | ૧૪ | ૧૩ | ૬ | ૬ | ૩ | ૩ | [illegible] |
| ૨. | પાટ | ૨૦ | ૧૯ | ૧૬ | ૧૪ | ૧૨ | ૧૦ | ૧૦ | [illegible] |
| ૩. | કાકરાપાર | ૩૦ | ૨૪ | ૨૪ | ૨૩ | ૨૪ | ૨૨ | ૧૮ | [illegible] |
| ૪. | દલપુર | ૪૨ | ૪૦ | ૨૧ | ૧૨ | ૯ | ૮ | ૭ | [illegible] |
| ૫. | કુકડી | ૪૦ | ૩૯ | ૩૦ | ૨૭ | ૨૪ | ૧૯ | ૧૭ | ૧૪ |
| ૬. | દેવાલ | ૨૨ | ૧૪ | ૧૪ | ૧૨ | ૧૧ | ૧૦ | ૯ | ૬ |
| ૭. | કામળાસ | ૩૪ | ૩૪ | ૩૨ | ૨૨ | ૧૯ | ૧૮ | ૧૭ | ૧૫ |
| ૮. | ભૈંસદરા | ૩૪ | ૩૪ | ૩૧ | ૩૧ | ૨૮ | ૨૭ | ૨૫ | ૧૨ |
| ૯. | ટોકરવા | ૩૭ | ૧૪ | ૧૪ | ૧૩ | ૧૧ | ૭ | ૫ | ૫ |
| | કુલ | ૨૭૮ | ૨૩૨ | ૧૯૫ | ૧૬૦ | ૧૪૪ | ૧૨૪ | ૧૧૧ | ૮૯ |
| | ટકા | | ૮૪.૧૭ | ૭૦.૧૪ | ૫૭.૫૬ | ૫૧.૮૦ | ૪૪.૬૦ | ૩૯.૯૨ | ૩૨.૦૧ |

૧૯૮૭ના જૂનમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓને પાયાનું વર્ષ બનાવી તેજ વિદ્યાર્થીઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તેમાં આગલા વર્ષના નાપાસ થયેલ વિદ્યાર્થીઓ લેવામાં આવ્યા નહતા. તેમજ બીજી સ્કૂલમાંથી નવા આવનાર વિદ્યાર્થીઓને પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો નહતો. તે રીતે ૧૯૮૭-૮૮ના વર્ષમાં દાખલ થયેલ પ્રથમ ધોરણના વિદ્યાર્થીઓ તે વર્ષે કેટલા પાસ થાય છે તે કોઠામાં જોઈ શકાય છે. ૮૪.૧૭ ટકા વિદ્યાર્થીઓ પાસ થાય છે અને બીજા ધોરણમાં જાય છે. પાસ થયેલ બીજા ધોરણના વિદ્યાર્થીઓનુ પરિણામ ૭૦.૧૪ ટકા હતું જે પ્રથમ કરતાં ઓછું હતું. તેજ રીતે ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓનું પરિણામ ૫૭.૫૬ ટકા હતું. ૧૯૯૦-૯૧માં ચોથા ધોરણનું પરિણામ ૫૧.૮૦ ટકા હતું, જ્યારે પાંચમા ધોરણનુ પરિણામ ૪૪.૬૦ ટકા હતું. ૧૯૯૨-૯૩ના છઠ્ઠા ધોરણનું પરિણામ ૩૯.૯૨ ટકા હતું. સાતમા ધોરણનું પરિણામ ૩૨.૦૧ ટકા હતું. આમ સમગ્ર કોઠામાં જોઈ શકાય છે કે જેમ જેમ ધોરણ વધતું ગયું છે. તેમ તેમ પરિણામ ઘટતું ગયું છે. એટલે કે દાખલ થનાર ૨૭૮ વિદ્યાર્થીઓમાંથી ફક્ત ૮૯ વિદ્યાર્થીઓ જ સાત ધોરણ પાસ કરી આગળ ગયા છે. આનો અર્થ એ થાય કે ૩૨.૦૧ ટકા જ વિદ્યાર્થીઓ સફળ રહ્યા છે. બાકીના વિદ્યાર્થીઓ કાં તો વચ્ચે નાપાસ છે. કાં તો શાળા છોડી દીધી છે. અથવા શાળા છોડી બીજી શાળામાં અભ્યાસ અર્થે ગયા છે. આમ ૬૭.૯૯ ટકા અપવ્યય અને સ્થગિતતા કહી શકાય. આ કોઈ નાનો આંકડો કહી શકાય નહી.

## કોઠા નં. ૨૨

### વર્ષવાર નાપાસ વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતો કોઠો

| ક્રમ | ગામ/શાળાનું નામ | કુલ દાખલ સંખ્યા | ૧૯૭૭-૭૮ | ૧૯૭૮-૭૯ | ૧૯૭૯-૮૦ | ૧૯૮૦-૮૧ | ૧૯૮૧-૮૨ | ૧૯૮૨-૮૩ | ૧૯૮૩-૮૪ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | પરિય પીપળી | ૧૯ | ૫ | ૧ | ૭ | ૦ | ૩ | ૨ | ૦ | |
| ૨. | પાટ | ૨૦ | ૧ | ૩ | ૨ | ૨ | ૨ | ૦ | ૧ | |
| ૩. | કાકરાપાર | ૩૦ | ૬ | ૦ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | |
| ૪. | દલપુર | ૪૨ | ૨ | ૧૯ | ૧૩ | ૩ | ૧ | ૧ | ૧ | |
| ૫. | કુકડી | ૪૦ | ૧ | ૯ | ૩ | ૩ | ૫ | ૨ | ૩ | |
| ૬. | દંત્રાલ | ૨૨ | ૮ | ૦ | ૨ | ૧ | ૧ | ૧ | ૦ | |
| ૭. | કાંજાવાસ | ૩૪ | ૦ | ૨ | ૧૦ | ૩ | ૧ | ૧ | ૨ | |
| ૮. | ભૈંસાણ | ૩૪ | ૦ | ૩ | ૦ | ૩ | ૧ | ૨ | ૧૩ | |
| ૯. | ટોકરવા | ૩૭ | ૨૩ | ૦ | ૧ | ૨ | ૪ | ૨ | ૦ | |
| | કુલ | ૨૭૮ | ૪૬ | ૩૭ | ૩૯ | ૧૭ | ૧૯ | ૧૩ | ૨૨ | કુલ ૧૬૩ |
| | ટકા | | ૧૬.૫૫ | ૧૩.૩૦ | ૧૪.૦૨ | ૬.૧૧ | ૬.૮૪ | ૪.૬૮ | ૭.૯૨ | ૫૮.૬૨ |

આગળના કોઠામાં જેમ સળંગ પાસ થનાર વિદ્યાર્થીઓની યાદી જોઇ તેમ વર્ષવાર નાપાસ થનાર વિદ્યાર્થીઓની યાદી જોઈએ તો ખ્યાલ આવે છે કે નાપાસ થનાર વિદ્યાર્થીઓની ટકાવારી પણ જેમ ધોરણ બદલાય છે તેમ વધારે જોઇ શકાય છે. પ્રથમ વર્ષે નાપાસ થયેલ ૧૬.૫૫ ટકા વિદ્યાર્થીઓ છે. જ્યારે બીજા વર્ષે ૧૩.૩૦ ટકા, ત્રીજા વર્ષે ૧૪.૦૨ ટકા, ચોથા વર્ષે ૬.૧૧ ટકા, પાંચમા વર્ષે ૬.૮૪ ટકા, છઠ્ઠા વર્ષે ૪.૬૮ ટકા અને સાતમા વર્ષે ૭.૯૨ ટકા વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આ વિદ્યાર્થીઓનો અભ્યાસ ચાલુ છે કે છોડી દીધો છે તે આગળના કોઠામાં જોઇશું. પણ આમાં સ્પષ્ટ જોઇ શકાય છે કે કુલ સાત વર્ષમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯૩ની થાય છે. જે કુલ દાખલ સંખ્યાના ૬૯.૪૨ ટકા જેટલી થાય છે. આમ નાપાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા પણ વિશેષ જોવા મળે છે. આ પરિણામ જે તે વર્ષના પાયાના વિદ્યાર્થીઓનું જ લેવામાં આવ્યું છે.

## કોઠા નં. ૨૩

### સતત ગેરહાજર રહેવાથી નામ કમી કરેલ વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતો કોઠો

| ક્રમ | ગામ, શાળા | દાખલ સંખ્યા | ૧૯૫૭-૫૮ | ૧૯૫૮-૫૯ | ૧૯૫૯-૬૦ | ૧૯૬૦-૬૧ | ૧૯૬૧-૬૨ | ૧૯૬૨-૬૩ | ૧૯૬૩-૬૪ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | પાંચપીપળી | ૧૯ | – | ૨ | ૧ | – | – | – | – | |
| ૨. | પાટ | ૨૦ | – | ૧ | – | – | ૩ | – | – | |
| ૩. | કાકરાપાર | ૩૦ | ૨ | ૨ | ૧ | – | – | – | – | |
| ૪. | દલપુર | ૪૨ | ૧૦ | ૪ | – | – | – | – | ૧ | |
| ૫. | કુકડી | ૪૦ | – | ૨ | – | ૧ | ૪ | ૨ | ૧ | |
| ૬. | દેવાલ | ૨૨ | – | ૨ | ૪ | – | ૨ | ૧ | – | |
| ૭. | કાજાવાસ | ૩૪ | – | – | ૮ | ૨ | ૧ | ૧ | – | |
| ૮. | ભેંસાણ | ૩૪ | – | ૨ | – | ૪ | ૨ | ૨ | – | |
| ૯. | ટોકરવા | ૩૭ | ૭ | – | ૨ | ૧ | ૨ | – | – | |
| | કુલ | ૨૭૮ | ૧૯ | ૧૫ | ૧૬ | ૮ | ૧૪ | ૬ | ૨ | કુલ ૮૦ |
| | ટકા | | ૬.૮૪ | ૫.૩૯ | ૫.૭૬ | ૨.૮૮ | ૫.૦૩ | ૨.૧૫ | ૦.૭૨ | ૨૮.૭૭ |

૧

સતત ગેરહાજર રહેતા હોય નાપાસ થયા પછી શાળાએ ન આવતા હોય તેવા વિદ્યાર્થીઓના નામો કમી કરવામાં આવે છે. આ કમી કરેલ નામો જોઈએ તો ૮૦ વિદ્યાર્થીઓના નામો કમી કરવામાં આવ્યા છે. એટલે કે કુલ દાખલ થયેલ વિદ્યાર્થીઓમાંથી ૨૮.૭૭ ટકા નામો તો રજીસ્ટરમાંથી કમી કરવામાં આવ્યા છે. આને આપણે અપવ્યય કહીએ તો તે પ્રમાણ પણ ઘણું મોટું કહી શકાય. પ્રથમ વર્ષે દાખલ થયા પણ શાળામાં આખુ વર્ષ ન આવવાના હોય અને નામ કમી થયું હોય તેવા ૧૯ વિદ્યાર્થીઓ હતા, જ્યારે બીજા વર્ષે ૧૫ નામો કમી થયેલા છે. એટલે કે પાસ થયા પણ બીજા વર્ષે શાળા છોડી દીધી. ત્રીજા વર્ષે ૧૬ નામો કમી થયેલા છે. ચોથા વર્ષે ૮ નામ કમી થયેલા છે. પાંચમા વર્ષે ૧૪ નામ કમી થયેલા છે. જેની સંખ્યા વધુ છે તે બતાવે છે કે વિદ્યાર્થી પાંચ ધોરણમાં આવે ત્યાં સુધીમાં આ વિસ્તારને અનુરૂપ ૧૦ થી ૧૨ વર્ષની ઉંમર બાળક થાય અને તે ઘરકામ કે અન્ય નાનામોટા કામમાં મદદગાર પણ થઈ શકે. વળી આગળના ધોરણનો અભ્યાસક્રમ પણ થોડો અઘરો આવે. વગેરે કારણોને કારણે તે સતત ગેરહાજર રહે અને તેનું નામ કમી થઈ જાય. છઠ્ઠા ધોરણમાં પણ ૬ વિદ્યાર્થીઓના નામો કમી થયેલા છે. જ્યારે સાત ધોરણમાં ત્રણ ગેરહાજર રહેવાથી નામ કમી થયેલા બે વિદ્યાર્થીઓ છે. આ શું બતાવે છે કે ચાર પાંચ કે છ ધોરણ સુધી અભ્યાસ કરીને પણ તેમને અભ્યાસ છોડવો પડે છે. અને એ તે નામ કમી થઈ જતું હોય છે. આમાં આર્થિક, સામાજિક, આકસ્મિક વગેરે કારણો જવાબદાર હોઈ શકે.

## કોઠા નં. ૨૪

### બહારગામ ભણવા જવાથી નામ કમી દર્શાવતો કોઠો

| ક્રમ | ગામ, શાળા | કુલ દાખલ સંખ્યા | ૧૯૮૭-૮૮ | ૧૯૮૮-૮૯ | ૧૯૮૯-૯૦ | ૧૯૯૦-૯૧ | ૧૯૯૧-૯૨ | ૧૯૯૨-૯૩ | ૧૯૯૩-૯૪ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | પાંચ પીપળી | ૧૯ | - | - | - | ૨ | - | - | - | |
| ૨. | પાટ | ૨૦ | - | ૨ | ૧ | ૨ | - | - | - | |
| ૩. | કાકરાપાર | ૩૦ | - | - | - | - | - | - | - | |
| ૪. | દલપુર | ૪૨ | - | - | - | - | - | - | - | |
| ૫. | કુકડી | ૪૦ | - | - | - | ૧ | - | - | - | |
| ૬. | દંત્રાલ | ૨૨ | - | - | ૧ | ૧ | - | - | - | |
| ૭. | કાજાવાસ | ૩૪ | - | ૨ | ૨ | - | - | - | - | |
| ૮. | ભૈંસદર | ૩૪ | - | ૨ | - | ૩ | - | ૧ | - | |
| ૯. | ટોકરવા | ૩૭ | - | ૧ | - | - | - | - | - | |
| | કુલ | ૨૭૮ | - | ૭ | ૪ | ૯ | - | ૧ | - | કુલ ૨૧ |
| | ટકા | | | ૨.૫૨ | ૧.૪૩ | ૩.૨૩ | | ૦.૩૫ | | ૭.૫૫ |

આ વર્ષો દરમ્યાન જે વિદ્યાર્થીઓ શાળામાં દાખલ થયા પણ તેમનું શું [illegible]ને જોવા માટે તેની વિગતે વિગતો મેળવી હતી. આમાં કેટલાક વિદ્યાર્થીઓ [illegible] પણ હતા કે બહારગામ ભણવા માટે જતા હોય અને શાળા છોડી હોય તેમને [illegible] અપવ્યય કે સ્થગિતતામાં મૂકી શકીએ નહી. પણ આનો અર્થ એ થાય કે બહારગામ ભણવા જનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ નહીંવત છે. એટલે કે ફક્ત ૨૧ વિદ્યાર્થીઓ જ બહારગામ ભણવા માટે શાળા છોડેલી. જોઇ શકાય છે જે કુલ વિદ્યાર્થીઓનો માત્ર ૭.૫૫ ટકા જ હતા. આની પણ તપાસ કરવામાં આવી હતી કે આ બહારગામ જનાર વિદ્યાર્થીઓ કોણ હતા તો મોટાભાગના વિદ્યાર્થીઓ [illegible] આદિવાસી બાળકો હતા. એમાં જે તે શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતા વાલીઓજ હતા કે જેમની બદલી બીજી શાળામાં થાય ત્યારે તેમના બાળકને તે શાળામાંથી ઉઠાડી લઇ જતા, જ્યારે કેટલાક અન્ય કર્મચારીઓના બાળકો પણ હતા જે કાકરાપાર કોલોનીમાં રહેતા વાલીની બદલી થાય ત્યારે તે બાળકને તે શાળા છોડવી પડી હોય. આમ ઘણા ઓછા બાળકો હતા જેમને બહારગામ ભણવા જવાથી નામ કમી કરાવ્યા હોય.

<u>કોઠા નં. ૨૫</u>

<u>૧૯૭૭-૮૮માં દાખલ થયેલ વિદ્યાર્થી હાલ ક્યા ધોરણમાં અભ્યાસ કરે છે તે દર્શાવતો કોઠો</u>

| ધોરણ-૩ | | ધોરણ-૪ | | ધોરણ-૫ | | ધોરણ-૬ | | ધોરણ-૭ | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુમાર | કન્યા | કુમાર | ક. | કુમાર | ક. | કુમાર | ક. | કુમાર | ક. | કુમાર | કન્યા | |
| - | ૧ | ૪ | ૪ | ૮ | ૫ | ૧૫ | ૮ | ૧૦ | ૭ | ૩૭ | ૨૫ | ૬૨ |
| | | | | | | | | | ટકા : | ૨૨.૪૨ | ૨૨.૧૨ | ૨૨.૩૦ |

૧૯૭૭-૮૮માં દાખલ થયેલ વિદ્યાર્થીનો અભ્યાસ ચાલુ હોય અને તે હાલ એટલે કે અભ્યાસના વર્ષ દરમ્યાન ક્યા ધોરણમાં અભ્યાસ કરે છે તે પણ જાણવાનો પ્રયત્ન કર્યો હતો. જે કોઠામાં જોઇ શકાય છે. કુલ ૬૨ વિદ્યાર્થીઓ તો એવા હતા કે તેમનો અભ્યાસ ચાલુ હતો. જેમાં ૩૭ કુમાર અને ૨૫ કન્યા વિદ્યાર્થીઓ જોઇ શકાય છે. આમ કુલ વિદ્યાર્થીઓના ૨૨.૩૦ ટકા વિદ્યાર્થીઓ તો હજુ જુદા જુદા ધોરણમાં અભ્યાસ કરતા જોઇ શકાય છે. ધોરણ સાતમાં અભ્યાસ

૧૭ વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસ વર્ષમાં એકવાર નાપાસ થયા હશે તેઓ સાત ધોરણમાં તેમનો અભ્યાસ ચાલુ છે. તેજ રીતે છઠ્ઠા ધોરણમાં ૨૩ વિદ્યાર્થીઓ હતા. જેમાં ૧૫ કુમાર અને ૮ કન્યા વિદ્યાર્થીઓ હતા. જેઓ બે વર્ષ નાપાસ થયા હશે. ધોરણ પાંચમાં ૧૩ વિદ્યાર્થીઓનો અભ્યાસ ચાલુ હતો જેઓ એક ધોરણમાં બે વાર નાપાસ થયેલા હતા, જ્યારે ચોથા ધોરણમાં પણ ૮ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા જોઈ શકાય છે કે જેઓ ત્રણ ત્રણ વાર નાપાસ થયા હતા, જ્યારે ત્રીજા ધોરણમાં ફક્ત એક કન્યા વિદ્યાર્થીની અભ્યાસ કરતી હતી જે ચારવખત નાપાસ થઈ અને સાત વર્ષ પછી પણ તે ત્રીજા ધોરણમાં તેનો અભ્યાસ ચાલુ હતો. આમ સ્થગિતતાનું પ્રમાણ ૨૨.૩૦ ટકા જોઈ શકાયું હતું.

[illegible] – ૫

[illegible] અભિપ્રાયો

[illegible] મોટું [illegible]

[illegible] નેવ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો [illegible] શિક્ષકોમાં અપવ્યય અને સ્થગિતતાના કારણો જાણ્યા હતા. [illegible] પોતાના અભિપ્રાયો આપ્યા હતા જેની વિગતો નીચે પ્રમાણે છે.

<u>કોઠા નં.૨૬</u>

<u>શિક્ષકોનું જાતિ પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો</u>

| કુલ શિક્ષકો | અનુસૂચિતજનજાતિ | અનુસૂચિત જાતિ | અન્ય |
|---|---|---|---|
| ૪૩ | ૨૭ | ૩ | ૧૩ |
| ટકા | ૬૨.૮૦ | ૬.૯૭ | ૩૦.૨૩ |

ઉપરોક્ત જાતિ પ્રમાણેના વર્ગીકરણમાં જોઈએ તો ૬૨.૮૦ ટકા શિક્ષકો આદિવાસી સમાજના જ હતા. જેઓ આ વિસ્તારમાં ફરજ બજાવતા હતા. આનો અર્થ એવો થાય કે જે જાતિઓ શિક્ષણમાં આગળ છે તેવી જાતિઓ જેવી કે ચૌધરી, ધોડીયા, શિક્ષકો તરીકે વધુ હતા. જ્યારે તપાસેલ ૪૩ શિક્ષકોમાં અનુસૂચિત જાતિના ફક્ત ૩ શિક્ષકો જ હતા. બીજા નંબરે અન્ય જાતિના શિક્ષકો હતા. જેમની સંખ્યા ૩૦.૨૩ ટકા હતી. અન્ય જાતિના શિક્ષકો કદાચ વિસ્તારને અનુરૂપ ન થઈ શકે પણ જેઓ પોતાની જાતિના શિક્ષકો છે. તેમને વધારે જાગૃતિ દાખવી શિક્ષણનું કાર્ય ઉપાડી લેવું જોઈએ. અન્ય જાતિમાં રાજપૂત, પટેલ, મુસ્લીમ વગેરે મુખ્ય હતા. આદિવાસી જાતિઓમાં જે જાતિઓ અતિ પછાત છે અથવા જેમનામાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે તેવી જાતિઓના શિક્ષકો ઘણા ઓછા જોવામાં આવે છે.

ચાલુ શાળામાં કેટલા સમયથી ફરજ બજાવે છે તેવા પ્રશ્નના સવાલમાં એક વર્ષથી નીચેના ૩ શિક્ષકો હતા. બે વર્ષ સુધીના એક શિક્ષક હતા. ૩ થી ૫ વર્ષમાં બાર શિક્ષકો હતા, ૬ થી ૭માં ૬ શિક્ષકો હતા, જ્યારે ૮ થી ૨૫ વર્ષથી સેવા બજાવતા હોય તેવા ૨૧ શિક્ષકો હતા. આમ સૌથી વધારે સમયથી સેવા બજાવતા શિક્ષકોની સંખ્યા સૌથી વધારે હતી. આટલા

...લતા શિક્ષકો આ વિસ્તારમાં હોય અને શિક્ષણમાં ...પ્રમાણ આટલું મોટું હોય તે બાબત સારી ન કહી શકાય ...ના આવનાર શિક્ષકોને થોડા સમય માટે હોઈ શકે તે ...ણ જેવો વર્ષોથી જે તે શાળા સાથે સંકળાયેલ છે. નાનામોટા ...લ હલ કરી શકે. આમ છતાં આજે પણ જે પરિણામો દેખાવા જોઈએ ...શકાતા નથી. તે વહીવટી તંત્ર અને કાર્યકરો માટે શરમજનક બાબત ...શકાય. ખાસ કરીને આદિવાસી ઊંડાણના ગામોની બાબતમાં, તલાટ ...શિક્ષિત આદિવાસી જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ ઠીક ઠીક વધેલું જોઈ ...શકાય છે.

શાળાના ગામમાં રહો છો તેવા પ્રશ્નના જવાબમાં ૨૭ જવાબો 'હા' માં હતા, જ્યારે ૧૬ જવાબો 'ના' માં હતા. આ ૨૭ જવાબો 'હા' માં હતા જે કુલ શિક્ષકોના ૬૨.૮૯ ટકા શિક્ષકો હતા. જોગાનું જોગ ફોર્મ ભરનાર કુલ શિક્ષકોમાં આદિવાસી શિક્ષકોની સંખ્યા પણ ૨૭ હતી એટલે કે શાળાના ગામમાં રહેનારની સંખ્યા મોટી હતી. જો આ શિક્ષકો શાળાના ગામમાં રહેતા હોય તો વાલી સંપર્ક જનજાગૃતિનું કામ કરી શકે અને શિક્ષણ વધારી શકે. બાકીના ૧૬ શિક્ષકો આજુબાજુના ગામમાં કે વતનમાંથી અપડાઉન કરતા માલુમ પડયા હતા. સરકારી ક્વાટર્સમાં રહેતા હોય તેવા ૨ શિક્ષકો હતા, જ્યારે પોતાની માલિકીના મકાનમાં રહેતા હોય તેવા ૧૦ શિક્ષકો હતા. જ્યારે સૌથી વધુ ૩૧ શિક્ષકો ભાડાના મકાનમાં રહેતા માલુમ પડયા હતા. જે શિક્ષકો શાળાના ગામમાં નથી રહેતા તેવા શિક્ષકો નજીકના મોટા ગામમાં કે કસબા મથકે રહેતા જોવા મળ્યા હતા. જ્યાં તેમને ભાડાના મકાન મળતા હતા, જીવન જરૂરિયાતની ચીજો મળતી હતી, બાળકોને અભ્યાસની સગવડ ઉપલબ્ધ હતી, તેવા ગામને વધારે પસંદ કરતા. વળી તે ગામમાં અન્ય શિક્ષકો પણ રહેતા જોવા મળ્યા હતા. જે શિક્ષકો બહાર રહેતા હતા તે ગામના નામો જોઈએ તો માંકડી-૨, છડાદ-૧, પોશીના-૩, તસ્સાડા-૨, પેકરવા-૧, પાટ-૫, સેલંબા-૨ વગેરે ગામોમાં શિક્ષકો રહેતા હતા. તેઓ જે ગામે રહેતા હતા તે ગામથી શાળાના અંતરની પણ માહિતી મેળવી હતી. જેમાં ૧ થી ૨ કિ.મી.નું અંતર હોય તેવા ૮ શિક્ષકો હતા. ૩ થી ૪ કિ.મી. ૫, ૫ થી ૬ કિ.મી. ૩, ૭ થી ૮ કિ.મી. ૨, અને ૮ થી ૧૦ કિ.મી. સુધીમાં ૧ શિક્ષક રહેતા હતા. જ્યારે બાકીના શિક્ષકો ગામમાં જ રહેતા.

...ામથી શાળાએ જવા માટે સાયકલનો ઉપયોગ કરતા-૫, બસ - ૪, ...નો ઉપયોગ કરી સ્કૂલે આવતા હોય તેવા ૭ શિક્ષકો જોવા મળ્યા ...જ્યારે બાકીના શિક્ષકો ચાલતા શાળામે આવતા હતા. ગામ ૧ થી ૧૦ ...ના અંતરેથી શિક્ષકો આવતા જોવા મળ્યા હતા. આમેય આદિવાસી ...ોમાં બસ સુવિધા પૂરતા પ્રમાણમાં નહી હોવાથી કે અન્ય સાધનો ઓછા ...હોવાથી બહારથી આવતા શિક્ષકોએ પોતાનું સાધન રાખવું જ પડે ...સ્થિતિ જોવા મળે છે. અને એટલાજ માટે આ વિસ્તારોમાં નોકરી કરતા ... દરેક કર્મચારી વહેલામાં વહેલી તકે વ્હીકલ ખરીદવાની જોગવાઈ કરતા હોય છે. ઘણી જગ્યાએ પતિ, પત્ની બન્ને નોકરી કરતા હોય છે તેમને વ્હીકલની અતિ આવશ્યકતા થઈ પડતી હોય છે. માટે જ દક્ષિણ ગુજરાતના શિક્ષકો પાસે વધુમાં વધુ મોટરસાયકલ કે સ્કૂટર જોવા મળે છે.

શા માટે બીજા ગામમાં રહો છો તેવા પ્રશ્નના જવાબમાં શિક્ષકોએ આપેલા ઉત્તરો.

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧. | સગવડનો અભાવ | ૫ |
| ૨. | પાણીની અપૂરતી સગવડ | ૧ |
| ૩. | મકાનની સગવડનો અભાવ | ૭ |
| ૪. | વતન નજીક હોવાથી | ૩ |
| ૫. | જીવન જરૂરિયાત વસ્તુઓનો અભાવ | ૭ |
| ૬. | આદિવાસી વિસ્તાર હોવાથી | ૩ |
| ૭. | ચોરીનો ભય | ૩ |
| ૮. | ક્વાટર્સનો અભાવ | ૨ |
| ૯. | બાળકોના અભ્યાસની સગવડ ન હોવાથી | ૧ |
| ૧૦. | માતા-પિતા એકલા હોવાથી | ૨ |
| | કુલ | ૩૪ |

ઉપરોકત ૩૪ શિક્ષકોના ૧૦ કારણો હતા. જે તેમના જીવનને સ્પર્શતા હતા. જેમાં જીવન જરૂરિયાતની વસ્તુઓનો અભાવ, મકાનની સગવડનો અભાવ પાણીના પ્રશ્ન વગેરે મુખ્ય હતા. આ બધી સગવડો સહન કરતો આદિવાસી ત્યાં

[illegible] છે પણ આપણા શિક્ષકો ત્યાં રહી શકતા નથી. વળી કેટલાક [illegible]બ એવા હતા કે જે વિચાર કરતા કરી મૂકે જેમાં આદિવાસી વિસ્તાર હોવાથી ચોરીનો ભય હોવાથી આદિવાસી વિસ્તાર હોવાથી ત્યાં નહી રહી શકનાર શિક્ષકોએ ત્યાં નોકરીની જવાબદારી સ્વીકારવી ન જોઈએ વળી ચોરીનો ભય હોવાથી ન રહેનાર શિક્ષકોએ પણ વિચારવું જોઈએ કે જ્યાં શિક્ષણ ઓછું છે. વસ્તુઓનો અભાવ છે ત્યાં ક્યાંક તો આવા છમકલા બનવાના જ. આનો અર્થ એ નથી થતો કે આખુ ગામ ચોરી કરે છે. ગામના આગેવાનોને વિશ્વાસમાં લઈ મૈત્રીપૂર્ણકનું વર્તન રાખવાથી આ ભયમાંથી બચી શકાય તેમ છે. ભેખધારી સ્વયંમસેવકો ઠક્કરબાપા, જુગતરામ દવે, વિનોબાભાવે, શ્રીકાન્ત શેઠ, ડાહ્યા ગુરુજી, વગેરેએ શું આ મુશ્કેલીઓનો સામનો નહી કરવો પડયો હોય ? તેમ છતાં થોડીક ધીરજ ધરી નૈતિકજવાબદારી સમજી, હિંમત રાખી સેવાભાવથી કાર્ય કરવામાં આવે તો વધુ સફળતા મળે તેમાં કોઈ શંકા નથી. માટે જ કામ કરવાની ભાવનાવાળા જ શિક્ષકોને આ વિસ્તાર માટે નિયુક્ત કરવા જોઈએ.

કઈ જાતિના બાળકો વધારે આવે છે તેવા સવાલના જવાબમાં મોટા-ભાગના જવાબો ગામમાં જે જાતિની વસ્તી વધુ હોય તેના જ બાળકો વધારે આવતા જોવા મળ્યા હતા. દા.ત. ઉત્તર ગુજરાતના દાંતા અને પોશીના પટ્ટામાં ડુંગરી ભીલગરાસિયાની વસ્તી વધારે હોવાથી તેમના બાળકો વધારે આવતા હતા. સુરતમાં ચૌધરીની વસતિ વધારે હોવાથી તેમના બાળકો વધારે આવતા. તેજ રીતે સાગબારામાં વસાવા ભીલની વસતિ વધારે હતી. ધરમપુરમાં ધોડીયા પટેલ વગેરેની વસતિ વધારે હોવાથી તેમના બાળકો વધુ આવતા, પણ મિશ્ર વસતિવાળા ગામો હતા ત્યાં જેમનામાં શિક્ષણનું પ્રમાણ વધુ હતું. તેના બાળકો વધુ આવતા જોઈ શકાય છે. આમ સાબરકાંઠા, બનાસકાંઠામાંથી વધારે ફોર્મ ભરાયા હોવાથી તેની સંખ્યા વધારે જોઈ શકાય છે. જેમના વધુ બાળકો આવે છે. તેવા જવાબ આપનારની સંખ્યા દર્શાવતો કોઠો.

કોઠા નં.૨૭

જાતિવાર બાળકોની સંખ્યા દર્શાવતો કોઠો

| પત્રકો | જાતિ | જાતિસંખ્યા |
|---|---|---|
| ૪૩ | ડુંગરી ગરાસિયા | ૧૫ |
| | ચૌધરી | ૬ |
| | ગામીત | ૩ |
| | વસાવા | ૪ |
| | કાથોડી | ૪ |
| | કોટવાલીયા | ૪ |
| | વસાવાભીલ | ૧૦ |
| | ધોડિયા | ૮ |
| | કુંકણા | ૮ |
| | નાયકા | ૮ |
| | કોલચા | ૪ |
| | વારલી | ૪ |

ઉપરોક્ત કોઠામાં જે વિસ્તારમાં વસતિ વધારે છે તે વિસ્તારની સંખ્યા વધારે જોઈ શકાય છે. આમ છતાં ચૌધરી, ઢોડિયા, કુકણા, નાયકા વગેરેમાં શિક્ષણનું પ્રમાણ વધુ હોવાથી તે જાતિઓની સંખ્યા વધારે આવે છે તે જોઇ શકાય છે.

જે તે જાતિના બાળકો કેમ વધારે આવે છે તેવા પ્રશ્નના જવાબ રૂપે પણ રસપ્રદ જવાબો પ્રાપ્ત થયા હતા જેમાં જે તે જાતિની વસતિનું પ્રમાણ વધારે હોવાથી, અન્ય અનુસૂચિત જાતિના બાળકોની વસ્તીવાળા ગામ શાળાથી દુર હોવાથી.

- નાના ફળિયામાં સાથે રહેતા બાળકો સ્કૂલે પણ એક સાથે આવે છે.
- વારસાગત મિલકત ગામે હોવાથી, શાળા નજીક હોવાથી ધોડિયા આગળ આવેલ જાતિ હોવાથી,

પ્રાથમિક શિક્ષણની સુવિધા હોવાથી, મફત શિક્ષણ હોવાથી, મધ્યાહન ભોજન યોજના હોવાથી, ગણવેશ, પાટીપેન મફત મળતા હોવાથી.

ઉપરોક્ત કારણો જોયા પછી પૂછાયેલ સવાલનો જવાબ ખુદ શિક્ષકો જ ...આ નથી તેમ લાગે છે. જે તે જાતિના બાળકો વધારે કેમ આવે છે ...બમાં તેમને સમગ્ર આદિવાસી બાળકોને મફત મળતા લાભોથી પણ ... કેટલાક શિક્ષકોએ કરી છે તેતો બધા બાળકો ને મળે છે. આમ છતાં જે ...તિઓમાં શિક્ષણનું પ્રમાણ વધુ છે. તેમના વાલીઓ નોકરી કરે છે કે ભણેલા છે તેમના કુટુંબમાં કોઈએ આગળ અભ્યાસ કરેલ હોય તેવી જાતિઓના બાળકો શાળાએ વધુ આવતા જોઈ શકાય છે.

શાળાના શિક્ષકો પાસેથી શાળામાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીનો પ્રાથમિક શિક્ષણ અધવચ્ચેથી કે પુરૂ થયાબાદ આગળ અભ્યાસ શામાટે કરતા નથી. તેના કારણો વર્ષોથી આદિવાસી વિસ્તારમાં ફરજ બજાવતા હોવાથી તે અંગે વધારે પ્રકાશ પાડી શકે હેતુસર સવાલ પૂછવામાં આવ્યો હતો. તેના જુદા જુદા ઘણા કારણો જણાવ્યા હતા જે નીચે પ્રમાણે છે.

(૧) આદિવાસી વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ.

(૨) બાળકોની વયકક્ષા પ્રમાણે અભ્યાસક્રમ ભારૂપ.

(૩) વાલીઓની બાળકો પ્રત્યેની બેદરકારી.

(૪) ગણિત, વિજ્ઞાન જેવા મુખ્ય વિષયો નબળા હોવાથી.

(૫) શિક્ષણની જરૂરિયાતની સમજ ઓછી.

(૬) શિક્ષણ મેળવ્યાબાદ સમાજમાં યોગ્ય કદર ન થવાથી. (નોકરી ધંધો ન મળવાથી)

(૭) આર્થિક સ્થિતિ નબળા હોવાથી બાળક કામ કરતો થાય ત્યારથીજ અર્થવ્યવસ્થામાં જોડાઈ જાય છે.

ઉપરોક્ત જુદા જુદા કારણોમાં આર્થિકકારણ મુખ્ય જોવા મળે છે. જે કુટુંબ માટે ભરણપોષણનો સવાલ હોય ત્યાં શિક્ષણને પ્રાધાન્ય મળતું નથી. આમ છતાં જાગૃતિ અને સરકારી લાભ શિક્ષણ માટે મળે છે. તેની જાણકારી વધે અને કાર્યક્ષમ કાર્યકરો કામ કરે તો આ પ્રમાણ ઘટાડી શકાય તેમ છે. શિક્ષણનું મહત્વ નોકરી માટેની મર્યાદા સુધી સીમીત કરી દેવામાં આવ્યું છે. તેના બદલે જીવન ઘડતરમય બને અને દરેક ક્ષેત્રમાં શિક્ષણની આવશ્યકતા નોકરી જેટલી જ મહત્વની છે તે સમજાય તોજ શિક્ષણનો વ્યાપ વધારી શકાય.

<u>...ર્થીઓની હાજરી વધે તે માટે શિક્ષકો પાસેથી વિવિધ કારણો ...યા હતા જે નીચે પ્રમાણે છે :</u>

(૧) વાલી સંપર્ક કરીને વાલીને સમજાવટ કરવી.

(૨) આર્થિક મદદ કરવી.

(૩) શિક્ષણની અગત્યતા વિષે સમજાવવા.

(૪) વાલી સંમેલનો યોજવા જોઈએ તેમના બાળકો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લે તે વાલી સમક્ષ રજુ કરવા જોઈએ.

(૫) સરકાર તરફથી મળતા લાભોની વાલીઓને સ્પષ્ટ રીતે માહિતી આપવી જોઈએ.

(૬) વાલીનો વ્યક્તિગત સંપર્ક સાધી શિક્ષણને લગતા સાધનોની સગવડ પુરી પાડવી જોઈએ.

(૭) શૈક્ષણિક સાધનો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવા જોઈએ.

(૮) શિક્ષણથી થતા ફાયદાઓથી વાકેફ કરવા.

(૯) અનાજ આપવાથી હાજરીનું પ્રમાણ વધે તેવી શક્યતા છે.

(૧૦) ગણવેશ આપવાથી હાજરીનું પ્રમાણ વધે તેમ છે.

(૧૧) મધ્યાહન ભોજન યોજનાથી સંખ્યા વધારો થયો છે.

(૧૨) શાળાની ભૌતિક સુવિધાનો અભાવ હોય ત્યાં તે સુવિધા આપવી.

(૧૩) વિવિધ પ્રકારના રમતના સાધનો આપવા અને વિવિધ રમતો રમાડવી જોઈએ.

(૧૪) શાળાએ ન આવવા પાછળના કારણો જાણી બનતી મદદ કરવી.

(૧૫) શિક્ષકો અને બાળકો પ્રત્યે પરસ્પર પ્રેમ વધે. બાળકો શિક્ષકની વધુ નજીક આવે તેવી પ્રવૃત્તિઓ કરાવવી.

(૧૬) દરેક ફળિયે શિક્ષણ સેમિનાર કરવા જોઈએ. સાક્ષરતા અભિયાન દ્વારા શિક્ષણનું મહત્વ સમજાવવું.

(૧૭) ફરજીયાત શિક્ષણની સમજ વાલીઓને જાણ કરવી.

(૧૮) છાત્રાલયની સગવડ અલગ હોય તો ત્યાં રહી અભ્યાસ કરી શકે.

...તર અટકાવવું જોઈએ.

...ાન સાથે ગમ્મત ભર્યું શિક્ષણ હોવું જોઈએ.

...સ્પર્ધ પ્રવૃત્તિઓ વધારવી જોઈએ. પ્રોત્સાહન ઈનામો આપવા જોઈએ.

(૨૨) સરકારી નિયમો માત્ર દફતરે નહિ અમલમાં હોવા જોઈએ.

(૨૩) તમામ જંગલ વિસ્તારની ૧ થી ૪ ધોરણની શાળાઓ બંધ કરી આશ્રમશાળાઓ બનાવવી જોઈએ.

(૨૪) શિક્ષણની પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ. બાળકો આકર્ષાય તેવા પ્રોગ્રામો આપવા જોઈએ.

(૨૫) નબળા બાળકો માટે કોચીંગ વર્ગો ચલાવવા જોઈએ. ગણિત, વિજ્ઞાન તથા અંગ્રેજી જેવા વિષયોના તાસ વધારે ફાળવવા જોઈએ.

(૨૬) વ્યવસાયલક્ષી શિક્ષણ આપવું જોઈએ.

(૨૭) માસિક પ્રગતિની નોંધ તલાટી-મંત્રી મારફતે મેળવી સુધારાવધારા કરવા જોઈએ.

(૨૮) શિક્ષણ અને કામના પ્રમાણમાં પગાર-વેતન અપાવવું જોઈએ.

(૨૯) વિદ્યાર્થીઓને પુરતી નાણાંકીય સહાય આપવી જોઈએ.

ઉપરોકત ઘણાબધા કારણો સંખ્યા વધારવા માટેના જોઈ શકાય છે તેમાં સરકારશ્રી તરફથી મળતા લાભોની જાણકારીનો વ્યાપ વધારવો જોઈએ. શિક્ષણ પ્રણાલીમાં ફેરફાર કરવાની જરૂરિયાત સાથે શાળાઓને મળવાપાત્ર ભૌતિક સાધનોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. બાળકોને જેના દ્વારા શિક્ષણ આપવાનું છે તે સાધન જ ઉપલબ્ધ ન હોય કે સમયસર મળતા ન હોય તો શિક્ષણ કાચુ રહેવાનું અને બાળકોની સંખ્યા હોવી જોઈએ.તેટલી સંખ્યા રહી શકે નહી. બોલેલુ વર્તનમાં મુકાય તો ઘણું બધું થઈ શકે તેમ છે. પણ યોજના કાગળ પર જ રહે અને સ્થળ ઉપર કંઈ લાભ ન થાય તો તેનું પરિણામ મળવાનું નથી. કામના પ્રમાણમાં વેતનની માગણી પણ કરવામાં આવી છે. કોઈ ઉત્સાહી શિક્ષક વધારાનું કામ કરે તો તેને પ્રોત્સાહન પણ મળવું જ જોઈએ. વળી ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ આશ્રમશાળા કે છાત્રાલયની વૈકલ્પિક વ્યવસાયનું પણ સુચન કરવામાં આવ્યું છે. સાથે સાથે વિદ્યાર્થીને મળતી નાણાકીય સહાય પણ સમયસર અને વધારે મળે તો સંખ્યામાં વધારો થઈ શકે.

...ાર વિકાસના અભાવે વિસ્તારને અનુરૂપ પણ કેટલાક પ્રશ્નો હોઈ ...બાબતોને ધ્યાનમાં રાખી વિવિધ યોજનાઓ દ્વારા વિશિષ્ટ લાભો ...વિકાસના પ્રયત્નો કરવામાં આવી રહ્યા હોય છે. તેમ છતાં ઘણા પ્રશ્નો ...રતા કર્મચારીઓને પણ રહેવાના. આમ છતાં આ વિસ્તારમાં કામ ...ની તૈયારી હોય તેવા જ કર્મચારીઓને કામ માટે પસંદ કરવા જોઈએ. ... નોકરી કે પગાર માટે કામ કરતા કર્મચારી અહીં કામ કરી શકશે નહી ... લાગે છે. મનુષ્ય સ્વભાવે પ્રગતિ અને વિકાસ ઝંખે છે. પણ આ વિકાસ મૂલ્યો કે સંસ્કૃતિના ભોગે ન થવો જોઈએ. આદિવાસી વિસ્તારમાં કામ કરતા શિક્ષકોને પણ તેમના પ્રશ્નો કેવા છે તે જાણવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જેનાથી તેમના પ્રશ્નોનું પણ નિરાકરણ કરી શકાય. તેમના પ્રશ્નો વિગતે જોઈએ,

(૧) માનસિક વિકાસ થતો નથી.

(૨) જીવન સારી રીતે જીવી શકાતું નથી.

(૩) કુટુંબ સાથે રહેતા શિક્ષકોના કુટુંબનો વિકાસ થઈ શકતો નથી.

(૪) જીવન જરૂરી ચીજવસ્તુઓ પૂરતા પ્રમાણમાં મળી શકતી નથી.

(૫) ગામમાં રહેવા માટે કોઈ સગવડ કે મકાન નથી.

(૬) સ્ત્રી શિક્ષકથી આવા ગામમાં રહી શકાય તેમ નથી.

(૭) મોટાભાગના ગામમાં સહકાર મળતો નથી. ગામના દારૂડિયા લોકો દારૂપીને ધમાલ કરે છે.

(૮) મોટાભાગના શિક્ષકો બહારગામના હોવાથી શનિ, રવિ વતનમાં જાય છે. સોમવારે સમયસર આવતા નથી. અઠવાડિયાના ત્રણ દિવસ જ આવે છે, જેથી સેટ થતા નથી.

(૯) વાલીનો અમુક વખતે દારૂ પીને જેમ તેમ બોલતા હોય છે.

(૧૦) રહેવા તથા સૂતાની સગવડ નથી હોતી.

(૧૧) વાલીઓ બાળકોને મોકલતા નહોવાથી વર્ગોમાં સંખ્યા ઓછી રહે છે.

(૧૨) નોકરીની શરૂઆતમાં બાળકોની ભાષા સમજવામાં મુશ્કેલી ઊભી થાય છે.

(૧૩) ક્યારેક ચોરીના બનાવો પણ બનતા હોય છે.

(૧૪) કેટલાક દારૂ પીને શાળામાં મુશ્કેલી ઊભી કરે છે.

(૧૫) લોકોના સહકારનો અભાવ.

અનિયમિત બાળકો રહેવાથી અભ્યાસમાં કાચા રહે છે.

દવાખાનાની સુવિધા હોતી નથી.

પ્રશ્નોના નિવારણ માટે યોગ્ય માહિતી મળતી નથી.

વાલીઓ તથા બાળકો સાથે સ્થાનિક બોલી બોલવી પડે જેના કારણે અભ્યાસક્રમમાં પહોંચી શકાતું નથી.

ઘણીવાર માહિતી સમયસર મળતી નથી.

શિક્ષકોના બાળકોને ઉચ્ચઅભ્યાસ માટેના પ્રશ્નો.

પાકા શિક્ષણ ક્વાર્ટર્સનો અભાવ.

ઉપરોક્ત ઘણાબધા કારણો શિક્ષકોએ બતાવ્યા છે. જે જોતાં એમ લાગે છે કે શિક્ષક બન્યા પછી દરેક પ્રકારની ભૌતિક સુવિધા મળવી જ જોઈએ તેની સામે વાંધો નથી પણ મૂલ્યના જે માપદંડ છે તે સુધારવાની જરૂર છે.

વિકાસની વાત અને સુવિધાની વાત મુખ્ય મુદ્દો બનાવવામાં આવે તો તે બરાબર નથી. ભારતીય સંસ્કૃતિ દેખાવ કે સાધનને વિકાસ માનતી નથી. વિવેકાનંદનું એ વાક્ય યાદ આવે છે કે પશ્ચિમના રાષ્ટ્રોમાં દરજી જેન્ટલમેન બનાવે છે. અમારા દેશમાં સંસ્કાર જેન્ટલમેન બનાવે છે અને તે કામ તો શિક્ષક જ કરી શકે. ત્યારે તેમના આ પ્રશ્ને ઘણો વિવાદ ઊભો કરી શકે તેમ હોય ત્યારે વધારે લખવાની ઈચ્છા થતી નથી. તેમ છતાં શુરઆતના ગાળાની જે મુશ્કેલી છે તે વ્યાજબી છે. ભાષાનો સવાલ, રહેઠાણનો સવાલ, રસ્તાનો સવાલ, અનિયમિતતાનો સવાલ વગેરે સવાલો હલ થઈ શકેતેમ છે. એક અભણ આદિવાસીની વાત યાદ આવે છે તે મુકવાનું મન થાય છે. તેનું નામ છે રામુ હળપતિ.

શિક્ષકે પ્રગતિપત્રકમાં લખ્યું કે તમારો છોકરો ગણિત, ભાષામાં કાચો છે. રામુ શિક્ષક પાસે ગયો સાહેબ એ કાચો છે માટે તો નિશાળે મૂકયો છે. પાકો કરવાનું કામ તો તમારું છે. મારું કામ તો તેને નિયમિત નિશાળે મોકલવાનું છે અને તેને જોઈતી સગવડ આપવાનું છે. ખરેખર આ અભણ વાલીને કેટલીબધી સુઝ છે. તેનો જે વિષય નથી, જે વસ્તુ તે જાણતો નથી માટે તો તેને નિશાળે મૂક્યો છે. તે જાણતો હોત તો કદાચ તે નિશાળે ન મુકત. આમ સમગ્ર વિસ્તારનો સવાલ છે ત્યાં ઘણાબધા વાલીઓ અભણ છે. તેમને સમજ આપવી તેમને સમજાવી તેમની ફરજની વાત મર્યાદામાં રહી કરવી જોઈએ. તેમને

...મ કહીએ કે તમે બધુ શીખીને આવો તો તે તત્કાળ બનવાનું નથી. જેમ ...ણનો વ્યાપ વધશે તેમ તેમ આપો આપ તે સુઝ આવવાની જ છે.

અનુસૂચિત જનજાતિની શિક્ષણ પુરુ કરેલ વ્યક્તિઓના આત્મનિર્ભર ... માનસિક અને આંતરિક શક્તિનો વિકાસ થયો છે. તેના સવાલ સામે ... અને 'ના' બન્નેમાં જવાબ જોવા મળે છે. તેમાં ખાસ કરી નોકરી ધંધાને ...ના જવાબો ઉપર વધારે ભાર મૂકેલો જોઈ શકાય છે. તેમના જવાબો નીચે ...ના હતા.

(૧) જાહેરક્ષેત્રોમાં નોકરી કરતા થયા.

(૨) કેટલાક ભણેલા યુવાનો સ્વતંત્ર ધંધો રોજગાર પણ કરતા થયા.

(૩) તેમની રહેણી, કરણીમાં ફેરફાર જોવા મળે છે.

(૪) ધો.૭ પછીના અભ્યાસ માટે ખુદ માતા-પિતા રસ લઈ બાળકને આગળ અભ્યાસ માટે પ્રોત્સાહીત કરે છે.

(૫) જાહેરક્ષેત્રના વિકાસ માટે આગળ આવી પ્રયત્નો કરતા થયા છે.

(૬) ખેતીમાં પરિવર્તન જોઈ શકાય છે. રાસાયણિક ખાતર, સુધારેલ બિયારણ, ઓજાર વગેરે વાપરતા થયા છે.

(૭) ધો.૧૦ સુધી ભણેલા બેરોજગારો યુવાનો સરકારી સહાયથી નાના, ગૃહઉદ્યોગ કરતા થયા છે.

(૮) તેમનામાં રહેલી લઘુતાગ્રંથી મોટાભાગે દૂર થઈ ગયેલી જોઈ શકાય છે.

(૯) રોજગાર અને સમાચારપત્રો વાંચી જાહેરાતોમાં પોતાની ઉમેદવારી નોંધાવતા થયા છે.

(૧૦) પોતાની મુશ્કેલી યોગ્ય રીતે રજુ કરી શકે છે અને ઉપાય પોતાની જાતે મેળવી લે છે.

(૧૧) સરકારી સહાયનો મહત્તમ લાભ લેતા થયા છે.

(૧૨) નોકરી ધંધા ધ્વારા આર્થિક પાસુ વધારે મજબુત બનાવતા થયા છે.

(૧૩) નાના મોટા ધંધાઓ જાતે કરતા થયા છે.

ઉપરોક્ત ઘણાબધા લાભો શિક્ષણના કારણે જોવા મળે છે. જાગૃતિ ઘણી વધી ગઈ છે. પોતે ક્યાં છે. પોતે શું કરી શકે તેનું જ્ઞાન તે ધરાવે છે.

...ા હકકોની માગણી કરીએ તેની જાગૃતિ શિક્ષણના કારણે જોઈ શકાય ...આમ છતાં વિસ્તારને વસતિમાં વિસંવાદીતા જોઈ શકાય છે. જે જાતિઓ ...ક્ષણનો વ્યાપ વધારે છે તેમને ઉપરોકત દરેક પ્રકારના લાભો મેળવ્યા છે. ... હજુ ઊંડાણની કેટલીક જાતિઓ એવી છે કે જેમનામાં શિક્ષણનું પ્રમાણ ...ઓછું છે. તેઓ ઘણાબધા લાભોથી વંચિત છે. માટે જ કેટલાક કારણો ...દર્શાવ્યા છે તે જોઈએ.

(૧) શિક્ષણનો અભાવ તથા પુરુ શિક્ષણ લેતા નથી.

(૨) આર્થિક પરિસ્થિતિ નબળી.

(૩) જરૂરી માર્ગદર્શનનો અભાવ.

(૪) નોકરીની જગ્યા ન મળવાથી નિરાશા.

(૫) રોજગારલક્ષી શિક્ષણનો અભાવ.

(૬) આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે માનસિક તથા આંતરિક રીતે ખૂબ જ નબળા હોય છે.

(૭) માહિતીનો અભાવ.

(૮) નજીકના વિકસિત માણસો અવરોધો કરી લાગવગથી યોગ્ય કાર્ય કરવા દેતા નથી.

ઉપરોકત દરેક કારણો જેમનામાં શિક્ષણ નથી. તેમનામાં રહેલાના જ ...આગળ અને શિક્ષિત જાતિઓ વધારે લાભ લેવાની જ તે સ્પષ્ટ વાત છે. તે ... શિક્ષણ વધે તો જ તેમાં પરિવર્તન આવી શકે અને વિકાસ ઝડપી થાય ...આત્મનિર્ભર બને અને જાતે કંઈ વિચારી શકે, સાથે સાથે સમગ્ર વિસ્તારનો ...વિકાસ થઈ શકે.

અનુસૂચિત જનજાતિના બાળકોમાં અભ્યાસ પ્રત્યે વધારે રુચી થાય આ ...શિક્ષકોના વિચારો પણ જાણવા પ્રયત્ન કર્યો હતો. કારણકે વર્ષોથી ...આમના બાળકો અને વાલીઓ સાથે સંપર્કમાં હોવાથી સાથે સાથે વિસ્તારને ...ના સૂચનો જાણવા મળે. સાથે સાથે આર્થિક સામાજિક સંજોગોથી શિક્ષકો ...માહિતગાર હોય તે સ્વભાવીક છે.

...વાલી સંપર્ક વધારવો જોઈએ તથા આર્થિક મદદ કરવી.

...વીન શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવાથી બાળકને શિક્ષણની ભુખ ... છે.

દૃશ્ય શ્રાવ્ય સાધનોમાં ચાર્ટ, ચિત્રોનો ઉપયોગ વધારવો.

બાળક સાથે પ્રેમથી વાત કરવી જોઈએ.

(૫) આંગણવાડી કે બાલવાડીમાં બાળકો નિયમિત જાય તે માટે પ્રયત્ન કરવો જેથી શાળામાં સરળતાથી આવે.

(૬) સરકાર તરફથી મળતા લાભો વધારવા જોઈએ જેથી બાળકો વચ્ચેથી ઊઠી ન જાય.

(૭) અનામતના લાભના કારણે આગળ અભ્યાસમાં રુચી રાખે છે તો તેમને તરત જ નોકરી મળે તો અભ્યાસનું પ્રમાણ વધે.

(૮) સરકાર તરફથી મળતા લાભો વધારવા.

(૯) વિસ્તારને ધ્યાનમાં લઈ યોજનાઓ બનાવવી જોઈએ.

(૧૦) રમત, ગમતના સાધનો આપવા જોઈએ.

(૧૧) અભ્યાસ ઉપરાંત ઈતર સાહિત્ય વર્તા, બોધકથાઓ બાળકોને લગતા સાહિત્ય વાંચવા માટે આપવા જોઈએ.

(૧૨) તેજસ્વી બાળકને પ્રોત્સાહન તરીકે ઈનામ આપવા જોઈએ. બાળકોને શૈક્ષણિક સુવિધાઓ પુરી પાડવી જોઈએ.

(૧૩) અનુ. જનજાતિના વિદ્યાર્થીઓને આવકની ગુણવત્તાના આધારે શિષ્યવૃત્તિની સહાય આપવી જોઈએ.

(૧૪) ધો.૧૨ સાયન્સના ગરીબ વિદ્યાર્થીને ધો.-૧૨ના ટકાની ગુણવત્તા અનુસાર મેડીકલ, એન્જિનીયરીંગમાં ૧૦૦% સહાયની સગવડ આપવી.

(૧૫) બાળકોને કેન્દ્રમાં રાખી અભ્યાસક્રમ આપવો.

(૧૬) બાળ નાટકો, એકપાત્રી અભિનય, સાંસ્કૃતિક કાર્યક્રમો ધ્વારા બાળકોનો આત્મા વિશ્વાસ વધારી શકાય.

(૧૭) ટ્યુશન પધ્ધતિ નાબુદ કરવી જોઈએ.

(૧૮) મુખ્ય વિષયમાં ઔપચારીક વર્ગો આપવા જોઈએ.

(૧૯) વ્યવસાયિક તાલીમી શિક્ષણ આપવામાં આવે તો બેકારીનો પ્રશ્ન ઘટે.

(૨૦) બાળકો સાથે વાર્તાલાપ રાખવા જોઈએ જેમાં ઉચ્ચશિક્ષણ લીધેલ વ્યક્તિઓ તથા ઉચ્ચ હોદ્દા ધરાવનાર અધિકારીઓ સાથે મુલાકાત ચર્ચાવિચારણા થવી જોઈએ.

(૨૧) જ્યાં શિક્ષણ વધુ છે તેવા વિસ્તારોના શૈક્ષણિક પ્રવાસો રાખવા જોઈએ તથા મૂલ્યાંકન કરવુ જોઈએ.

(૨૨) દફતરના ભાર વિહિત શિક્ષણ હોવું જોઈએ.

(૨૩) હાલમાં જે આર્થિક સહાય મળે છે તેમાં વધારો કરવો જોઈએ.

ઉપરોક્ત જુદા જુદા ૨૩ કારણો જાણવા મળ્યા છે જેમાં શિક્ષણ પધ્ધતિમાં સુધારવાની અને આર્થિક મદદ વધારવાની વાત મુખ્ય છે. શિક્ષણમાં બાળકોની રૂચી વધે અને બાળકો નિયમિત શાળાએ આવે તે માટે શિક્ષણ પધ્ધતિમાં કેટલાક ફેરફાર કરવાના સૂચનો કર્યા છે. જો જોતાં એમ લાગે કે આ વ્યવસ્થાય શિક્ષણના માળખામાં પહેલેથી જ આવરી લેવામાં આવી હોવા છતાં આદિવાસી વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં આ સુવિધાના અભાવને કારણે તેમને આ અસંખ્ય સૂચનો કર્યા છે. તેમાં એટલું જ કહી શકાય કે જોગવાઈ હોવા છતાં ઊંડાણના વિસ્તારની સ્કૂલોમાં હજુ શૈક્ષણિક સાધનો અપૂરતા છે.

વાલીઓમાં એમના બાળકોના અભ્યાસમાં સારો રસ ધરાવતા થાય આ માટે શું કરવું જોઈએ. તેના પણ કેટલાક સૂચનો જાણવા મળ્યા હતા જે નીચે પ્રમાણે છે.

(૧) બાળકોને મધ્યાહન ભોજનના બદલામાં દસ કિલો અનાજ આપવાની યોજના દાખલ કરવી જોઈએ. જેથી હાજરીનું પ્રમાણ વધશે.

(૨) શાળામાં વાલી સંમેલન યોજવું જોઈએ.

(૩) શિક્ષણથી મળતા લાભોની ચર્ચા વાલીઓ આગળ કરવી જોઈએ.

(૪) શાળામાં સાંસ્કૃતિ કાર્યક્રમો યોજવા જોઈએ જેમાં વાલીઓને આમંત્રણ આપવું જોઈએ.

(૫) બાળક શાળામાં અનિયમિત આવતું હોય તો બાળકના વાલીની વારંવાર મુલાકાત લેવી જોઈએ. વાલી સંપર્ક કરી તેમને જાગૃત કરવા.

(૬) શિક્ષણથી થતા ફાયદાઓ વાલીને સમજાવવા.

(૭) વાલીઓને વ્યસન મુક્ત બનાવવા પ્રયત્ન કરવા જોઈએ.

(૮) શિક્ષણ ફરજીયાત છે તેની સમજ આપવી જોઈએ. શિક્ષણ પ્રત્યે વાલીને સજાગ કરવા જોઈએ.

આર્થિક સહાય કરવી જોઈએ.

(૧૦) પ્રાથમિક શિક્ષણ સાથે માધ્યમિક શિક્ષણને પણ ફરજિયાત અને મફત બનાવવું જોઈએ.

(૧૧) હોંશિયાર અને તેજસ્વી બાળકોને સો ટકા સહાય કરવી જોઈએ. પ્રોત્સાહિત ઈનામો અને વ્યવસાયની તકો પુરી પાડવી જોઈએ.

(૧૨) શિક્ષણના ફાયદા અને શિક્ષણ ન લેવાથી તથા ગેરફાયદા વિષે સમજ આપવી જોઈએ.

(૧૩) વર્ગકાર્યમાં થયેલ કામો પર વાલીઓએ ચકાસણી કરવી જોઈએ તથા બાળકોની રોજીંદી પ્રવૃત્તિ પ્રત્યે દેખરેખ રાખવી જોઈએ.

(૧૪) વાલીઓને યોગ્ય માર્ગદર્શન અપાવવું જોઈએ તેમજ વાસ્તવિક જીવનમાં બનતી ઘટનાઓથી વાકેફ રાખવા જોઈએ.

(૧૫) વાલીઓને અન્ય વિસ્તારની પ્રગતિ બતાવવી જોઈએ. વિકાસના નમૂનાઓ રૂપે સ્થળો બતાવવા જોઈએ.

(૧૬) સરકારની વિવિધ યોજનાથી વાકેફ કરી તે લાભ સરળતાથી મળે તેવું થવું જોઈએ.

(૧૭) શેરીએ શેરીએ પ્રાર્થના સભા સંમેલન કરી વાલીઓ ભેગા થાય એટલે શિક્ષણની, વિકાસની વાતો કરવી જોઈએ,તેમને સમજ આપવી જોઈએ.

ઉપરોક્ત ઘણાબધા કારણો એવા હતા કે પ્રથમ વાલીઓમાં જાગૃતિ આવે તેવા પ્રયત્નો કરવા જોઈએ તેમ જણાવવામાં આવ્યું છે. પણ અભણ, આર્થિક ભીંસમાં સપડાયેલ વાલી પોતાના બાળકની પ્રગતિ તો અવશ્ય ઈચ્છે પણ સાંજે રોટલાની વ્યવસ્થા કરવાની હોય તે વાલી તેના બાળક પાછળ સમય આપી શકશે ખરો; બાળક એ આદિવાસી સમાજમાં એક આર્થિક પાસુ છે. કામ કરવા લાયક બાળક નાનાભાઈ બેનને સાચવવાથી માંડી ખેતરના કામો, ઢોર ચરાવવાના કામો સાથે સતત ગુંથાયેલો રહે છે. અને વાલી માટે તે આવશ્યક થઈ ગયે છે. માટે જ તો કેટલાક વિસ્તારના વાલી એમ કહેતા પણ જોવા મળ્યા કે એક છોકરો ઢોરનો, એક ખેતરનો અને એક છોકરો માસ્તરનો આમ જેની વ્યવસ્થા આ રીતે ગોઠવાયેલી છે. તે બાળકને નિયમિત કેવી રીતે મોકલી શકે.

આમ છતાં હવે પરિવર્તન જોઈ શકાય છે. શિક્ષણ લીધેલ વ્યકિતઓ ગામમાં રહે છે. નોકરી, ધંધા કરે છે. તે જોઈ તેના બાળકો પણ ભણે અને આગળ આવે તેમ તે ઈચ્છે છે. માટે જ તો તે બાળકને ભણશે તો જીવન સુધરશે તેમ કરી પ્રયત્ન કરે છે. પણ આ પ્રયત્નમાં થોડો વધારો કરી તે નિયમિત નિશાળે જાય અને અભ્યાસમાં ધ્યાન આપી આગળ વધે તે માટેના જ પ્રયત્નો કરવાના છે. બાળક નાપાસ થાય, બીમાર પડે, મેળું પડે, ગેરહાજર વધારે દિવસ રહે તેવા નાના કારણોને લીધે પણ અભ્યાસ છોડતા હોય છે તે ન બને તે માટે જાગૃતિ પેદા કરવાનું કામ જો કરવામાં આવે તો અવશ્ય શિક્ષણ વધી શકે તેમ છે. તે માટે સ્થાનિક અધિકારીઓ, ગુરુજીઓ અને ગામના ભણેલા લોકો આ કામ ઉપાડી લે તો અપવ્યય અને સ્થગિતતામાં ઘણો ઘટાડો કરી શકાય તેમાં કોઈ શંકા નથી.

## પ્રકરણ - ૬

## તારણો અને સૂઝાવો

સમાજના નબળા વર્ગોના આર્થિક અને શિક્ષણના હિતોને વિકસાવવા રાજ્ય ખાસ ધ્યાન આપશે. તેઓ ઉલ્લેખ બંધારણની કલમ ૪૬માં છે. તે જોતાં સમગ્ર જવાબદારી સરકારની ગણી શકાય.

) ગુજરાતમાં અનુસૂચિત જનજાતિના શિક્ષણનું પ્રમાણ ૧૯૯૧માં ૨૯.૬૭ ટકા જેટલું જોઈ શકાય છે. જેમાં પુરુષોમાં ૩૯.૩૭ ટકા અને સ્ત્રીઓમાં ૧૯.૬૫ ટકા જેટલું શિક્ષણ જોવા મળ્યું હતું. જે ઘણું ઓછું કહી શકાય.

(૩) સમગ્ર ગુજરાતમાં શાળા છોડી જતા બાળકો ૧૯૯૩-૯૪માં ૫,૬૩,૧૮૬ હતા જે કુલ બાળકોના ૩૭.૬ ટકા જેટલા થાય છે.

(૪) ૧૯૯૧ના વસતિ ગણતરી પ્રમાણે રાજ્યમાં કુલ ૬૩૫ ગામડાઓ શિક્ષણની સુવિધાથી વંચિત છે. આ પૈકી ૪૧.૨૬ ટકા ગામડાંઓ પૂર્વપટ્ટી વિસ્તારમાં આવેલ છે જે અનુસૂચિત જનજાતિનો વિસ્તાર છે.

(૫) ૧ થી ૭ ધોરણનો અભ્યાસ પુરો કરી આગળ અભ્યાસ માટે ૧-૧/૨ કિ.મી. થી ૨૨ કિ.મી.ના અંતર સુધીમાં માધ્યમિક શાળા કે હાયર સેકન્ડરી શાળાની સગવડ હતી.

(૬) તપાસેલ નવ શાળામાંથી ૪ શાળા એવી છે જ્યાં ૧ થી ૭ ધોરણ હોવા છતાં વર્ગખંડની સંખ્યા ઓછી હતી.

(૭) ત્રણ પ્રાથમિક શાળાના મકાનના બારી-બારણા સલામત ન હતા. કેટલીક શાળામાં ચોમાસામાં પાણી પડે છે તેવી પણ રજુઆત હતી.

(૮) પ્રાથમિક શાળાઓમાં વૈજ્ઞાનિક પ્રયોગો માટેના કોઈ સાધન ન હતા. જેમાં પૂરતા પ્રમાણમાં ન હોય તેવી ત્રણ અને એકપણ ન હોય તેવી એક શાળા હતી.

) ચિત્રો દર્શાવતા ચાર્ટ ૪ શાળામાં ન હતા. જ્યારે બે શાળામાં ફાટેલી હાલતમાં હતા.

શિક્ષકો માટે ટેબલ ખુરશીની વ્યવસ્થા ૬ પ્રાથમિક શાળાઓમાં અપૂરતા હતા. ૩૭ શિક્ષકો માટે ટેબલ ખુરશીની કોઈ વ્યવસ્થા જ ન હતી.

) મધ્યાહન ભોજન યોજના દરેક પ્રાથમિક શાળામાં અપાતું હતું.

૨) એકથી બે ધોરણના બાળકોને સ્લેટ, પેન અપાતા હતા.

૩) પીવાના પાણીની વ્યવસ્થા હોવી જોઈએ તેવા પાંચ શાળાના અભિપ્રાયો હતા. જ્યારે સંડાસ, મુતરડી હોવી જોઈએ તેવા ૪ શાળાના અભિપ્રાયો હતા. શાળામાં આ સિવાય ઘણીબધી વસ્તુઓનો અભાવ હતો.

(૧૪) તપાસેલ નવ પ્રાથમિક શાળામાં ચાલુ અભ્યાસ કરતા બાળકોની સંખ્યા ૧,૨૭૬ કુમાર અને ૮૭૫ કન્યાઓ હતી. સરેરાશ વર્ગદીઠ ૩૪ બાળકોની સંખ્યા હતા.

(૧૫) કન્યાઓની સંખ્યા દરેક સ્કૂલમાં ઓછી જોવા મળી હતી.

(૧૬) શાળા છોડી ગયેલ બાળકોના ૭૨ વાલીઓનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

(૧૭) મોટાભાગના કુટુંબો ખેતી અને ખેતમજૂરી પર આધારીત હતા.

(૧૮) લગભગ બધા જ કુટુંબો કાચા મકાનોમાં રહેતા હતા.

(૧૯) ૬૫ કુટુંબો જમીનવાળા અને ૭ કુટુંબો જમીનવગરના હતા.

(૨૦) કુટુંબદીઠ સરેરાશ ૨.૦૮ એકર જેટલી જમીન થાય છે.

(૨૧) ખેતીના સાધનો ૨૦૨ હતા જે કુટુંબદીઠ ૩ જેટલી થાય છે. આમ ખેતીના સાધનો અપૂરતા જોઈ શકાય છે.

(૨૨) લગભગ દરેક કુટુંબ ગરીબી રેખા નીચે જીવનજીવતા હતા.

(૨૩) તપાસેલ ૭૨ કુટુંબોમાંથી ૨૨ કુટુંબો દેવાદાર હતા. જે કુલ કુટુંબો ૩૦.૫૫ ટકા થાય છે.

(૨૪) કુલ સંખ્યામાં ૪૪.૭૮ ટકા બાળકો એવા હતા જેમની ઉંમર ભણવા જવાની હતી.

(૨૫) કુલ સભ્ય સંખ્યામાં ૫૨.૪૫ ટકા સભ્ય સંખ્યા અભણ હતી. જેમાં ૪૦.૬૭ ટકા પુરુષો અને ૬૪.૩૭ ટકા સ્ત્રીઓ હતી.

(૨૬) ૫ થી ૭ ધોરણ સુધી ભણેલા પુરુષો ૧૧.૮૬ ટકા અને સ્ત્રીઓ ૮.૧૫ ટકા હતી. ૧૧ થી ૧૨ ધોરણ સુધી ભણેલામાં ફક્ત પુરુષ સભ્ય સંખ્યા હતી જે કુલ પુરુષ સભ્ય સંખ્યાના ૨.૫૪ ટકા થાય છે. આમ સ્ત્રી શિક્ષણ નહીવત હતું.

(૨૭) કુલ ૫૭૮માંથી ૧૪૧ બાળકોએ અભ્યાસ છોડયો છે. આમ ૭૯.૨૧ ટકા એ તો અધવચ્ચેથી જ અભ્યાસ છોડયો છે.

(૨૮) તપાસેલ ૭૨ કુટુંબોના એકપણ સભ્યએ ધોરણ ૧૨, ૧૨ પછી આગળ અભ્યાસ ચાલુ હોય તેમ જોઈ શકાયુ નહતું.

(૨૯) વાલીઓ પાસેથી શાળા છોડવા.પાછળના વિવિધ ૯૦ જેટલા કારણો ભણવા મળ્યા હતા. જેમાં આર્થિક સ્થિતિ નબળી તેવા ૨૦ કારણ હતા તે સૌથી વધારે હતા.

(૩૦) આગળ ભણાવવા જોઈએ તેમ માને છે. પણ આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે તે આગળ ભણાવી શકતા નથી.

(૩૧) બાળકો ભણવા જાય તેનાથી મુશ્કેલી-પડે છે તેવા પ્રશ્નના જવાબમાં ઉત્તરદાતાઓએ 'હા' માં જવાબ આપ્યા છે. જ્યારે ૧૮ ઉત્તરદાતાઓ એ 'ના' માં જવાબ આપ્યા છે. બાકીનાએ કોઈ જવાબ આપ્યા નથી. આમ મોટાભાગના કુટુંબો મુશ્કેલી અનુભવતા હતા.

(૩૨) ભણવાનું મહત્વ ભણનાર ઉત્તરદાતાઓ ફક્ત ખર્ચના જ કારણે બાળકને ભણાવવાનું બંધ કરવામાં માનતા હ હતા. બાળક ભણે તો તેઓ તેના માટે ખર્ચ કરવા તૈયાર હતા. પણ બીજા ઘણાબધા કારણો શાળા છોડવા માટેના હતા.

(૩૩) છોકરા કરતાં છોકરીને ઓછું ભણાવવામાં માને છે.

(૩૪) ભણે તો તેમનું જીવન સુધરે, હિસાબ, કીતાબ રાખે તે માટે પણ ભણાવવામાં માનતા થયા છે. અભણ રહે તે હવે ગમતું નથી તેમ કેટલાક માનતા થયા છે.

(૩૫) સરકાર તરફથી મળતી શિષ્યવૃત્તિ અંગેની તેમની જાણકારી હતી.

(૩૬) ૦ાા કિ.મી. થી બે કિ.મી. સુધી ચાલી જવું પડતું હોય તેવી પણ પ્રાથમિક શાળાઓ હતી, જ્યાં નાના બાળકો એકલા જઈ ન શકવાને કારણે પણ સ્કૂલે નિયમીત જતા નહતા.

(૩૭) કાચો અને નદી નાળા વચ્ચે આવતા હોય તેવા રસ્તાઓ હોવાના કારણે ચોમાસાના દિવસો હોય નદી નાળામાં પાણી હોય ત્યારે બાળકો નિશાળે જઈ શકતા નથી હોતા.

(૩૮) મોટાભાગના ઘરોમાં ભણવા માટેની કોઈ પણ વધારાની સગવડ નહતી. જેમાં ટેબલ-ખુરશી કંઈ જ નહતું. લાઈટ ફક્ત ૧૩ કુટુંબોમાં જ હતી જે ઘણો સમય બંધ રહેતી.

(૩૯) ૧૯૮૭-૮૮ના વર્ષને પાયાનું વર્ષ ગણવામાં આવ્યું. હતું. આ વર્ષે પ્રથમ ધોરણમાં ૨૭૮ વિદ્યાર્થીઓ દાખલ થયા હતા. જેમાં ૧૬૫ કુમાર અને ૧૧૩ કન્યાઓ હતી.

(૪૦) ૧૯૯૩-૯૪માં ૮૯ વિદ્યાર્થીઓ પાસ થઈ આગળ અભ્યાસ કરતા માલુમ પડયા હતા. કુલ દાખલ સંખ્યાના ૩૨.૦૧ ટકા જ સફળ વિદ્યાર્થીઓ જોઈ શકયા હતા.

(૪૧) જેમ જેમ ધોરણ વધતું ગયું તેમ તેમ પરિણામ ઘટતું ગયેલું જોઈ શકાયું હતું.

(૪૨) ૬૭.૯૯ ટકા અપવ્યય અને સ્થગિતતા જોઈ શકાઈ હતી.

(૪૩) કુલ સાત વર્ષમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯૩ની થાય છે. જે કુલ દાખલ સંખ્યાના ૬૯.૪૨ ટકા જેટલી થાય છે. જે વિશેષ કહી શકાય.

(૪૪) સતત ગેરહાજર રહેવાથી નામ કમી થયા હોય તેવા ૮૦ વિદ્યાર્થીઓ હતા જે કુલ દાખલ થયેલ વિદ્યાર્થીઓમાંથી ૨૮.૭૭ ટકા હતા. અને અપવ્યય કહીએ તો તે પ્રમાણે પણ ઘણું મોટું કહી શકાય.

(૪૫) બહારગામ ભણવા જવાથી નામ કમી થયા હોય તેવા કુલ ૨૧ વિદ્યાર્થીઓ હતા. જે કુલ દાખલ થયેલ વિદ્યાર્થીઓના ૭.૫૫ ટકા થાય છે. આમ આ પ્રમાણ ઓછું હતું. તેના કારણમાં શિક્ષકો કે કર્મચારીના બાળકો હતા. વાલીની બદલી થાય ત્યારે તે બાળકને શાળા છોડવી પડી હોય.

(૪૬) ૧૯૮૭-૮૮ના વર્ષે દાખલ થયેલ વિદ્યાર્થીનો અભ્યાસ એકથી સાત ધોરણમાં હજુ ચાલુ હોય તેવા ૬૨ વિદ્યાર્થીઓ હતા. જેમાં ૩૭ કુમાર અને ૨૫ કન્યાઓ હતી. આમ ૨૨.૩૦ ટકા વિદ્યાર્થીઓ તો હજુ જુદા જુદા ધોરણમાં અભ્યાસ કરતા જોઈ શકાયા હતા. આમ સ્થગિતતાનું પ્રમાણ ૨૨.૩૦ ટકા જોઈ શકાયુ હતું.

(૪૭) નવ પ્રા.શાળાના ૪૩ શિક્ષકોએ પોતાના અભિપ્રાય આપ્યા હતા તેમાં ૬૨.૮૦ ટકા શિક્ષકો અનુસૂચિત જનજાતિના હતા.

(૪૮) સૌથી વધારે સમયથી સેવા બજાવતા ૨૧ શિક્ષકો હતા. જે સૌથી વધુ હતા તેઓ ૮ થી ૨૫ વર્ષથી સેવા આપતા હતા.

(૪૯) શાળાના ગામમાં રહેતા હોય તેવા ૨૭ શિક્ષકો હતા જે કુલ શિક્ષકોના ૬૨.૮૦ ટકા હતા. આમ શાળાના ગામમાં રહેનારની સંખ્યા વધારે હતી.

(૫૦) બીજા ગામમાં રહેવાના ~~૩૪~~ 37 કારણો જાણવા મળ્યા હતા. જેમાં સગવડનો અભાવ, મકાનની સગવડ, જીવન જરૂરિ વસ્તુઓનો અભાવ દર્શાવતા કારણ મુખ્ય હતા.

(૫૧) જે તે વિસ્તારમાં જે તે જાતિની વસ્તી વધારે હોય તેના જ બાળકો વધારે શાળાએ આવતા જોઈ શકાયા હતા.

(૫૨) આદિવાસી બાળકો શિક્ષણ અધવચ્ચેથી કે પુરુ થયા બાદ અભ્યાસ કેમ કરતા નથી તેના જવાબોમાં શિક્ષકોએ સાત કારણો દર્શાવ્યા હતા. જેમાં ભૌગોલિક પરિસ્થિતિ, વયકક્ષા પ્રમાણે અભ્યાસ ભારરૂપ, વાલીની બેકાળજી, મુખ્ય વિષયો નબળા, આર્થિક સ્થિતિ નબળી જેવા કારણો મુખ્ય હતા.

(૫૩) શાળાના વિદ્યાર્થીની હાજરી વધે તે માટે ૩૧ જેટલા કારણો દર્શાવવામાં આવ્યા છે. જેમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધારવી, આર્થિક લાભ વધારવા, શૈક્ષણિક સાધનો વધારવા, વાલી સંપર્ક વધારવો, સરકારી યોજનાની જાણકારી વધારવી, છાત્રાલયની સગવડ,આપવી, સ્થળાંતર અટકાવવું. આયોજનબધ્ધ શિક્ષણ પધ્ધતિ, અને સાચુ મૂલ્યાંકન થવું જોઈએ તેવા કારણો મુખ્ય હતા.

(૫૪) શિક્ષકોના પણ કેટલાંક પ્રશ્નો હતા જેમાં સગવડનો અભાવ, બાળકોના અભ્યાસનો પ્રશ્ન, સ્ત્રી શિક્ષકોના પ્રશ્નો, જીવન જરૂરી ચીજોના પ્રશ્નો, પ્રાથમિક આરોગ્યનો પ્રશ્ન વગેરે મુખ્ય હતા.

(૫૫) શિક્ષણ પુરુ કરેલ વ્યક્તિઓના આત્મનિર્ભર બનવા માનસિક અને આંતરિક શક્તિઓનો વિકાસ થયેલો જોઈ શકાય છે. તેઓ જાતે આત્મનિર્ભર

બનવા પ્રયત્નો કરે છે. જાગૃતિ વધી છે, ભણવાની ભૂખ વધી છે. વિવિધ ક્ષેત્રોમાં રોજગાર મેળવતા થયા છે. આમ છતાં ઘણુબધું કરવાનું બાકી છે જે થયું છે તે સારું છે પણ કરવાનું ઘણું બાકી છે. જેટલા પ્રમાણમાં થવું જોઈએ તેટલા પ્રમાણમાં થયું નથી. આના કારણે કેટલાક સ્થાપિત હીતો પણ પેદા થતા હોય છે. જેઓ સમાજને ઘણું નુકશાન પણ કરતા હોય છે. આમાં સર્વાંગી વિકાસ કરવો હોય તો શિક્ષણ એ પાયાની જરૂરિયાત છે.

સુઝાવો :

તપાસેલ પ્રાથમિક શાળામાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ ઘણું જોઈ શકાય છે. આટલા મોટા પ્રમાણમાં અપવ્યય અને સ્થગિતતાના ઘણાબધા કારણો અહેવાલમાં જોઈ શકાય છે. આ બધા જ કારણો મહદ્‌અંશે જવાબદાર તો છેજ તેમ છતાં જ્યાં જ્યાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. ત્યાં ત્યાં વિકાસ પણ થયેલો જોઈ શકાય છે. સાથે સાથે શિક્ષણ પ્રત્યેની રુચી પણ વધેલી જોઈ શકાય છે. પણ આ એવા વિસ્તાર અને જાતિની વાત થઈ જ્યાં શિક્ષણનું પ્રમાણ વધું છે. આજે પણ એવા વિસ્તાર અને જાતિઓ છે જ્યાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. હજુ તેઓએ શિક્ષણને સંપૂર્ણ અપનાવ્યું નથી. શિક્ષણ હજુ પણ બહારથી લદાયેલી પ્રક્રિયા જેવું છે. ત્યાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ વધુ જોઈ શકાય છે. આ કારણોમાં તેમના આર્થિક સામાજીક, સાંસ્કૃતિક અને પાયાનો પણ વિચાર કરવો જોઈએ તેમ લાગે છે.

અર્થવ્યવસ્થા :

અતિ પછાત અને પછાત આદિવાસી વિસ્તારના આદિવાસીની અર્થ-વ્યવસ્થા જોતાં શિક્ષણ એ બહારથી લાદેલી પ્રક્રિયા જેવું લાગે, જેનાથી તેને તાત્કાલિક કોઈ લાભ મળવાનો નથી. પોતાની જીવન વ્યવસ્થા જંગલ, ખેતી, પાણી સાથે વણાયેલી છે. તેનાથી જુદા પાડી તેને શિક્ષણ વ્યવસ્થામાં ગોઠવવાનો છે. તત્કાળ વળતર એજ એની વ્યવસ્થાનો ભાગ છે. માટે જ બાળકને નિશાળે ન મોકલતાં નાના બાળકોને સાચવવા કે ઢોર ચરાવવા કે અન્ય નાના મોટા

કામોમાં બાળકોને રોકવામાં આવે છે. આની પાછળનું મુખ્ય કોઈ કારણ હોય તો તે છે કે તેની આર્થિક સ્થિતિ નબળી છે. તેને ઘણાબધા પરિબળો એ ઘેરેલો છે. કુટુંબના દરેક સભ્યએ કંઈને કંઈ કામ કરવું પડતું હોય છે. જો તે કામ ન કરે તો સાંજે જમવાનું મળવાનું નથી. આવી સ્થિતિમાં જીવતા કુટુંબો ગમે તેટલા પ્રલોભન હોવા છતાં તે સૌ પ્રથમ આજીવિકા માટેનો રાહ પસંદ કરે તે સ્વાભાવિક છે. એની અર્થવ્યવસ્થા પરંપરાગત છે. જંગલ, જમીન, પાણી અઢળક હતાં ત્યારે તેને કોઈ ચિંતા નહતી. પણ આજે જે પરિસ્થિતિ છે તે જોતાં તેને જીવન જીવવા માટે પણ સંઘર્ષ કરવો પડે છે. ચોમાસાના દિવસો બાદ તેને બહારની મજુરી ઉપર આધાર રાખવો પડે છે. સ્થળાંતરનું પ્રમાણ દિવસે દિવસે વધતું જોઈ શકાય છે. આમ તુટતી અર્થવ્યવસ્થા, અનિશ્ચિત જીવન વચ્ચે તે શું કરે અને શું ના કરે તે વિચારોમાં અટવાયેલો જોઈ શકાય છે. ક્યારેક તો જવાબ આપવા પણ તેને સુઝતા નથી. તેવા સમયે શિક્ષણ વ્યવસ્થા શું કરી શકે ? કહેવાનું એટલું જ છે કે તેની આ અર્થવ્યવસ્થા વચ્ચે રહીને શિક્ષણ વ્યવસ્થા ગોઠવવા માટેનું કહી શકાય તે માટે અહેવાલમાં ઘણા સૂચનો આવ્યા જ છે તેમ છતાં અહીં પુનરાવર્તન કરું છું.

(૧) આશ્રમશાળા ઉત્તર વ્યવસ્થા છે. ત્યાં બાળક રહી અભ્યાસ કરી શકે સાથે સાથે જીવન ઘડતર થાય, વાલીઓ ઉપર આર્થિક બોજ ન રહે. કેન્દ્ર સરકારની નિવાસી શાળાનો ખ્યાલ હોંશિયાર તેજસ્વી વિદ્યાર્થીઓ માટેનો ખૂબ સારો છે. પણ પ્રાથમિક શાળામાંથી બહાર આવે તો તે શાળા સુધી પહોંચવાનો છે.

(૨) <u>છાત્રાલય વ્યવસ્થા</u> : આ વ્યવસ્થા હજુ નાના બાળકો માટે નથી પણ આગળ અભ્યાસ માટે આ વ્યવસ્થા પણ ઉત્તમ વ્યવસ્થા છે. સવાલ માત્ર એટલો છે કે તે ખૂબ વ્યવસ્થિત રીતે ચાલે અને તેના હેતુઓ બળ આપે.

(૩) સો શિક્ષક બરાબર એક માતા આ કહેવત કેળવણી પામેલ શિક્ષિત માતા માટે કદાચ સાચી હોય. પણ અભણ આદિવાસી માતા એને ભરપેટ પ્રેમ, લાગણી આપી શકે પણ અક્ષરજ્ઞાન કે શિક્ષણના ક્ષેત્રે એ કંઈ આપી શકે તેમ નથી તો આવા સમયે આજની કેળવણી માટે નિષ્ઠાવાન કાર્યકર બહેનો જેઓ બાલવાડી, આંગણવાડીઓનું સંચાલન

કરી રહી છે.તે બહેનો કરી શકે તેમ છે. તેમને વધુ પ્રોત્સાહન આપી બાળકો અને માતા સુધી તે પહોંચી તેમને માર્ગદર્શન આપે અને સરકારી યોજનાઓનો મહત્તમ લાભ લે તે માટે પ્રયત્નો વધારવા જોઈએ.

(૪) અનાજ કે શિષ્યવૃત્તિ એક પ્રલોભન માત્રાથી વધારે કંઈ નથી તેની આર્થિક સ્થિતિ નબળી છે માટે તે આપવામાં આવે તેમાં કંઈ ખોટું પણ નથી. આમ છતાં અપવ્યય અને સ્થગિતતાનું જે પ્રમાણ છે તે ઘટતું નથી તો શું કરી શકાય. આવા સમયે શિક્ષણને આર્થિક બેજ ઉપર લઈ જવું જોઈએ એટલે કે શિક્ષણ પામેલ વ્યક્તિઓને રોજગારીની તકો પુરી પાડવી જોઈએ. શિક્ષિત વ્યક્તિઓ માટે ઘણી બધી તકો રહેલી છે. પ્રાયોરેટી પણ આપવામાં આવે છે. આ બધી વાત ડીગ્રી કે ડીપ્લોમા ધારક વ્યક્તિને લાગુ પડે તે તો બરાબર છે પણ પ્રાથમિક ધોરણમાં અભ્યાસ કરતા હોય અને આર્થિક કારણોસર અભ્યાસ છોડવો પડે તેમ હોય, વળી ગ્રામકક્ષાએ રોજગારીની તકો ઉભી કરી શકાતી હોય તેવા સંજોગોમાં ઓછા ભણેલા કે આગળ અભ્યાસ કરવા માગતા વિદ્યાર્થીઓનો સમાવેશ કરી શકાય. આ વિચાર નવા જેવો લાગે પણ ગ્રામકક્ષાએ આ વિચાર થાય તો રોજગારી અને શિક્ષણ બન્ને આપી શકાય. બાળકોના આ કામને શિક્ષણના ભાગરૂપે ગણવા જે નહી કે બાળ મજૂરો તરીકે.

(૫) શિક્ષણ સ્વભાષામાં :

આદિવાસી જુદી જુદી જાતિઓની ભાષા પણ અલગ અલગ છે. તેમના ઘરનું વાતાવરણ બોલચાલમાં સ્થાનિક ભાષાનો ઉપયોગ થતો હોય તેવા સંજોગોમાં તે નિશાળે જાય ત્યારે તેને અન્ય ભાષાઓ ધ્વારા શિક્ષણ આપવામાં આવે ત્યારે શિક્ષક અને વિદ્યાર્થી બન્ને માટે ભાષાના માધ્યમનો સવાલ ઉપસ્થિત થાય છે. આવા સંજોગોમાં શરુઆતમાં તેની સ્વભાષામાં જ તેને સમજાવવામાં આવે તો તેને વધારે રસ પડે અને તેની ગ્રહણશક્તિ પણ વધે. આમ થાય તો સંખ્યામાં વધારો થઈ શકે. તેમની પોતાની જે ભાષા છે તે પણ ખૂબ સમૃધ્ધ છે. ફક્ત તેની લીપી નથી. આવા સમયે સ્વભાષામાં શિક્ષણ મેળવવું જોઈએ. તાજેતરમાં એન.સી.આર.ટી. પણ તે તરફના પ્રયત્નો ચાલુ કરેલા છે તેમ થશે તો સારો લાભ થશે. બિન આદિવાસી વિસ્તારના શિક્ષકોને પણ શરૂઆતમાં

ભાષાના પ્રશ્નો મુજવતા હોય છે. શરૂના એક બે વર્ષના સમય સુધી સ્વભાષામાં રજુઆત થાય અને તેને સમજાવવામાં આવે તો તે વધારે સારી રીતે સમજી શકે. આ તરફ પણ પ્રયત્ન થઈ શકે જે ભણેલા સર્વિસ કરતા કર્મચારીઓ પણ પોતાની સ્વભાષા ન બોલતાં શુધ્ધ ગુજરાતી બોલવાનો આગ્રહ રાખતા હોય છે. જે સારી વાત છે પણ બાળકો માટે તે સમજવી મુશ્કેલ બનતી જોઈ શકાય છે.

(૬) <u>કર્મચારી ગણ</u> :

આદિવાસી ઊંડાણના વિસ્તારની શાળાઓમાં શિક્ષકો નિયમિત જતા નથી તેવું પણ જાણવા મળે છે. વળી જાય છે તો સમયસર જતા નથી જેથી બાળકો નિયમિત થઈ શકતા નથી. વળી વાહન વ્યવહારની અનુકૂળતા પ્રમાણે આવવા જવાનો સમય ગોઠવતા હોય છે. જેથી ટાઇમ શિડયુલ સચવાતું નથી જે સચવાવું જોઈએ. ઘણીબધી ઊંડાણની સ્કૂલોના બે શિક્ષક હોય તો એક હાજર રહે. બીજા ઘરે રહે, વળી શુક્રવાર કે શનિવારે જાય તો સોમ કે મંગળવારે આવે. આમ શિક્ષકોમાં પણ ઘણી અનિયમિતતા જોવામાં આવે છે. સાથે સાથે દફતરી કામ પણ ઘણા પ્રકારનું રહેતુ હોય છે.જેના કારણે એક કે બે શિક્ષણની શાળાવાળા શિક્ષકો તો સ્કૂલમાં દફતરી કામ જ કરતા હોય છે. તેમના દફતરો ખૂબ રેગ્યુલર હોય છે. પણ બાળકો રેગ્યુલર હોતા નથી. સદર અભ્યાસ તો એકથી સાત ધોરણની સ્કૂલોમાં હોવા છતાં દરેક સ્કૂલની મુલાકાતમાં શાળામાંથી બે ત્રણ શિક્ષકો તો રજા ઉપર હોય જ. આમ તાજેતરના યુનિસેફના અભ્યાસમાં પણ બાળમજૂરો વધવાના કારણમાં શિક્ષણ ઓછું રહેવાના કારણમાં શિક્ષકોને જવાબદાર ગણાવ્યા છે. જેમાં બાળકોને શિક્ષકો તરફથી હુંફનો અભાવ, શિક્ષકોની અનિયમિતતા તેમજ શિક્ષણ પ્રત્યેની બેદરકારી જવાબદાર છે. આવુ થાય તો આપણી જે ફરજીયાત શિક્ષણની જવાબદારી છે તે પાર પાડી શકીએ નહી. આ માટે કાર્યદક્ષ, નિષ્ઠાવાન અને કામ કરવાની ઈચ્છાવાળા શિક્ષકોનીજ ભરતી કરવી જોઈએ. સાથે સાથે તેમના પ્રશ્નો પણ સમજવા જોઈએ અને વહીવટી મર્યાદામાં તેનો જલ્દી ઉકેલ લાવવો જોઈએ. વળી દરેક શિક્ષકો કે જે આદિવાસી વિસ્તારમાં કામ

કરવા માગતા હોય તેમનો આદિવાસી ઓરીએન્ટેશન કોર્ષ ફરજીયાત કરવો જોઈએ જેથી તે આદિવાસીને સમજી શકે તેની આર્થિક, સામાજિક અને સંસ્કૃતિક બાબતો સમજે તો તેને કામ કરવામાં ઘણી સુગમતા રહે.

(૭) પૂરતા શૈક્ષણિક સાધનો અને શૈક્ષણિક વાતાવરણ પુરૂ પાડવું જોઈએ.

તપાસેલ પ્રાથમિક શાળાઓમાં ૧ થી ૭ ધોરણના અભ્યાસક્રમમાં આવતા સંપૂર્ણ સાધનોનો અભાવ જોવામાં આવ્યો હતો. એટલે કે બાળકોની રૂચી વધે જાણકારીમાં વધારો થાય. રસ પડે તે માટેના રમત ગમતના સાધનો, ચિત્રો, ચાર્ટ, વિજ્ઞાનના સાધનો, નકશા, બાળ વાર્તાઓની ચોપડીઓ વગેરે પૂરતા પ્રમાણમાં હોવા જોઈએ. જેથી ચિત્રો દ્વારા બાળકોને સમજાવી શકાય. કેટલીક શાળાઓમાં જે નકશાઓ કે ચાર્ટ જોવામાં આવે છે તે તદ્દન જરજરીત હાલતમાં હોય છે. વિજ્ઞાનના સાધનો પણ અપૂરતા પ્રમાણમાં જોવામાં આવે છે. રાષ્ટ્રીય નેતા કે શિક્ષણ શાસ્ત્રીઓના ફોટોગ્રાફ ક્યાંક ઓફીસમાં જોવા મળે. આમ અપૂરતા શૈક્ષણિક સાધનો હોવાના કારણે બાળકને સમજાવી શકાય નહી. તો દરેક પ્રાથમિક શાળામાં શૈક્ષણિક સાધનો પૂરતા પ્રમાણમાં હોવા જોઈએ.

શાળા એક મંદિર, સરસ્વતીના ધામ ગણાતા શાળાના ઓરડાઓ અપૂરતા, છત ઉપરથી ચોમાસામાં પાણી પડતુ હોય, તળીએ ખાડા પડી ગયા હોય, કંપાઉન્ડ વોલ ન હોય, જાજરૂ, મુતરડી, નહોય, પીવાના પાણીની વ્યવસ્થા ન હોય. આ અપૂરતા સગવડના કારણે સ્થાનિક બાળકોને ખાસ અગવડ પડતી હોય તે જોઈ શકાય નહી. કારણ કે તેઓ તે વાતાવરણથી અપૂરતી સગવડથી ટેવાયેલા હોય છે. પણ જ્યાં કેળવણી અપાતી હોય, શિક્ષણ વધારવું હોય, શિક્ષણ પ્રત્યે આકર્ષણ વધારવું હોય તો શૈક્ષણિક વાતાવરણ ઉભુ કરવું જોઈએ.

(૮) લોક જાગૃતિના કાર્યક્રમો :

શિક્ષણ પ્રત્યે રૂચી વધે તે માટે વારંવાર વાલી સંપર્ક, શેરી નાટક, સંસ્કૃતિક કાર્યક્રમ, રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી વેળાએ વાલીઓને સહભાગી બનાવવા જોઈએ. હોંશિયાર બાળકોને વાલીની હાજરીમાં પ્રોત્સાહન ઈનામ, બાળકોની આવડતના નમુના વિસ્તારને અનુરૂપ કાર્યક્રમો આપી શકાય. વાલીમાં જાગૃતિ વધશે અને બાળકમાં રૂચી

વધશે તો તે અવશ્ય શાળાએ હાજરી આપશે. વ્યક્તિગત વાલી અને વિદ્યાર્થી સંપર્ક વધારવા જોઈએ જેથી બાળક કેમ નથી આવતો તેથી જાણકારી મળી રહે. ઘણા કિસ્સામાં બાળક બીમાર હોય, થોડા દિવસ ગેરહાજર થ રહે, પોતાના ફળિયાના છોકરા જતા બંધ થાય. કપડાં સારાં નહોય, કોઈ વહેમ આવી જાય, કંઈ અકસ્માત બને ત્યારે બાળકો નિશાળે આવતા અટકી જાય છે તેવા સંજોગોમાં ખાસ વાલી સંપર્ક કરી તેની મુશ્કેલીના નિવારણ માટે મદદ કરી શકાય, અને માર્ગદર્શન આપી શકાય. વર્ગશાળામાંથી કેન્દ્રશાળામાં બાળક ન આવે તો કેમ નથી આવતું તેની તપાસ કરી તેને યોગ્ય માર્ગદર્શન આપી શકાય. આ કામ કોણ કરે એ સવાલ આવી ઊભો રહે. કારણ કે શિક્ષકો ૧૧ થી ૫ સુધી જ સેવા આપે છે તે પણ સ્કૂલના પટાગણમાં. વળી મોટાભાગના અપડાઉન કરતા હોય છે. તેઓ વાલી સંપર્ક કે વિદ્યાર્થી સંપર્ક માટે સમય ફાળવી શકે નહી તેવા સંજોગોમાં કે જ્યાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ વધારે છે. ઊંડાણના આદિવાસી વિસ્તારો છે. તેવી સ્કૂલો માટે એક અલગ જગ્યા ઊભી કરવી જે સ્થાનિક કે તે વિસ્તારની વ્યક્તિ હોવી જોઈએ. જે ફક્ત દાખલ થયેલ બાળકો કેમ નથી. નિશાળે આવતા ક્યા કારણ સર અભ્યાસ છોડવા માગે છે કે કેવા અનિવાર્ય કારણો છે જેથી તે અભ્યાસ કરવા માગતા નથી. તેમને સમજાવી યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ. સ્થાનિક પંચાયતમાં કેળવણી વિભાગ સમિતિ હોય છે. અસરકાર તરફથી કેળવણી નિરિક્ષક હોય છે પણ તે વહીવટ સિવાય બીજા કામો કરતા હોય તેવું જોવા મળતું નથી. તો આવા વિસ્તારો પુરતી અલગ વ્યવસ્થા ઊભી કરી શકાય.

(૯) <u>બંધન મુક્ત શિક્ષણ વ્યવસ્થા</u> :

બંધન મુક્ત શિક્ષણનો ખ્યાલ એટલા માટે આવે છે કે આદિવાસી સમાજની જે અર્થવ્યવસ્થા છે તે જોતાં તેને સમયના બંધનમાં બાંધવામાં આવે તો તેમાં મોટી સફળતા મળી નથી. વળી એકવાર શાળા છુટે પછી ફરીવાર તે બાળક કે વાલી શાળાની સામે જોતો પણ નથી. આવી સ્થિતિમાં જો બંધન મુક્ત એટલે કે ઇચ્છે ત્યારે ભણી શકે. વર્ષમાં તેનો કેટલોક સમય બગડયો હોય તો પણ તે બીજા વર્ષે કે તે વર્ષે પણ શાળામાં ભણી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ.

વાલી બહારગામ જાય કે બીજે મજુરી માટે જાય, બાળક કોઈ કામમાં રોકાય, બીમાર પડે, કુટુંબના કોઈ સભ્યનું આકસ્મિક મૃત્યુ થાય તેવા સંજોગોમાં તે ભણવાનું જ છોડી દેતો હોય છે. તેના બદલે તે ઈચ્છે ત્યારે ભણી શકે તેવી વ્યવસ્થા વિચારી શકાય. આ માટે તેને કોઈ રોકટોક ન હોવી જોઈએ. હાજરીનું મહત્વ ન જોતાં તેની પ્રગતિને મહત્વ આપવું જોઈએ. ઘણીવાર બાળક ભણી શકે તેવું હોય પણ પરિસ્થિતિ વશ તે અભ્યાસ છોડતો હોય છે. આવા સમયે તે ઈચ્છે તે સમયે ભણી શકે તેવી વ્યવસ્થા ગોઠવી શકાય, આ માટે ફક્ત નિષ્ઠાવાન સ્થાનિક અથવા સ્થાઈ રહી શકે તેવા ગુરુઓ જ આ કાર્ય કરી શકે. આમ થશે તો વાલી અને બાળક બન્નેને વિશ્વાસ બેસે અને અભ્યાસમાં રસ લે તો કરી શકાશે.

## (૧૦) સરકારી લાભ અટકાવવાની વાત :

તાજેતરમાં મુખ્ય મંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા અને શિક્ષણ સુધારા માટે શિક્ષણ વિશેનું જાહેર આમંત્રણ આપી શિક્ષણ વધારવા અને સુધાર-વાની જાહેરાત કરી તે ખૂબ આનંદદાયક અને આવકાર્ય વાત છે. પણ આદિવાસી વિસ્તારમાં સરકારી લાભ અટકાવવામાં આવશે તો તેને જ વધારે નુકશાન થશે કે જેમાં શિક્ષણ ઓછું છે, કારણ કે તેઓ ઊંડાણ અને અપૂરતી વ્યવસ્થાવાળા વિસ્તારમાં રહે છે, વળી શિક્ષણ ઓછું છે. [illegible] જાગૃતિ ઓછી છે. જીવન જીવવા માટે સંઘર્ષ કરવો પડે છે. પોતાની અર્થવ્યવસ્થા પોતાના વિસ્તારની અનુરૂપ ચાલી આવે છે. તેમને સરકારી લાભ મળે કે ન મળે તેનાથી મોટો ફરક પડવાનો નથી. અનાજ પણ ઉઠાવાનો નથી ત્યારે તે વધારે ને વધારે અશિક્ષિત થતો રહેશે. આજે પણ સરકારી રાહત તેને પૂરતા પ્રમાણમાં મળતી નથી. એમાં તેનું રેશનિંગ કાર્ડ રદ કરવામાં આવે તો પણ શિક્ષણમાં વધારો કરી શકાશે નહી પણ તેને જે રાહતદરે અનાજ મળતું હશે તે પણ બંધ થશે માટે વિસ્તારને અનુરૂપ વ્યવસ્થા ગોઠવી જોઈએ.